# ડાંગના આદિવાસીઓમાં રોજગારી, આવક અને ખર્ચના સ્વરૂપનો અભ્યાસ :

અહેવાલ લેખન :
ચંદ્રકાન્ત એસ. પટેલ

સંકલન :
ડૉ. સિદ્ધરાજભાઈ સોલંકી

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪
૧૯૯૯–૨૦૦૦

૩૫૩

# ડાંગના આદિવાસીઓમાં રોજગારી, આવક અને ખર્ચના સ્વરૂપનો અભ્યાસ:

અહેવાલ લેખન :

ચંદ્રકાન્ત એસ. પટેલ

સંકલન

ડૉ. સિધ્ધરાજભાઈ સોલંકી

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

૧૯૯૯ - ૨૦૦૦

# અ નુ ક્ર મ ણિ કા


| પ્રકરણ | વિગત | પાન નંબર |
|---|---|---|
| ૧. | પ્રાસ્તાવિક | ૧થી૨ |
| ૨. | માળખાગત અભ્યાસના ઉદ્દેશો, કાર્યક્ષેત્ર અને અભ્યાસ પ્રવિધિઓ | ૩થી૬ |
| ૩. | ઐતિહાસિક ભૌગોલિક પૃષ્ઠભૂમિ વસ્તી-વિસ્તાર પરિચય ( ડાંગનું જંગલ-ડાંગની વસતિ આંકડાકીય અને તેની વસવાટી જાતિઓ ) | ૭થી૨૦ |
| ૪. | ડાંગના લોકોનું ભૌતિક સાંસ્કૃતિક જીવન | ૨૧થી૩૦ |
| ૫. | ડાંગી જાતિઓ : જીવન ચક્ર (રીતરિવાજો) | ૩૧થી૭૫ |
| ૬. | આર્થિક જીવન વ્યવસ્થા : (આવકના સ્રોતો: (વ્યવસાયો) રોજગારીય આવક, ખર્ચ ) | ૭૬થી૯૪ |
| ૭. | સારાંશ, સમસ્યાઓ, સુઝાવો | ૯૫થી૧૧૯ |

# પ્રકરણ - ૧

## પ્રસ્તાવના

ભારતની વસતિના કેટલાક જૂથો આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને રાજકીય કારણોસર પાછળ છે. આઝાદી મળ્યા બાદ આવાં જૂથોની પ્રગતિ ઝડપી બનાવી શકાય તે માટે બંધારણમાં ખાસ જોગવાઈ કરવામાં આવી છે. આમાંના એક વર્ગને બંધારણમાં અનુસૂચિત આદિજાતિઓ (શીડ્યુલ ટ્રાઈબ્સ) તરીકે ઓળખવામાં આવે છે અનુસૂચિત આદિજાતિઓમાં 'આદિવાસી' તરીકે ઓળખાતી બધી જાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

૧૯૬૧ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતની કુલ વસતિના ૮.૦૮ ટકા અનુસૂચિત જનજાતિની વસ્તી છે. જ્યારે ગુજરાતની કુલ વસતિના ૧૪.૬૨ ટકા અનુસૂચિત જનજાતિ વસતિ છે. ભારતમાં આદિવાસીઓની વસતિમાં ગુજરાતનો નંબર પાંચમો છે

### ભૌગોલિક દ્રષ્ટિએ રાજ્યમાં આદિવાસી વસતિ :

ગુજરાતમાં આદિવાસીઓની વસતિ મુખ્યત્વે આઠ જિલ્લાઓમાં આવેલી છે. દાંતા તાલુકામાં પથરાયેલી ડુંગરોની હારમાળાથી શરૂ થઈ પોશીના ખેડબ્રહ્મા અને વિજયનગર તરફ વળીને દક્ષિણ તરફ નીચે ઉતરી પંચમહાલની ઉત્તર અને પૂર્વ સીમાને આવરી લઈને દક્ષિણે આવેલ નાનાશ્ર વિભાગમાંથી પસાર થઈ સુરત જિલ્લાના માંડવી તાલુકાથી આગળ વધી વાંસદા, ધરમપુર અને ડાંગ સુધી પોહંચતી પટ્ટીનો ડુંગરાળ અને જંગલવાળો પ્રદેશ ગુજરાતના આદિવાસીઓનું મુખ્ય રહેઠાણ છે. આ પ્રદેશો ઉત્તરમાં અરવલ્લીની પર્વતમાળામાં પૂર્વમાં સાતપૂડા અને વિન્ધ્યાચળની પર્વતમાળામાં અને દક્ષિણમાં સહ્યાદ્રિની પર્વતમાળામાં આવેલા છે. આખો વિસ્તાર વીસ હજાર ચોરસ માઈલનો છે. અહીંયાં આદિવાસીઓની મુખ્યત્વે વસતિ છે. રાજ્યમાં તેમની મુખ્યત્વે વસતિ દક્ષિણ ગુજરાતમાં અને પંચમહાલ જિલ્લામાં આવેલી છે. ડાંગ જિલ્લો સંપૂર્ણ આદિવાસી વસતિવાળો જિલ્લો કહી શકાય કારણે ત્યાં ૯૦ ટકા આદિવાસી વસતિ છે.

ગુજરાતની પૂર્વપટ્ટીના ડુંગરાળ જંગલો, ખીણોમાં મહદઅંશે વસતિ આ બધી આદિવાસી જાતિઓની પોતાની આગવી અને વિશિષ્ઠ સંસ્કૃતિ છે. આદિવાસી સમાજોમાં ગરીબી એટલા નીચા સ્તર સુધી જોવા મળે છે કે તેના સભ્યો દિવસોના દિવસ સુધી બે ટંકનું ભોજન પ્રાપ્ત કરી શકતા નથી. આ આદિવાસી સમાજો માટે અલગ બંધારણીય જોગવાઈ કરી તેમને ગરીબાઈના સ્તરમાંથી ઉંચે લાવવાના પ્રયત્નો વિવિધ વિકાસ યોજનાઓ દ્વારા કરવામાં આવી રહ્યા છે. આદિવાસીઓમા ઘણાં જૂથોમાં જાગૃત (શૈક્ષણિક, રાજકીય) આવી હોવાથી તેમને માટે ઘડાયેલી વિકાસ યોજનાઓના સારા લાભ લીધા છે. જે જૂથોમાં જાગ્રતતા નથી, જેઓ ઉંડાણના જંગલ, ખીણ, પર્વતીય વિસ્તારમાં વસે છે. તેઓ સુધી આ લાભો પહોંચ્યા નથી. તેઓ આજે પણ નીમ્નકક્ષાનું જીવન વ્યતિતં કરે છે. તેથી આદિવાસી સમાજોમાં પણ અંતર અંદરોઅંદર વધતુ જાય છે. એટલે પરિસ્થિતિ ખૂબજ ગંભીર બનતી જાય છે.

આ ઉપરાંત આઝાદી પછીના ગ્રામ વિકાસ કાર્યક્રમની ચર્ચામાં નોંધાયું છે કે પહેલી ત્રણ પંચવર્ષીય યોજનામાં થયેલ કામગીરીથી જેમને માટે આ કાર્યક્રમો હતા તે ગરીબોની ગરીબી નોંધપાત્ર રીતે દૂર કરી શકયા નથી. તે પછી પણ બીજી પાંચ જેટલી પંચવર્ષીય યોજનાઓ થવા છતાં તેમાં ગણતાં પાત્ર સુધારો થયો નથી. વિકાસ યોજનાઓના લાભો આ વર્ગ સુધી પહોંચી શકયા નથી કે આ વિસ્તારો સુધી પહોંચી શકયા નથી. અને પહોંચ્યા હોવા છતાં આ આદિવાસી વિસ્તારોમાં હજુ જરૂરી વિકાસ સાધી શકાયો નથી, તેમને ગરીબીની રેખા નીચેથી ઉપર લાવવા માટે સઘન પ્રયત્નો માટે અલગ વિકાસ યોજના હોવા છતાં વિસ્તારો અને એ આદિવાસી સમૂદાયો હજુ નીમ્ન કક્ષાનું જીવન વ્યતિત કરે છે. તેવા એક વિસ્તારનો ડાંગનો અભ્યાસ અહીં રજૂ કર્યો છે. ''ડાંગના આદિવાસીઓમાં રોજગારી, આવક અને ખર્ચનું માળખું'' તેનો આ માળખાગત અભ્યાસ.

## પ્ર ક ર ણ - ૨

### માળખાગત અભ્યાસના ઉદ્દેશો :

ડાંગ જિલ્લાનો આર્થિક રીતે અભ્યાસ કરવો, આ જિલ્લો સૌથી પછાત અને અણવિકસિત છે. તેથી આ જિલ્લાને આર્થિક રીતે પછાત રાખનારાં તથા વિકાસને આડે આવનારા કયા આંતરિક-બાહ્ય પરિબળો છે. આ જિલ્લામાં રોજગારી માટેની કઈ કઈ શકયતાઓ છે અને કઈ ઉભી કરી શકાય તેમ છે. આખા વિસ્તારમાં આવક માટેના બીજા કયા કયા સ્ત્રોતો છે, કયા ઉભા કરી શકાય તેમ છે. ડાંગી કુટુંબોની સરાસરી આવકમાં કયા કયા વ્યવસાયોનો (સ્ત્રોતો) મુખ્ય ફાળો છે.

ડાંગ જિલ્લો ૯૫ ટકા આદિવાસી વસતિ ધરાવતો ગુજરાતમાં એક માત્ર વિસ્તાર છે. ગુજરાત રાજ્યના બીજા વિસ્તારો કરતાં અલગ જ ભૌગોલિક રચના ધરાવતો હોઈ રાજ્યના અન્ય વિસ્તારો કરતાં વિકાસના કાર્યક્રમોના લાભોથી અનેકવિધ પાસાઓમાં પાછળ રહી જવા પામ્યો છે. ડાંગના સમગ્ર આદિવાસી વિસ્તારોમાં જીવન નિર્વાહ પરંપરાગત વ્યવસાયો આધારિત તો જોવા મળે છે. પણ સાથે સાથે પરંપરાગત સાધનો, ધાર્મિક માન્યતાઓ, રૂઢિઓ પણ તેમાં ભાગ ભજવે છે. એ કેવા પ્રકારની ભૌગોલિક પરિસ્થિતિ અને કેવા પ્રકારના પરંપરાગત વ્યવસાયો, સાધનો તેમનામાં છે?

આ વિસ્તારના ઉંડાણના જંગલ, ખીણ, પર્વતીય અવિકારીત વિસ્તારમાં પરાપૂર્વથી વસતી ભીલ, કુકણા, વારલી અને બીજી ઓછી વસતી ધરાવતી જાતિઓ ખેતી, ખેતમજૂરી, જંગલ આધારિત વ્યવસાયો અને પશુપાલન કરીને પોતાનું અત્યંત સરળ રીતે ભાતથી પોતાનો જીવન નિર્વાહ ગોઠવે છે, તેમાં વ્યવસાયોની રોજગારી, આવક અને ખર્ચના માળખાનું કેવું સરળકરણ હતું તેમાં ઉચા પરિબળોએ નવી યોજનાઓ આવ્યા પછી ભાગ ભજવ્યો છે..

### હેતુઓ અને મહત્વ :

૧. ડાંગ વિસ્તારના પસંદ કરાયેલ ગામોના કુટુંબોની સામાન્ય કૌટુંબિક માહિતી, આર્થિક (રોજગારી-આવક, ખર્ચ, દેવું) વ્યવસાયિક માહિતી મેળવવી. તેમના આ માળખાને જાણવું.

૨. સમગ્ર વિસ્તાર પ્રાયોજના વિસ્તારના માળખામાં સમાવેલા હોવા છતાં હજુ સુધી વિસ્તાર અને લોકોને વિકાસના જોઇએ તેટલા ફાયદા કેમ થયા નથી. તેઓ હજુ પરંપરાગત રીતે જીવન વિતાવે છે. તેમનામાં જોવા મળતી ગરીબી રેખાથી તેઓ કેમ ઉપર આવ્યા નથી.

૩. સરકારના અને જંગલ ખાતાના વિસ્તારના લોકો માટેના વિકાસ કાર્યક્રમોમાં કોઇ મુશ્કેલીઓ કે ખામીઓ જણાતી હોય તો તે અંગેની માહિતી મેળવવી.

૪. સમગ્ર વિસ્તાર ભરપૂર કુદરતી સમૃધ્ધિથી ભરેલો હોવા છતાં વિસ્તારના લોકોને કયા કારણોસર રોજગારી માટે અન્યત્ર જવું પડે છે ?

(૧) આવા કુદરતી સમૃધ્ધિ અને સૌંદર્યથી ભરપૂર પરંતુ પછાત અને અવિકસીત વિસ્તારના લોકોના અભ્યાસથી તેમના વિકાસની ગતિનો ખ્યાલ આવશે.

(૨) અભ્યાસથી સમગ્ર વિસ્તારના રોજગારી માટેના ઉપાયો અને બીજા ઉપાયોના હેતુ માટે માર્ગદર્શન સૂચનો મળશે.

(૩) આવા સંશોધન અભ્યાસથી તેમના વિકાસને અવરોધનારા પરિબળોને જાણી શકાશે.

(૪) સંશોધન અભ્યાસથી આયોજિત વિકાસ યોજનાઓ, જંગલખાતાની યોજનાઓમાં રહેલો વિકાસની દિશા તેમજ તેમાં રહેલી ખામીઓ ત્રુટિઓ થોડે અંશે ખ્યાલ આવશે. ઉપરાંત સમસ્યાઓની આછી રૂપરેખા મળી રહેશે.

(૫) ડાંગ વિસ્તારના અભ્યાસથી આવા ખૂબ ઉંડાણ જંગલ વિસ્તારની સ્થિતિનો થોડો ઘણો ખ્યાલ આવશે. વિસ્તાર અને લોકોના વિકાસ અંગે કંઇ માર્ગદર્શન મળશે. અને વિસ્તારના ભાવિ અંગેનું આયોજન કરતી વખતે તે ખૂબજ ઉપયોગી બની રહેશે.

(૬) આવા માળખાગત અભ્યાસથી આયોજિત યોજનાઓના કાર્યક્રમોના ઘડતર અને અમલમાં સુધારા વધારા કરવા માટે તારણો મળી રહેશે.

(૭) અભ્યાસના આધારે તેમનામાંથી જાણવા અને જોવા મળેલા તારણો ઉપરથી સુઝાવો રજુ કરવામાં સરળતા રહેશે.

## સંશોધન પ્રવિધિઓ :

(૧) પ્રસ્તુત અભ્યાસની પ્રાથમિક માહિતી ક્ષેત્રકાર્ય દ્વારા એકત્રિત કરવામાં આવી હતી. ક્ષેત્રકાર્ય દરમ્યાન નમુનાના કુટુંબોની વ્યક્તિગત મુલાકાત લઈ તૈયાર કરાયેલી મુલાકાત માર્ગદર્શિકાનો ઉપયોગ કરીને પસંદ કરેલા ચારે ગામના કુટુંબોની વિગતો મેળવવામાં આવી હતી. જેમાં (કુટુંબની સામાન્ય માહિતી, આવક, ખર્ચ, દેવા વિષયક માહિતી ઉપરાંત તેમની વ્યવસાયિક વિગતો મેળવાઈ હતી.)

(૨) અભ્યાસમાં કેટલાકનો વ્યક્તિગત સંપર્ક કરી તેમની રહેણી-કરણી, વ્યવસાય, ખર્ચ, દેવા અને બીજી તેમની સમસ્યાઓની વિગતો મેળવાઈ હતી.

(૩) અહેવાલ અભ્યાસ માટે જરૂરી ડાંગ વિસ્તારની અને લોકોની વિગતો કેટલીક ગ્રંથાલય આધારે અને બીજી સહાયક પુસ્તકોથી મેળવવામાં આવી હતી.

(૪) કેટલીક વિગતો સભાગી અને અસભાગી નિરીક્ષણના આધારે મેળવવામાં આવી હતી.

## કાર્યક્ષેત્ર અને નમૂના પસંદગી :

રોજગારી, આવક અને ખર્ચના સ્વરૂપના માળખાના અભ્યાસ માટે લગભગ સંપૂર્ણ કહી શકાય એવા આદિવાસી વિસ્તારના ડાંગ જિલ્લાના ચારેક જેટલા ગામો (બરડીપાડા, સાજુપાડા, બોરખેત અને ચીંચીના ગાવઠા) અને તેમાંથી નમૂનાના કુટુંબોની પસંદગી કરવામાં આવી હતી. ડાંગ (આહવા) જિલ્લામાં વસતી આદિવાસી જાતિઓના કુટુંબોનો સંપર્ક કરી તેમની પાસેથી માહિતી પ્રાપ્ત કરી હતી. ચાર ગામોના કુલ ૮૦ જેટલા કુટુંબોને આ માળખાગત અભ્યાસમાં આવરી લેવામાં આવ્યા હતા.

ગુજરાતમાં જ્યાં આદિવાસીઓની વસતિ ૯૩.૯૬ ટકા છે. એવા ભરપુર આદિવાસી વસ્તી ધરાવતા ડાંગ જિલ્લામાં ક્ષેત્રકાર્ય કરવામાં આવ્યુ હતુ આમાં કોઈ એક જાતિ કે સમૂહનો અભ્યાસ ન કરતાં ડાંગના કેટલાક આદિવાસી જાતિના કુટુંબોને

લઈને પ્રશ્નાવલી દ્વારા અને કેટલીક માહિતી મૌખિક રીતે મેળવીને કરાયો છે.

ક્ષેત્રકાર્ય દરમ્યાન ડાંગના આદિવાસી સમુદાયોમાંથી ખૂબજ સહકાર સાંપડ્યો હતો. તેઓએ નિખાલસતાથી માહિતી પૂરી પાડી હતી. એટલે આદિવાસી ગામોના લોકોનો આભાર માનું એટલો ઓછો છે. કેન્દ્રના નિયામકશ્રી ડૉ. સિધ્ધરાજભાઈ સોલંકીએ આ અભ્યાસમાં ઊંડો રસ લઈને માર્ગદર્શન આપવા બદલ તેમનો આભાર માનું છું. ઉપરાંત પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે મને મારા સહકાર્યકરોએ મદદ કરી એમાં શ્રી કાન્તિલાલ મકવાણા, શ્રી રવિન્દ્રભાઈ પંચોલી, શ્રી દિલીપભાઈ પરમારનો આભાર માનું છું.

મને આશા છે કે આ અહેવાલ સમાજ માનવશાસ્ત્રીઓ, સંશોધકો અને વહીવટી કર્તાને એક યા બીજી રીતે ઉપયોગી ~~બને છે~~. નીવડશે.

# પ્ર ક ર ણ - ૩

## વસ્તી, વિસ્તાર અને ઐતિહાસિક ભૌગોલિક પ્રષ્ઠભૂમિ :

ડાંગ જિલ્લો એ ગુજરાત, મહારાષ્ટ્રની અનુક્રમે દક્ષિણ - ઉતર સીમા પર આવેલો છે. ૧૭૬૪ ચો.કિ.મી.નો વિસ્તાર ધરાવતો એક તાલુકાનો (આહવા) બનેલો, ગુજરાત રાજ્યનો સૌથી નાનામાં નાનો આ જિલ્લો છે. ૧૯૯૧ની વસ્તી ગણતરી પ્રમાણે જિલ્લાની કુલ વસ્તી ૧,૪૪,૦૯૧ છે. જિલ્લામાં ૩૦૯ ગામો અને બે નાના ગ્રામ્ય કક્ષાના શહેરો (૧) આહવા જે જિલ્લાનું મથક છે અને (૨) વઘઈ છે. જિલ્લામાં ૭૦ ટકા થી પણ ગામડાઓ ૫૦૦થી ઓછી વસ્તી ધરાવે છે. જિલ્લાની કુલ વસ્તીમાં ૯૪ ટકા જેટલી આદિવાસીઓની છે. બિન આદિવાસી-ઓની વસ્તી માત્ર વેપાર કે નોકરીને કારણે વસેલી જોવા મળે છે. જિલ્લામાં કુલ અઢાર જુદી જુદી આદિવાસી જાતિઓ વસે છે. આમાં કુનબી, કોકણા (૫૧.૦૧ ટકા) ભીલ (૨૫.૮૨ ટકા) અને વારલી (૧૪.૭૨ ટકા)ની સંખ્યા છે. બીજી સાથે વસતિ આદિવાસી જાતિઓમાં આ ત્રણ જાતિની વસ્તી ૯૦ ટકા જેટલી છે. જિલ્લામાં વસતિ અન્ય આદિવાસી જાતિઓમાં ગામીત, ધોડિયા, કાથોડી, કોટવાળિયા, નાયકા, દૂબળા, ચૌધરી, ઢોર કોળી અને પારધી છે. જેમની વસ્તી ઘણી ઓછી છે.

ગુજરાત રાજ્યના દક્ષિણ છેડે ૧૭૭૮ ચો.કિ.મી.નો વિસ્તાર ધરાવતો આ નાનકડો ડાંગ જિલ્લો સહ્યાદ્રિ પર્વતની ઉતર છેડે આવેલી હારમાળાના પશ્ચિમ ઢોળાવ પર આવેલો છે. ડાંગ જિલ્લો એક ગીચ જંગલ વિસ્તાર છે. અને સઘન આદિવાસી વસ્તી ધરાવતો પ્રદેશ છે.

જિલ્લાનો કુલ વિસ્તાર ૨૦' ૩૩' ૪૦' ઉતર અક્ષાંશ અને ૭૩' ૫૬' ૩૬' પૂર્વ રેખાંશ વૃતોમાં રૂપાયેલો છે.

ડાંગ જિલ્લાની ઉતરે સુરત જિલ્લાના વ્યારા અને સોનગઢ તાલુકા તથા મહારાષ્ટ્રનો નવાપુર તાલુકો છે પૂર્વમાં ધૂલિયા જિલ્લાનો સાકરા તથા નાશિક જિલ્લાના બાગલાણ અને કલવણ તાલુકાઓ દક્ષિણે સુરગણા મહોલ છે પશ્ચિમ દિશામાં વલસાડ જિલ્લાનો વાંસદા તાલુકો આવેલો છે.

સમગ્ર જિલ્લાનો એક ડુંગરાળ પ્રદેશ છે. સમુદ્ર સપાટીથી ઘણી જગ્યાઓ પર ૧૦૫ મીટરથી ૧૩૧૭ મીટર સુધીની ઊંચાઈવાળી જોવા મળે છે. ટેકરીઓ અને ખીણો દર્શાવતો પડમાં પડ દર્શાવતો કુદરતે જ્યાં છૂટેહાથે મોહક સૌંદર્ય વેર્યું છે એવો આ નાના રમ્ય પ્રદેશ ખરેખર નિસર્ગનો એક અમિતમ મહામૂલી ભેટ છે.

હજારો વરસોના ઈતિહાસની વાતો કરવા અગ્નિજન્ય લાવા ખડકો પ્રદેશની ભૂરચનામાં મહત્વનો ભાગ ભજવે છે. સપાટી ઉપરની લાલ અને કાળી માટી નિસર્ગે વેરેલી પર્વતરાજની રંગોળીમાં રંગ પૂરે છે. ખાસ કરીને પશ્ચિમ ભાગમાં કાળી માટી ઉંડાણ સુધી નજરે પડે છે.

કસની દ્રષ્ટિએ આ પ્રદેશની જમીન ઘણી જ ઉતરતી કક્ષાની ગણાય છે. અહીં જમીનમાં આમ્લનું પ્રમાણ વધારે હોવાથી વરસાદ પછી જમીન અતિ કઠણ થાય છે. બહુ ઓછી જગ્યા પર રેતી મિશ્રિત જમીન જોવા મળે છે. ધોવાણને કારણે નદીઓના કોઠા પર'ચીથા કોપ' આપણું ધ્યાન ખેંચે છે.

પૂર્ણા, અંબિકા, ખાપરી અને ગિરા ડાંગ પ્રદેશની મુખ્ય નદીઓ છે. તેનાથી આ સંપૂર્ણ વિસ્તાર ચાર વિભાગોમાં વહેંચાયેલો છે. નદીઓ પશ્ચિમવાહીની છે. ભારે વરસાદના પાણીના જોરદાર પ્રવાહથી નદીઓમાં ઘણી જગ્યાએ ઉંડા કોતરો નિર્માણ થયા છે. જેથી એક ભાગમાંથી બીજા ભાગમાં જવું ઘણું મુશ્કેલ ભર્યું બન્યું છે.

ખાપરી નદી ડાંગના બે સરખા ભાગ કરી ડુંગરડા નજીક અંબિકાને મળે છે. અંબિકા નદી સાપુતારાની પર્વતહારોની તળેટીમાં તથા પૂર્ણા, ચીંચલી નજીકની ખીણોમાં તથા નવસારી નજીક અરબી સમુદ્રને મળે છે. આ નદીઓ જુલાઈની મધ્યમાં પુરથી છલકાતી હોય છે. જ્યારે માર્ચથી જૂન દરમ્યાન પીવા પૂરતુ પાણી પણ આપી શકતી નથી.

<u>આબોહવા - વરસાદ :</u>

ડાંગ જિલ્લાનું હવામાન જાન્યુઆરીથી માર્ચ મહિના સુધીમાં ઘણું જ ખુશનુમાન હોય છે. અને આ સમય દરમ્યાન જિલ્લામાં ફરવા માટેનો સમય સારો ગણી શકાય. જ્યારે માર્ચથી મે માહનામાં વધુ ઉષ્ણતામાન ૩૭-૨૨ સે.ગ્રે. ગરમી પડે છે, ઉનાળામાં ઓછું ને ઓછું ઉષ્ણતામાન ૨૨.૨૨ સેન્ટીગ્રેડ હોય છે. જ્યારે શિયાળામાં નવેમ્બરથી ફેબ્રુઆરી સુધીમાં ઉષ્ણતામાન ૧૫ સેન્ટીગ્રેડથી ઓછું નથી અને ૩૨ સેન્ટીગ્રેડથી વધુ રહેતુ નથી.

સામાન્ય રીતે વરસાદ જૂન થી સપ્ટેમ્બર માસ દરમ્યાન પડે છે. જિલ્લામાં ૬૦" થી ૧૦૦" સરેરાશ વરસાદનું પ્રમાણ રહે છે. સમગ્ર ગુજરાતમાં ડાંગ જિલ્લામાં સૌથી વધુ વરસાદ પડે છે. આ અમુક પ્રકારનો મોટો લેક પ.ર.સેથ તેને કારણે ઉનાળામાં પાણીની અછત રહે છે ઉનાળામાં નાના ઝરણાં અને નદીઓના પાણી સૂકાઈ જાય છે. પાણીની તંગી રહે છે.

**ડાંગનું જંગલ – ડાંગની વસતિ, આંકડાકીય અને તેની વસવાટો જાતિઓ:**

કુદરતે જ્યાં છૂટેહાથે સૌંદર્ય વેર્યું છે એવા નયનરમ્ય વનરાજીથી ઝળકાતાં આંખોને ઠારી દેતા મનભાવના હૃદય ગમ્ય એ પ્રદેશનું નામ છે. 'ડાંગ' ડાંગ એટલે જંગલ, ડાંગ એક સળંગ જંગલ છે. જંગલ ડાંગની એક અમૂલ્ય મૂડી છે. આખાય ગુજરાતમાં ડાંગનું જંગલ સમૃધ્ધ જંગલ ગણાય છે. જિલ્લાના કુલ ૧૭૭૮ ચો.કિ.મી. વિસ્તારમાંથી ૧૬૦૮.૩ ચો.કિ.મી. વિસ્તાર તો જંગલમય છે.

ડાંગના પશ્ચિમ વિસ્તારનો થોડો ભાગ તથા મધ્ય ડાંગ એક અતિગાઢ જંગલ છે. જિલ્લાની પૂર્વપટ્ટી પર માળની જમીન જોવા મળે છે. પૂર્ણા નદી તથા આજુબાજુના વિસ્તારમાં ઉત્કૃષ્ટ પ્રકારના ઈમારતી લાકડાં થાય છે. આજ વિસ્તારમાં ઉત્તમ પ્રકારના કારસ વાંસ (બાબુ) પણ થાય છે. પૂર્ણા નદીનો પાટો ઈમારતી લાકડાઓના જંગલ માટે ખાસ અનુકૂળ છે.

ઈ.સ.૧૮૪૯માં ડાંગના ભીલ રાજાઓ પાસેથી જંગલપટા પર લીધા બાદ પચ્ચીસ વરસ સુધી જંગલનો નાશ થયો છે. એની બ્રિટીશ લોકોને ખબર હોવા આ કાયદાની દ્રષ્ટિએ તેઓ જંગલનું રક્ષણ કરવા અસમર્થ રહ્યા. (અંગ્રેજ શાસકો જંગલની કાળજી તથા માવજત કરવામાં પ્રયત્નશીલ રહ્યા તેમ પછી)

ઈ.સ.૧૮૭૮ સુધી જંગલ કાપીને અહીંના ભીલ રાજાઓ તથા પ્રજા ખેતી કરતા હતા જે પ્રકારની તેઓ ખેતી કરતા હતા. તેને બ્રિટીશ લોકોએ Migratory Cultivtion અથવા Dully Caultivation નામ આપ્યું છે. તે વખતે ડાંગ પ્રજા ખાડા કરીને નાગલી, વરી અને ડાંગરનો પાક લેતી હતી. આ પ્રકારની ખેતી પ્રથાથી અમૂલ્ય એવા ડાંગના જંગલને ઘણું નુકશાન થતું હતું ભીલ લોકોની 'સ્થળાંતરી વૃત્તિ' એનું મુખ્ય કારણ હતું. તત્કાલિન ખેતીની કલ્પના પણ તદન પ્રાથમિક અવસ્થામાં જ હતી. જંગલ સાફ કરીને હળ ફેરવી વાવેતર કરવાની જગ્યા તે તેમને મન 'ખેતર'.

ઈ.સ.૧૮૭૮ પછી બ્રિટીશ સત્તાવાળાઓએ જંગલને ભીલ રાજાઓ તથા પ્રજા નુકશાન જ પહોંચાડે માટે રાજાઓને વધારે પૈસા ચૂકવવાની વ્યવસ્થા કરી અને આ પછી જ ધીમેધીમે અનામત જંગલની કલ્પના આગળ ધપાવી. આમ ડાંગના અમૂલ્ય જંગલને ડાંગી પ્રજાની કુહાડામાંથી તે વખતના શાસકોએ બચાવી લીધું.

ઓગણીસમી સદીના મધ્યસર પછી જંગલ બચાવવા માટે ભલેને સ્વાર્થી હેતુઓ પણ કેમ ન હોય, આ બ્રિટીશ લોકોએ જે પ્રયત્ન કરી યશ મેળવ્યો તે ડાંગની ભાવિપેઢી માટે આશીર્વાદરૂપ બન્યું. નહીંતો આજે આપણને ડાંગના જંગલની હાલત કેવા પ્રકારની જોવા મળતી એ કહી ન શકાય.

ડાંગ ખાસ કરીને સાગી જંગલ માટે જ પ્રસિધ્ધ છે. ડાંગમાં સાગ ઉપરાંત અન્ય ઝાડોમાં સાદડ, શીસમ, હળદર, બહેડા, કલમ, તણછ, પીપળા, ખાખર, મોદળ, બેર, રડોમાળ, કારો, આમળા, મહુડા, વગેરે વિવિધ પ્રકારના વૃક્ષો થાય છે.

આ સુરક્ષિત જંગલોમાં જે લોકો ઈ.સ.૧૯૭૦ સુધી ખેતી કરતા હોય તેઓને ઈ.સ.૧૯૭૦માં ગુજરાત સરકારે માલિકી હક્કો આપેલા છે. સરકારે અત્યારે વધારે જમીન ખેતી માટે આપવાનું બંધ કર્યું છે. ડાંગના જંગલની વાર્ષિક આવક બે થી ત્રણ કરોડ રૂપિયાની છે. ગુજરાત રાજ્યની જંગલ ઉત્પન્ન આવકનો મોટો ભાગ ડાંગના જંગલનો છે.

આજે વિકસિત રાષ્ટ્રોના પ્રદેશોમાં 'માનવ સર્જિત યંત્ર ઉદ્યોગો માનવ પ્રગતિનો પારો ગણાને છે ' તેમ કુદરતે સર્જેલ આ નૈસર્ગિક જંગલને અહીંનું જંગલ આદિવાસીઓ માટે પ્રગતિનું હાર્દ છે. એ એમની જીવન જરૂરિયાતો પૂરી પાડે છે આ જંગલરૂપી ધરા પર જ આદિવાસીઓનું જીવનચક્ર ફરે છે. ખરેખર આ જંગલ જ એમને જીવન બક્ષે, કુદરતના ખોળે ઉછેર સાથે સાથ જંગલ જ તેમના માતા અને પિતા છે.

૧૯૭૧ની વસતિ ગણતરી પ્રમાણે ડાંગ જિલ્લાની વસતિની ગીચતા દર ચો.કિ.મી.દીઠ ૫૬ ગુજરાતની વસતિની ગીચતા દર ચો.કિ.મી.દીઠ ૧૩૬ અને ભારતની વસતિની ગીચતા દર ચો.કિ.મી. દીઠ ૧૭૮નો હતો. જે ૧૯૮૫ની વસતિ ગણતરી પ્રમાણે વીસ્તની ગીચતા

૯૨ ચો.કિ.મી. દીઠ અનુક્રમે ડાંગ ૬૭ ગુજરાતનો ૧૭૩ અને ભારતનો ૨૨૧નો હતો. જ્યારે ૧૯૯૧ની વસતિ ગણતરી પ્રમાણે વસતિની ગીચતા
૯૨ ચો.કિ.મીટર દીઠ અનુક્રમે ડાંગ-૯૨ ગુજરાતનો —
ની ૨૨૧ અને ભારતનો ૨૭૪નો હતો.

ડાંગ જિલ્લાનો ૧૯૭૧નો કુલ વસ્તી ૯૪,૧૮૫ની હતી. જેમાં આદિવાસીઓની વસતિ ૮૮,૦૨૮નો એટલે કે ૯૩.૪૬ ટકા હતી. જે ૧૯૮૧ની ગણતરી પ્રમાણે કુલ વસતિ ૧,૧૩,૯૬૬નો હતી તેમાં આદિવાસીઓની વસતિ ૧૦૪૯૭૭ની એટલે કે ૯૨.૦૯ ટકાની હતી. આ વસતિ ૧૯૯૧ની ગણતરી પ્રમાણે ડાંગમાં કુલ વસતિ ૧,૪૪,૦૯૧ની હતી જેમાં આદિવાસીઓની વસતિ ૧,૩૫,૧૮૬ની એટલે કે ૯૩.૯૬ ટકાની થવા પામી હતી.

ડાંગ એ એક એવો જિલ્લો છે કે જે ગુજરાતના બીજા જિલ્લાઓ કરતાં પણ પ્રમાણમાં વધુમાં વધુ આદિવાસી વસતિ ધરાવે છે.

ડાંગના ૧૯૭૧, ૧૯૮૧ અને ૧૯૯૧માં કુલ વસતિમાં આદિવાસી વસતિ જોઈ જેમાં આદિવાસીઓની વસતિમાં ૯૦ ટકાથી ઉપર જ વસતિ જોઈ શકાય છે. ડાંગમાં ૧૯૬૧, ૧૯૭૧ અને ૧૯૮૧ની વસતિ ગણતરી પ્રમાણે જિલ્લાની જાતિવાર વસતિમાં નોંધાયેલા ફેરફારો કોઠા નં.૩.૧ માં દર્શાવ્યા પ્રમાણે જોવા મળ્યા હતા. જેમાં કેટલીક જાતિઓમાં વધારો અને કેટલીક જાતિઓમાં ઘટાડો નોંધાયેલો જોવા મળ્યો હતો.

જાતિવાર વસતિ - ડાંગ          કોઠા નં.૩.૧

| ક્રમ | જાતિ | વર્ષ ૧૯૬૧ | વર્ષ ૧૯૭૧ | વર્ષ ૧૯૮૧ | વર્ષ ૧૯૮૧ ટકા |
|---|---|---|---|---|---|
| ૧. | ભીલ | ૨૩૭૦૧ | ૨૮૪૭૫ | ૨૭૦૭૧ | ૨૫.૮૧ |
| ૨. | કોકણા-કૂકણી | ૨૮૫૭૬ | ૩૯૮૭૬ | ૫૩૪૮૬ | ૫૧.૦૧ |
| ૩. | દૂબળા | ૧૩૪ | ૧૫૩ | ૧૭૯ | ૦.૧૭ |
| ૪. | ધોડિયા | ૫૮૩ | ૧૩૮૬ | ૧૯૮૦ | ૧.૮૮ |
| ૫. | ગામીત | ૨૬૭૪ | ૩૬૯૨ | ૪૭૮૦ | ૪.૫૫ |
| ૬. | નાયક-નાયકડા | ૧૧૭ | ૪૧૪ | ૩૩૧ | ૦.૩૨ |
| ૭. | ચૌધરો-ચૌધરા | ૧૪૫ | ૧૦૧ | ૩૪ | ૦.૦૩ |
| ૮. | વારલી | ૯૬૬૪ | ૧૨૬૮૮ | ૧૫૪૩૪ | ૧૪.૭૧ |
| ૯. | કોલઘા-ઢોરકોળી | ૨૦ | ૪૪ | ૨૬૭ | ૦.૨૫ |
| ૧૦. | કોટવાળિયા | ૩૧૪ | ૪૮૮ | ૮૨૦ | ૦.૭૮ |
| ૧૧. | કાથોડી | ૨૮૫ | ૬૮૦ | ૪૩૧ | ૦.૪૧ |
| ૧૨. | પારધી | ૧૯ | ૧૧ | ૨૩ | ૦.૦૨ |
| ૧૩. | રાઠવા | - | - | ૫ | - |
| ૧૪. | પટેલિયા | ૧ | - | ૫ | - |
| ૧૫. | પઢાર | - | - | ૧ | - |
| ૧૬. | ગોંડ | - | - | ૩ | - |
| ૧૭. | બાવચા | - | - | ૧ | - |
| ૧૮. | ધાનકા | - | - | ૧ | - |
| ૧૯. | બિનવર્ગીકૃત | - | ૧ | - | - |
| ૨૦. | કુલ | ૬૬૨૩૩ | ૮૮૯૨૮ | ૧૦૪૮૫૫ | ૧૦૦.૦૦ |

**ડાંગ જિલ્લામાં થયેલો વસતિ વધારો ૧૯૦૧ - ૧૯૯૧ કોઠા નં. ૩.૨**

| વર્ષ | વસતિ | પુરુષ-દશકાનો વસતિ વધારો (ટકામાં) | વસતિ | સ્ત્રી-દશકાનો વસતિ વધારો (ટકામાં) | વસતિ | કુલ-દશકાનો વસતિ વધારો (ટકામાં) |
|---|---|---|---|---|---|---|
| ૧૯૦૧ | ૯૪૫૯ | — | ૮૮૭૪ | — | ૧૮૩૩૩ | — |
| ૧૯૧૧ | ૧૫૩૨૯ | + ૬૨.૦૬ | ૧૩૫૯૭ | + ૫૩.૨૨ | ૨૮૯૨૬ | + ૫૭.૭૮ |
| ૧૯૨૧ | ૧૨૯૬૦ | − ૧૫.૪૬ | ૧૧૩૫૧ | − ૧૬.૫૧ | ૨૪૧૪૨ | − ૧૫.૪૮ |
| ૧૯૩૧ | ૧૮૧૨૭ | + ૪૧.૦૩ | ૧૫૩૬૮ | + ૩૫.૫૫ | ૩૩૪૯૫ | + ૩૮.૦૪ |
| ૧૯૪૧ | ૨૧૭૭૨ | + ૨૦.૧૧ | ૧૮૪૬૪ | + ૨૦.૧૫ | ૪૦૨૩૬ | + ૨૦.૧૩ |
| ૧૯૫૧ | ૨૫૧૬૬ | + ૧૫.૭૩ | ૨૨૦૮૬ | + ૧૯.૬૨ | ૪૭૨૮૨ | + ૧૭.૫૧ |
| ૧૯૬૧ | ૩૦૪૧૮ | + ૪૮.૫૧ | ૩૪૧૪૯ | + ૫૪.૬૨ | ૭૧૫૬૭ | + ૫૧.૩૬ |
| ૧૯૭૧ | ૪૮૩૬૪ | + ૨૬.૩૩ | ૪૫૦૬૧ | + ૩૪.૦૬ | ૯૪૧૮૫ | + ૩૧.૬૦ |
| ૧૯૮૧ | ૫૭૬૮૩ | + ૧૯.૧૯ | ૫૫૯૮૧ | + ૨૨.૨૫ | ૧૧૩૬૬૪ | + ૨૦.૬૮ |
| ૧૯૯૧ | ૭૨૬૦૪ | + ૨૫.૮૮ | ૭૧૪૫૭ | + ૨૭.૫૭ | ૧૪૪૦૬૧ | + ૨૬.૭૭ |

પ્રાપ્તિ સ્થાન : - જિલ્લાની વસતિ ગણતરી પુસ્તિકા - ૧૯૭૧

સેન્સેસ ઓફ ઈન્ડિયા :- ૧૯૮૧- ૧૯૯૧

ડાંગ જિલ્લામાં તેની વસતિમાં ૧૯૦૧ થી ૧૯૯૧ સુધીમાં જે વસતિ વધારો નોંધાયો હતો તે કોઠા નં.૩.૨ માં દર્શાવ્યા પ્રમાણે જોવા મળ્યો હતો. જેમાં ૧૯૦૧ થી ૧૯૧૧ના દાયકામાં સૌથી વધુ જ્યારે ૧૯૪૧થી ૧૯૫૧ના દાયકા દરમ્યાન વસતિ વધારોનો ટકાવારો સૌથી ઓછો નોંધાયો હતો. ૧૯૧૧ થી ૧૯૨૧ના દાયકા દરમ્યાન જિલ્લામાં ૧૬ ટકાનો વસતિ ઘટાડો હતો. કોઠા નં.૩.૨ જોતાં જિલ્લામાં દાયકાઓ દરમ્યાન વસતિનો ટકાવારોમાં વધ ઘટ નોંધાયેલી જોવા મળી હતી.

ડાંગ જિલ્લાની વસતિ વિસ્તાર અને વ્યવસાયિક માહિતી તેમજ તેની જમીનનો ઉપયોગીતા વિશેની માહિતી કોઠા નં.૩.૩ માં દર્શાવ્યા પ્રમાણે ૧૯૬૧, ૧૯૭૧, ૧૯૮૧, અને ૧૯૯૧ની ગણતરી પ્રમાણે દર્શાવી છે.

ડાંગની વસતિ - વિસ્તાર અને વ્યવસાયિક માહિતી : કોઠા નં.૩.૩

| ક્રમ | વિગત | વર્ષ ૧૯૬૧ | વર્ષ ૧૯૭૧ | વર્ષ ૧૯૮૧ | વર્ષ ૧૯૯૧ |
|---|---|---|---|---|---|
| ૧. | વસતિ | ૭૧૫૬૭ | ૯૪૧૮૫ | ૧૧૩૬૬૪ | ૧૪૪૦૯૧ |
| ૨. | દાયકાનો વસતિ વધારો | ૫૧.૩૬ | ૩૧.૬૦ | ૨૦.૬૮ | ૨૬.૭૭ |
| ૩. | વિસ્તાર ચો.કિ. | ૬૮૯ ચો.માઈલ | ૧૬૮૩ ચો.કિ.મી | ૧૭૬૪ ચો.કિ.મી | ૧૭૬૪ ચો.કિ.મી |
| ૪. | વસતિ ગીચતા દર ચો.કિ.મી. | ૧૦૪ | ૫૬ | ૬૪ | ૮૨ |
| ૫. | જાતિવાર પ્રમાણ પુરુષ/સ્ત્રી | ૯૧૩ | ૯૪૬ | ૯૭૦ | ૯૮૨ |
| ૬. | અક્ષરજ્ઞાન કુલ | ૯.૨૬ | ૧૪.૧૬ | ૨૯.૮૪ | ૪૭.૫૬ |
| | પુરુષ | ૧૦.૨૬ | ૨૦.૮૦ | ૩૮.૨૯ | ૫૯.૫૫ |
| | સ્ત્રી | ૩.૭૮ | ૭.૧૩ | ૨૧.૦૪ | ૩૫.૩૧ |
| ૭. | કુલ વસતિમાં શહેરી વસતિ | - | - | - | ૧૧.૯૪ |
| ૮. | મુખ્ય કામ કરનાર કુલ | ૫૪.૭૨ | ૪૧.૮૨ | ૩૯.૭૯ | ૪૬.૮૮ |
| | પુરુષ | - | ૫૬.૪૮ | ૫૬.૨૯ | ૫૩.૩૦ |
| | સ્ત્રી | - | ૨૬.૩૪ | ૨૨.૮૮ | ૪૦.૩૫ |
| ૯. | સીમાંત કુલ | - | - | ૧૦.૮૩ | ૩.૬૭ |
| | પુરુષ | - | - | ૦.૬૧ | ૦.૨૧ |
| | સ્ત્રી | - | - | ૨૧.૩૦ | ૭.૧૯ |
| ૧૦. | કામ નહીં કરનાર | ૪૫.૨૮ | - | ૪૯.૩૮ | ૪૯.૪૫ |
| | પુરુષ | - | - | ૪૩.૦૪ | ૪૬.૪૯ |
| | સ્ત્રી | - | - | ૫૨.૯૨ | ૫૨.૪૬ |
| ૧૧. | ખેતી કરનાર | ૩૬.૪૬ | ૬૭.૪૬ | ૬૩.૦૯ | ૭૦.૫૨ |
| | પુરુષ | - | ૬૭.૭૦ | ૬૩.૪૮ | ૬૭.૨૫ |
| | સ્ત્રી | - | ૬૬.૯૦ | ૬૨.૦૯ | ૭૪.૯૧ |
| ૧૨. | ખેત મજૂર કુલ | ૧૧.૯૧ | ૨૦.૧૫ | ૧૭.૯૦ | ૧૬.૧૪ |
| | પુરુષ | - | ૧૭.૦૫ | ૧૪.૮૫ | ૧૩.૯૭ |
| | સ્ત્રી | - | ૨૭.૧૯ | ૨૫.૬૭ | ૧૯.૦૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૩. | ગૃહઉદ્યોગ કુલ | ૪.૦૭ | - | ૨.૦૩ | ૧.૩૦ |
| | પુરૂષ | - | - | ૧.૯૪ | ૧.૨૯ |
| | સ્ત્રી | - | - | ૨.૯૪ | ૧.૪૬ |
| ૧૪. | અન્ય કામ કુલ કરનાર | ૨.૨૮ | ૧૨.૩૯ | ૧૬.૬૮ | ૫.૯૮ |
| | પુરૂષ | - | ૧૫.૨૫ | ૧૯.૭૩ | ૮.૧૦ |
| | સ્ત્રી | - | ૫.૯૧ | ૬.૯૭ | ૩.૧૩ |
| ૧૫. | અનુ.જાતિ કુલ | ૦.૩૬ | ૦.૩૬ | ૦.૬૬ | ૦.૭૩ |
| | પુરૂષ | - | ૦.૩૭ | ૦.૬૭ | ૦.૭૬ |
| | સ્ત્રી | - | ૦.૩૬ | ૦.૬૫ | ૦.૭૨ |
| ૧૬. | અનુ.જનજાતિ | ૬૨.૫૫ | ૬૩.૪૬ | ૬૨.૩૧ | ૬૩.૯૬ |
| | પુરૂષ | - | ૬૩.૦૪ | ૬૨.૫૬ | ૬૪.૩૯ |
| | સ્ત્રી | - | ૬૩.૯૧ | ૬૨.૫૮ | ૬૪.૩૮ |
| ૧૭. | કુલ ગામો | ૩૧૨ | ૩૧૧ | ૩૧૧ | ૩૦૬ |
| ૧૮. | શહેરો | - | - | - | ૨ |
| ૧૯. | વસવાટી ઘરો | ૧૨૫૭૮ | ૧૬૭૨૯ | ૨૧૫૫૨ | ૨૭૭૪૭ |
| ૨૦. | કુટુંબ સંખ્યા | ૧૩૦૪૩ | ૧૭૬૯૩ | ૨૨૦૭૪ | ૨૪૯૭૩ |
| ૨૧ | કુલ વસતિ | ૭૧૫૬૭ | ૯૪૧૮૫ | ૧૧૩૬૬૪ | ૧૪૪૦૯૭ |
| ૨૨. | અનુ.જાતિ | ૨૬૧ | ૩૪૨ | ૭૫૦ | ૧૦૪૬ |
| ૨૩. | અનુ.જનજાતિ | ૬૬૨૩૩ | ૮૮૦૨૮ | ૧૦૪૯૧૮ | ૧૩૫૩૮૬ |
| ૨૪. | અક્ષરજ્ઞાન | ૬૬૨૭ | ૧૩૩૩૨ | ૩૩૯૨૧ | ૫૩૫૧૧ |
| ૨૫. | જંગલ ખાતાની | ૩૨૬૫૦૦ (એકર) | ૨૪૫૮૩૬ (એકર) | ૯૭૯૮૩૧ (હેકટર) | ૯૧૨૧૦.૫૮ (હેકટર) |
| ૨૬. | ખેડાણ લાયક પડતર | ૨૬૦૦ | ૯૦૩૨ | ૯૭૧૬.૦૫ (હેકટર) | ૬૧૨૩.૩૫ (હેકટર) |
| ૨૭. | ગૌચર અને ચાર | ૩૨૯.૧૦૦ | ૩૪૦૬૬ | ૧૧૯૩૩.૮૨ (હેકટર) | ૧૯૦૭[illegible].૫૨ (હેકટર) |
| ૨૮. | બિનપિયત | ૬૩.૯૦૦ | ૧૪૨.૩૯૫ | ૫૧૦૬૨.૫[illegible] | ૫૫૨૬૦.૦૬ |
| ૨૯. | પિયત | - | ૬ | ૧૨૪.૦૦ (હેકટર) | ૪૯.૬૮ (હેકટર) |

ડાંગમાં ૧૯૬૧ અને ૧૯૭૧માં કુલ બાર જાતિઓ અને ૧૯૮૧માં તે વધીને ૧૮ જેટલી જાતિઓ નોંધાયેલી આ જાતિઓમાં કુનબી, ભીલ અને વારલીની વસ્તી પચાસ ટકા ઉપરની છે. ડાંગની વસ્તીના પોણા-ભાગની વસ્તી આ ત્રણ જાતિઓની જ છે. તેના પછી ગામીત એ મહત્વના જૂથ તરીકે આવે છે. તેની સાથે ધોડિયા જાતિની વસ્તિ પણ છે. ડાંગની મૂળ વસ્તી ન હોવા છતાં આડોશ-પાડોશના વાંસદા ધરમપુર વિસ્તારમાંથી અને સુરત, વલસાડ જિલ્લાના અન્ય વિસ્તારો-માંથી શિક્ષકો, તલાટી અને સરકારી, અર્ધસરકારી સ્વૈચ્છિક સંસ્થાઓના નોકરીઓ અર્થે અને નવી દુકાનો વગેરેમાં વ્યાપાર વ્યવસાયથી આવીને વસેલી છે પેઢીઓથી ઉત્તરે ડાંગના સુબિર, નિશાના-કાકરાડા, ગઢહાળ વિસ્તારમાં ગામડાઓમાં વસેલી ગામીત જાતિ જે એક પેટા જૂથોની વસ્તી ચારટકા ઉપરની છે વાડોના જૂથો નાયક છે એક કાળે ભીલોની બહુમતીવાળા આ પ્રદેશ ડાંગમાં હવે કુનબીઓની વસ્તી ભીલોને આંબી જઈને ડબલ થઈ ગઈ છે. કોઠામાં જોતાં ખ્યાલ આવે છે કે ભીલોની તુલનામાં કુનબીઓની વસ્તી હવે ૨૫ ટકા જેટલી વિશેષ છે.

<u>ભીલ :</u>

ડાંગનું જંગલ રામાયણના સમયથી ઓળખાય છે અને જાણીતું છે. આ જંગલ વિસ્તારને રામાયણમાં દંડકારણ્ય નામથી ઓળખવામાં આવ્યું એમ કહેવાય છે કે રામ, સીતા અને લક્ષ્મણ તેમના વનવાસના સમય દરમ્યાન અહીં રહેતા હતા. મહાભારતના નાયક પાંડવોએ પણ આ જગ્યાની મુલાકાત લીધી હતી. ઘણા લાંબા સમય પહેલાં ભીલ આદિવાસીઓ આ પ્રદેશમાં આવીને વસ્યા હતા. ભીલ રાજાઓ સત્તા ભોગવતા હતા, જ્યારે કુનબી અને વારલી અને કોંકણાઓ તેમની રૈયત હતી. ગાઢવી ગામનો રાજા ૮૦ ગામ પર સત્તા ભોગવતો હતો અને સામંતશાહી પ્રથામાં નાયકોને સત્તા સોંપવામાં આવી હતી જે તેનો વહીવટ કરતા હતા. ~~જે તેનો વહીવટ કરતા હતા~~ કુનબી અને વારલીઓ આર્થિક રીતે આગળ વધેલા હતા કુનબી, વારલી અને ભીલ આદિવાસીઓ એક બીજાથી જુદા છે જો કે અમુક સામાન્ય સંસ્કૃતિક વારસો તેમના ઉત્સવોના સમયમાં તેમના દૃષ્ટિ ગોચર થાય છે. કુનબી અને વારલીઓ ભીલોને તેમનાથી સામાજિક રીતે નીચા ગણે છે. આ ત્રણે જાતિઓ ડાંગી તરીકે ઓળખાય છે.

**વારલીઓ :**

વારલીઓ આ પ્રદેશમાં ઘણા લાંબા સમયથી રહેતા આવ્યા છે. કોંકણના ઉત્તરના ભાગને વારાલાટ તરીકે ઓળખવામાં આવે છે જ્યાં વારલી રહેતા હતા. મોટે ભાગે વારલી ધરમપુર અને વાંસદાના ટેકરાળ જંગલોમાંથી આવેલા છે. કેટલાક વારલીઓ માને છે કે તેઓ મૂળ દમણના નામનગર અને નગરહવેલીમાંથી આવી અહીં વસ્યા છે એન્થોવનના મત પ્રમાણે વારલી એ ભીલોની સમજાતિ છે. કારણ કે તેમના ઘણા ચિહ્નો-લક્ષણો સમાન છે. એક મંતવ્ય પ્રમાણે વારલી નામ 'વાટલા' પરથી ઉતરી આવ્યું છે. વાટલા એટલે [illegible] આનો અર્થ એ છે કે જાતિ તેમના ખેતર વિશે સમજાય છે.

**કુનબી-કોંકણા :**

કુનબીઓ પણ આ લાંબા સમયથી આ પ્રદેશમાં વસવાટ કરતા આવ્યા છે. કોંકણ પટ્ટીના જ ઉત્તર ભાગમાંથી તેઓ ગુજરાતના વલસાડ જિલ્લાના ધરમપુર - વાંસદાના પ્રદેશમાંથી વસીને એક ડાંગ સુધી આવીને વસેલા છે વારલીઓની જેમ તેઓ ભીલોની સમજાતિ હોવાનો કોઈ ઉલ્લેખ નથી. જો કે અમુક સામાન્ય સંસ્કૃતિ તત્ત્વો તેમના ઉત્સવોના સમયમાં તેમનામાં દૃષ્ટિગોચર થાય છે. તેઓ ભીલોને તેમજ કોટવાળિયા; ઢોરકોળી જાતિઓને પોતાનાથી નીચી ગણે છે. તેઓ મહેનતુ હોય પોતાનો વ્યવસાય ખૂબ સારી રીતે કરતા હોય ભીલો તેમજ વારલી કરતાં આજે ડાંગમાં આર્થિક રીતે તેમનાથી સારી સ્થિતિમાં જોવા મળે છે. તેઓ વસ્તિ સંખ્યાની રીતે પણ ડાંગમાં આજે અગ્ર સ્થાને છે. કુનબી-કોંકણાઓ તેમની વ્યવસાયિક અને આર્થિક સ્થિતિને કારણે ડાંગમાં આજે વર્ચસ્વી જાતિ તરીકે પ્રસ્થાપિત થયેલા છે. આ જાતિ પણ પોતાને ડાંગી તરીકે ઓળખાવે છે. આમ જોતા અર્થે ભીલ શાસકોએ વસાવેલી કુનબી પ્રજા સમગ્ર ડાંગમાં વસી છે.

**ગામીત :**

ઉત્તર ડાંગના નિશાના, સુબીર, ગૂહાન વિસ્તારમાં માવચી, ગામીતોની વસ્તી છે તેને અડીને આવેલા મહારાષ્ટ્રના નવાપુર વિસ્તારમાં અને ગુજરાતના સુરત જિલ્લાના સોનગઢ તાલુકામાં પણ

ગામીતો પાવચીઓની વસ્તી છે. એટલે એ રીતે તમામ ગામીત પટ્ટાના એક ભાગરૂપે જ પેઢીઓથી આ વિસ્તારમાં વસે છે.

કાથોડી :

ગુજરાતના આદિવાસીઓમાં અત્યંત કપરી આર્થિક પરિસ્થિતિ-માં જીવન જીવતી ગરીબમાં ગરીબ જાતિ હોય તો તે કાથોડી છે. જીવન નિર્વાહ માટે સતત સંઘર્ષમાં જીવન વ્યતીત કરે છે. ખાનદેશ તરફથી કાથો પાડવા ગુજરાતમાં જંગલે કાથાનો ધંધો કરનાર વેપારીઓએ ગુજરાતમાં જ્યાં જ્યાં ખેરનાં જંગલ વધુ પ્રમાણમાં હતાં તેવા વિસ્તારોમાં લઈ ગયા અને ખાવાની ~~[illegible]~~ પીવાની જરૂરિયાતો પૂરી પાડી તેના બદલામાં કાથો પડાવવામાં આવતો. જંગલની અને જંગલ પરના અનેક પ્રતિબંધો તેમજ કાથાની ફેક્ટરીઓ ખોલતાં તેમનો વ્યવસાય પડી ભાંગ્યો હતો. એ રીતે તેઓ ડાંગના જંગલ વિસ્તારમાં વસી ગયા. તેઓ માત્ર જંગલ આધારિત જીવન વ્યતિત કરે છે. મોટો વર્ગ ખેતમજૂરી કરે છે. જેમને થોડી જમીન મળી છે. તેઓ ખેતી કરે છે.

ધોડિયાઓ :

ડાંગ વિસ્તારમાં ધોડિયાઓની વસતિ છે જે વાંસદા, ધરમપુર, સુરત, વલસાડ જિલ્લાના વિસ્તારોમાંથી શિક્ષક, તલાટી, અન્ય સરકારી, અર્ધસરકારી, સ્વૈચ્છિક સંસ્થાઓમાં અને જંગલ ખાતાઓમાં નોકરી અર્થે, નાની દુકાનોના વ્યવસાય કરીને વસેલા જોવા મળે છે.

કોટવાળિયા :

ડાંગમાં કોટવાળિયાઓ મોટાભાગે ભૂમિહીન છે. તેમની વસ્તી ૧૦ જેટલા ગામોમાં વસે છે. તેમનો વારસાગત મુખ્ય ધંધો વાંસકામનો છે. બે કુટુંબો ખેતી કરે છે તેઓ પૂરક આવક ઊભી કરવા માટે જંગલમાંથી ગૌણ પેદાશો એકત્ર કરે છે. ખોરાક મેળવવા માટે મરઘા ઉછેર અને સસલાનો શિકાર અને માછલી પકડે છે. તેઓ જંગલ વિસ્તારમાંથી વાંસ સહેલાઈથી મળી રહે તે રીતે નદીકાંઠા પર અગર તો નજીક વસવાટ કરે છે. કોટવાળિયા જાતિ ઘણી જ સ્વતંત્ર વિચારથી જીવન જીવે છે. દારૂ, બીડી, તમાકુનું વ્યસન વધારે છે. જંગલ ખાતા તરફથી વાંસકામની રોજી આપેલ હોવા છતાં એક જગ્યાએ કાયમી સ્થિર વસવાટ કરતા નથી

આ વિસ્તારના આદિમ જૂથોની સરખામણીમાં શિક્ષણમાં ખૂબ જ પાછળ છે. આવક ઘણી સારી છે પરંતુ વધેલી રૂઢિચુસ્ત માનસ અને વ્યસનને લીધે જીવન ધોરણ ખૂબ નીચું છે.

## કોલઘા : કોલચા :

ડાંગમાં કોલચા જાતિના લોકો વસે છે તે જંગલો અને ડુંગરાની તળેટીઓમાં વસવાટ કરે છે. તેમનો વારસાગત ધંધો કોલસા પાડવાનો છે. હાલ ખેત મજૂરી , ખેતી તથા જંગલ ખાતામાં છૂટક મજૂરી કરી જીવન નિર્વાહ કરે છે. ખોરાકમાં મરચા, વરઈ, માછલાં અને કંદમૂળ વાપરે છે આમ ડાંગમાં ઘણી આદિમ જૂથની જાતિઓ વસે છે.

ડાંગમાં એ સિવાય દૂબળા, નાયક-નાયકા, ચૌધરી-ચોધરા, પારધી, પટેલિયા વગેરેની જેવી આદિવાસી જાતિઓ વસે છે.

# પ્રકરણ - ૪

## ડાંગીના લોકોનું ભૌતિક સંસ્કૃતિ જીવન :

ડાંગ વસતા આદિવાસીઓના ઘરો કાચા અને નાના છાપરાં હોય છે કેટલાકના ઘરો ખૂબ નીચાં અને ઘાસથી ઢંકેલા હોય છે તેઓ ઘરો ખાસ કરી ઉંચાણવાળી જગ્યાએ બાંધે છે. ઘર એકબીજાથી દૂર હોય છે પણ સામાન્ય રીતે એક જ જાતિનાં ઘરો જોડે બાંધવામાં આવે છે. ઘરનો આગળનો ભાગ ખુલ્લો રાખે છે અને તેની ઉપર ઘાસનું છાપરું બાંધે છે સામાન્ય રીતે તેઓ વાંસના ઘરો બાંધે છે તેનું છાપરું ઘાસનું હોય છે આર્થિક રીતે સુખી લોકો છાપરા પર દેશી કે મેંગલોરી નળિયા નાખે છે ઝૂંપડાની દિવાલો વાંસમાંથી બનાવે છે. જેને તેઓ 'ખવાડા' કહે છે ખવાડા આજુબાજુ ઉભા કરવામાં આવે છે જે દિવાલની ગરજ સારે છે ઘરના ઔચિત્યોને માટો અને છાણનું લીંપણ કરે છે. ભીલો અને બીજી કોલવા, ઢોર કોળી કોટવાળિયા, કાથોડી જાતિઓના ઘરોની સરખામણીમાં કુનબી તથા વારલીના ઘરોની સ્થિતિ સારી છે.[૧૯] કુનબી અને વારલીના ઝૂંપડા મોટા હોય છે ઘરો ઉપર દેશી અથવા મેંગલોરી નળિયા હોય છે આ ડાંગીઓના મકાનો આકારમાં ગોળાકાર હોય છે વચમાં ૧૦ થી ૧૨ ફૂટ ઊંચો વાંસ નાખવામાં આવે છે. એ વાંસ પર આખું ઝૂંપડુ ઊભુ કરવામાં આવે છે. સામાન્ય રીતે ઘરના વચ્ચે ચૂલો રાખવામાં આવે છે જ્યાં રસોઈ કરવામાં આવે છે ઝૂંપડાઓમાં એક ખૂણે પીવાના પાણીના ઘડા રાખવામાં આવે છે. ઝૂંપડાઓ એકી સાથે જોવા મળતા નથી ૫,૭ કે ૧૦ ઘરો સાથે હોય છે તો ઘણીવાર એક ઝૂંપડાથી બીજા ઝૂંપડાનું અંતર એક ફર્લાંગ જેટલું હોય છે. ઘરની આગળ ખુલ્લી જગ્યામાં વાડામાં તેઓ શાકભાજીનું વાવેતર કરે છે. ઢોરોને માટે જુદો છાપરો બાંધવામાં આવતો નથી. ઘરના આગળના ભાગમાં વાંસ કે કાંટાની વાડ કરી ત્યાં બાંધવામાં આવે છે. ઘર બાંધવાનો માલસામાન સ્થાનિક હોય છે. ઘરમાં સાગ-ઝાડના પાટડા વપરાય છે. સિવાય વાંસ, ઘાસ અને નળિયા તેમાં વાપરે છે. તેઓ ઘર માટે પથ્થરો, ઈંટો અને સીમેન્ટ કે ચૂનાનો ઉપયોગ કરતા નથી.

મકાન - પશુઆપરો                    કોઠા નં. ૪.૧

| ક્રમ | ગામ<br>કુટુંબ સંખ્યા | મકાન | | પશુઆપરો | |
|---|---|---|---|---|---|
| - | - | કાચુ | પાકુ | હા | ના |
| ૧. | ચોયોના ગાસડા<br>20 | ૧૪ | ૬ | ૧ | ૧૯ |
| ૨. | જોરમેત<br>20 | ૨૦ | - | ૧૨ | ૮ |
| ૩. | રાજુપાડા<br>20 | ૨૦ | - | ૧૭ | ૩ |
| ૪. | બરડોપાડા<br>20 | ૨૦ | - | ૧૯ | ૧ |
| ૫. | કુલ ૮૦ | ૭૪ | ૬ | ૪૯ | ૩૧ |
| | | ૯૨.૫૦ | ૭.૫૦ | ૬૧.૨૫ | ૩૮.૭૫ |

ગામ પ્રમાણે જાતિવાર કુટુંબ સંખ્યા                કોઠા નં. ૪.૨

| ક્રમ | ગામ | કુટુંબ સંખ્યા | જાતિવાર કુટુંબ સંખ્યા | | | |
|---|---|---|---|---|---|---|
| | | | કૂકણા | કોટવાળિયા | ભીલ | ગામી |
| ૧. | ચીચોના ગાવઠા | ૨૦ | ૯ | ૧૧ | - | - |
| ૨. | બોરખેત | ૨૦ | ૧૦ | - | ૧૦ | - |
| ૩. | આજુપાડા | ૨૦ | ૮ | - | ૭ | ૫ |
| ૪. | બારડોપાડા | ૨૦ | ૮ | - | ૨ | ૧૦ |
| ૫. | કુલ | ૮૦ | ૩૫ | ૧૧ | ૧૯ | ૧૫ |
| | ટકા | ૧૦૦.૦૦ | ૪૩.૭૫ | ૧૩.૭૫ | ૨૩.૭૫ | ૧૮.[illegible] |

ડાંગના આવરી લીધેલ કુલ તપાસના કુટુંબોમાં ભીલ, કુકણા, કુનબી, કોટવાળિયા, ગામીત જાતિના મળી ૮૦ કુટુંબોમાંથી ૭૪ (૯૨.૫૦ ટકા) કુટુંબો કાચા અને ૬ (૭.૫૦ ટકા) પ કુટુંબો પાકા ઘરો ધરાવતા હતા પણ છાપરો ૪૯ (૬૧.૨૫ ટકા) ઘરોને હતો ૩૧ (૩૮.૭૫ ટકા) ઘરો પણ છાપરા વિહોણા હતા. ડાંગમાં મહદઅંશે કાચા ઘરો જ હોય છે પરંતુ તપાસના કુટુંબોમાં સરકારશ્રી તરફથી કોટવાળિયાઓને પાકા મકાનો બનાવી આપ્યા છે તેને કારણે પાકા મકાનો હતા.

તપાસમાં આવરી લીધેલા ચાર ગામોમાંથી કુકણા જાતિના સૌથી વધુ ૩૫ (૪૩.૭૫ ટકા ) કુટુંબો, ભીલ જાતિના ૧૯ (૨૩.૭૫ ટકા) કુટુંબો, ગામીત જાતિના ૧૫ (૧૮.૭૫ ટકા) કુટુંબો અને કોટવાળિયા જાતિના ૧૧ (૧૩.૭૫ ટકા) કુટુંબો મળી ૮૦ જેટલા કુટુંબો આવરી તેનો અભ્યાસ કર્યો હતો.

ઘરવખરીના સાધનો :

ડાંગી લોકો પાસે ઘરવખરીના સાધનોમાં ઘણી ઓછી વસ્તુઓ જોવા મળે છે. સામાન્ય રીતે તેઓ માટીના વાસણો વાપરે છે કેટલાકની પાસે રાંધવાના એલ્યુમીનીયમના તપેલા જોવા મળે છે આજે ઘણા આદિવાસી કુટુંબો પાસે સરકારશ્રી પાસેથી મળેલા તેમજ હાલ બજારમાંથી ખરીદેલા સ્ટીલના વાસણો વાપરતા થયા છે. સામાન્ય રીતે મોટાભાગના કુટુંબો પાસે તાંબા અને પિત્તળના વાસણો જૂજ જોવા મળે છે ઘરમાં ખાટલો હોય છે મોટેભાગે તેઓ વાંસમાંથી બનાવેલ ચટાઈ પર સૂઈ જાય છે કેટલાક કુટુંબો પાસે ફાનસ છે કેટલાકને ઘરે ચીમની હોય છે. કેટલાક કુટુંબો ઘંટી રાખે છે શિકારના સાધનો અને માછલી પકડવાની 'જાળવી' માળો વગેરે પણ રાખે છે આમ મૂળ ઓછા ઘરવખરીના સાધનોથી તેઓ ચલાવે છે.

ડાંગ વિસ્તારના તપાસના ગામના કુટુંબોમાંથી ઘરવખરીના સાધનો તેમજ બીજા અન્ય એવા ઉપયોગી સાધનોની વિગતો જાણવા મળી હતી જે કોઠા નં. ૪.૬, ૪.૭ માં દર્શાવ્યા પ્રમાણે છે.

પરવખરો - રાંધવાના વાસણો : કોઠા નં. ૪.૩

| ક્ર | ગામ / કુટુંબ સંખ્યા | પરવખરો |  |  |  |  |  |  | રાંધવાના વાસણો |  |  |  |  |  |  |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
|  |  | ટેબલ | ખુરશી | ખાટલા | બાંકડા | પાટલા | કબાટ | કુલ | માટી | એલ્યુ. | સ્ટીલ | પિત્તળ | કાચ | તાંબા | કુલ |
| ૧. | ચોંચાના ભાવડા ૨૦ | – | ૩ | ૨ | – | ૧૬ | – | ૨૧ | ૨૨ | ૧૮ | ૯૨ | ૩ | – | – | ૧૩૫ |
| ૨. | બોરખેત ૨૦ | ૧ | ૨ | ૩ | ૨ | – | ૨ | ૧૦ | ૨૪ | ૨૦ | ૧૨૩ | ૩ | – | – | ૧૭૦ |
| ૩. | ગાજુપાડા ૨૦ | ૧ | ૬ | ૧૨ | ૫ | ૪ | – | ૩૧ | ૩૧ | ૩૬ | ૬૦ | ૮ | – | – | ૧૬૫ |
| ૪. | બરડીપાડા ૨૦ | ૨ | ૬ | ૨૧ | ૧૦ | ૧ | ૩ | ૪૬ | ૨૬ | ૩૪ | ૧૬૨ | ૨૯ | – | ૨ | ૨૮૩ |
| ૫. | કુલ ૮૦ | ૪ | ૨૩ | ૩૮ | ૧૭ | ૨૧ | ૫ | ૧૦૮ | ૧૦૩ | ૧૦૮ | ૪૩૭ | ૪૩ | – | ૨ | ૭૫૩ |
|  | ૮૩૧ | ૩.૭૦ | ૨૧.૩૦ | ૩૫.૧૯ | ૧૫.૭૪ | ૧૯.૪૪ | ૪.૬૩ | ૧૦૦. | ૧૩.૬૮ | ૧૪.૩૪ | ૫૮.૦૦ | ૫.૭૧ | – | ૦.૨૭ | ૧૦૦.૦૦ |

: [illegible]

અન્ય ઘરવખરીના સાધનો :  કોઠા નં. ૪.૪

| ક્રમ | ગામ<br>કુટુંબ સંખ્યા | પ્રાયમસ<br>* | પેટી<br>* | બેટરી<br>* | દળવાની<br>ઘંટી | ટોપલા<br>ટોપલી | કોઠી | ફાનસ<br>ચીમની | વાજિંત્ર | શિકારના<br>સાધન | માછલીના<br>જાળ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ચીચાના ગાવઠા<br>૨૦ | - | ૧ | - | ૧૨ | ૫૮ | ૨૩ | ૨૦ | - | ૧૦ | ૧૩ | ૧૩૭ |
| ૨. | બોરખેત<br>૨૦ | - | ૩ | - | ૧૨ | ૩૫ | ૨૭ | ૨૫ | - | ૧૨ | ૧૦ | ૧૨૪ |
| ૩. | ડાજુપાડા<br>૨૦ | - | ૪ | ૪ | ૧૬ | ૩૬ | ૩૯ | ૨૦ | - | ૧૦ | ૧૦ | ૧૩૯ |
| ૪. | બરડોપાડા<br>૨૦ | - | ૧૪ | ૭ | ૨૦ | ૮૦ | ૭૦ | ૧૯ | - | ૧૫ | ૧૨ | ૨૩૭ |
| ૫. | કુલ<br>૨૦ | - | ૨૨ | ૧૨ | ૬૦ | ૨૦૯ | ૧૫૯ | ૮૪ | - | ૪૭ | ૪૫ | ૬૩૭ |

**દેખાવ - પહેરવેશ :**

ડાંગીઓનો બાંધો શરીરે મજબૂત અને કદાવર છે. કુનબી, ભીલ અને વારલી આદિવાસી શરીરે કાળી ચામડીના, મોટી આંખોવાળા અને ચપટા નાકવાળા હોય છે. સ્ત્રીઓ પુરુષો જેટલી મજબૂત નથી. પરંતુ સ્ત્રીઓ પુરુષોની સરખામણીમાં વધારે મહેનતુ છે. જ્યારે પુરુષો આળસુ છે. સ્ત્રીઓ દેખાવે આકર્ષક નથી.

બધી આદિવાસી જાતિઓ કુનબી, વારલી અને ભીલોનો પહેરવેશ એક સરખો છે. તેમાં કોઈ તફાવત જોવા મળતો નથી. પુરુષો મોટેભાગે લંગોટા પહેરે છે. જ્યારે કેટલાક પુરુષો ધોતી પહેરે છે. અને ધોતી ઘુંટણની નીચે રાખે છે. યુવાન છોકરાઓ લેંઘો બુશર્ટ અને ચડ્ડી પહેરે છે કેટલાક પુરુષો સફેદ, કાળી બંડી પહેરે છે. અને માથા પર ફેંટો બાંધે છે જ્યારે કેટલાક પુરુષો સફેદ ટોપી પહેરે છે. અને માથા ~~પર ફેંટો બાંધે છે જ્યારે કેટલાક પુરુષો [illegible] સફેદ ટોપી પહેરે છે.~~

સ્ત્રીઓ મોટેભાગે પાંચ - છ વારની સરખી સાડી પહેરે છે. સામાન્ય રીતે સ્ત્રીઓ ઘેરા રંગની, છોકરીઓ ભડકા રંગની સાડીઓ પહેરે છે. સ્ત્રીઓ સાડીને પાછળ કછોટો મારે છે. તેનો પાલવ ખભા ઉપર નાખતા નથી. તેને બદલે પાલવનો ભાગ કમર ઉપર બાંધી દે છે. અંદર મોટે ભાગે બ્લાઉઝ પહેરતા નથી. તેમની ચોળીને બટન હોતા નથી. ચોળીના નીચેના ભાગ પર ગાંઠ બાંધે છે. આ ઉપરાંત બે ત્રણ વારની ઓઢણી માથા પર નાખે છે યુવાન સ્ત્રીઓ ચોળીના બટન આગળ રાખે છે નાના ભુલકા ભુલકીઓ ઉઘાડા ફરે છે. તેઓ પાંચ-છ વર્ષની ઉંમરે લંગોટા પહેરે છે.

ડાંગી સ્ત્રીઓ મોટેભાગે અંબોડો બાંધે છે. અંબોડો એક [illegible] સિક્કાનો બનાવાય છે હાથમાં બંગડીઓ પહેરે છે. બંગડીઓ સામાન્ય રીતે નિકલની બનાવેલ હોય છે. મોટેભાગે બંગડીઓ પ્લાસ્ટીક તથા કાચની હોય છે નાકમાં વાળી પહેરે છે કાનમાં બે રીંગ પહેરે છે. કાનમાં કાન-ક્લીપ બાંધેલી [illegible] બાંધે છે. અને સાંકળનો એક ભાગ કાન ક્લીપ સાથે જ્યારે બીજો ભાગ વાળના સાથે બાંધે છે. ગળામાં જુદા જુદા સિક્કાનો બનાવેલ હાર પહેરે છે. હાર ચાર આના, આઠ આના અને રૂપિયાના સિક્કાના બનાવે છે પરણેલ સ્ત્રીઓ હાંસડી પહેરે છે. સામાન્ય રીતે પગમાં તેઓ જોડા-ચંપલ પહેરતા નથી. પરંતુ

કેટલીક સ્ત્રીઓ ઉત્સવો અને સારા પ્રસંગે પગમાં ઝાંઝર પહેરે છે. આ ઝાંઝર સામાન્ય રીતે ચાંદી તથા જસતના બનેલા હોય છે. પુરુષો સ્ત્રીઓ કરતા ઓછા ઘરેણાં પહેરે છે પુરુષો હાથમાં ચાંદીનું કડુ, ખમીસ અથવા બંડીમાં ચાંદીના સાંકળા બટન સાથે પહેરે છે. નાના છોકરીઓના કાન નાની ઉંમરે વીંધવામાં આવે છે. કાનમાં ધાગનો રાડુ નાખવામાં આવે છે.

ડાંગીઓ વ્યકિતગત શણગારમાં ખાસ કરીને તેઓ છૂંદણા ટકાવે છે. જેને તેઓ ગોદનના નામથી ઓળખે છે. શરીરના જુદા જુદા ભાગોમાં તે ટકાવે છે. ખાસ કરીને કપાળ ઉપર, મહીંયા તો દરેક વ્યકિતને જોવા મળે કોઈક કોઈક આંખોની પડખે અને ગાલ ઉપર પણ ટકાવે છે. એ રીતે દાઢી ઉપર, નાકની પડખે પણ ટપકુ મૂકાવે છે જો કે મૂકાવતી વખતે મા-બાપના ખ્યાલ મુજબ કરાવે છે. સ્ત્રીઓના શરીર ઉપર તે વધારેમાં વધારે જોવામાં આવે છે. હાથ, પગ, અને છેક સાથળ સુધી ટકાવવામાં આવે છે બાલ્યાવસ્થામાં આ મૂકાવાય છે કપાળે ઘઉંનું ચિત્ર, આંખ-નાક પાસ ટપકુ, હાથ ઉપર ભગવાનના ચિત્રો હનુમાન, કૃષ્ણ, સરસ્વતી વગેરે ટકાવે છે આ ગોદન વિશે તેઓ માને છે કે ગોદન છેલ્લી ઘડી સુધી સાથે આવે છે તે જીવનમાં અને મૃત્યુ પછી ખાડામાં દાટી દેવામાં આવે તો પણ રહે છે.

ખોરાક : ડાંગી લોકો સખત પરિશ્રમ કરતા હોવાથી દિવસમાં ત્રણવાર ખાય છે. સવાર, બપોર અને સાંજે, ડાંગી આદિવાસી જાતિઓનો મુખ્ય ખોરાક નાગલી અને ચોખાનો છે તે ઉપરાંત વરી, હાલમાં જુવાર, મકાઈ અનેઅડદ કે તુવેરની દાળ મુખ્ય છે. મોટા ભાગના લોકો ચોખાનો ઉપયોગ વધારે કરે છે ચોખા કે નાગલીના રોટલા બનાવે છે સાથે ચટણી કે દાળ બનાવે છે ન મળે તો ભાજી પણ બનાવે છે કોઈ વખતે ડુંગળી, બટાકાનું શાક પણ બનાવે છે ન મળે તો જે મળે તે ખાઈ લે છે જુવારનું ગડકું પણ બનાવે છે તેમાં મીઠું નાખી ખાઈ લે છે. ઘણીવાર તેઓ ચોખા અને નાગલીને સાથે ઉકાળીને ઘાગર બનાવે છે. તેઓ રોટલા સાથે મરચાની ચટણી લે છે. તેઓ ખાસ પ્રસંગે તેમજ ઉત્સવોમાં ચોખા, દાળ અને શાકભાજી ખાય છે. તેઓ ચોમાસા દરમ્યાન પોતાના ઘરની પાછળની જગ્યામાં શાકભાજી ઉગાડે છે અને તેજ ખાય છે. ખોરાકમાં દૂધ ઘીનો ઉપયોગ ખાસ કરતા નથી તેમના ઢોરો દૂધ પણ સારા પ્રમાણમાં આપતા નથી. ઘણો

ખોરાક ખાતા નથી. આ ઉપરાંત માંસમાં માછલી, મરઘી, બકરું, હરણ, પાડા, તેતર, સસલાં વગેરેનું ખાય છે. માંસ જ્યારે મળે ત્યારે ખાવાનું ચુકતા નથી. તેઓ ઘણીવાર શિકાર કરીને તેતર, સસલા, લેલા કબુતર, ચકલી વગેરેનો શિકાર કરી ખાઈ જતા હોય છે. માછલી નદીઓમાંથી કે વહેળાઓમાંથી જાતે લાવે છે. ગાય, ભેંસનું માંસ ખાતા નથી પણ જ્યારે ભૂખે મરતા કે અનાજ ન મળે ત્યારે મરેલા ઢોરના માંસનો ઉપયોગ કરે છે. ખોરાક માટે આમ તો ચોમાસાની શરૂઆતમાં જ અનાજનો સંગ્રહ કરી લે છે અનાજ પુરું થતા પછી જંગલના કંદમૂળો (કડવા કંદ, વાજકંદ) પણ ચલાવે છે.

પીણામાં મળે તો ચા પીવે છે. નહીં તો કંઈ નહીં ચા ઘણી જગ્યાએ દૂધ વિનાની પીવે છે. તેઓ વાર તહેવારે દારૂ પુષ્કળ પીવે છે. સગવડ પ્રમાણે દારૂ દરરોજ મળે તો પણ પીવે છે આ ઉપરાંત બીડી-તમાકુ પણ પુષ્કળ પ્રમાણમાં પીવે છે.

ડાંગમાં વસતિ જાતિઓમાંથી ઘણાને વર્ષના બધાજ દિવસો દરમ્યાન પેટ પૂરતું ખાવા પણ મળતું નથી જે મળે તેનાથી પેટ ભરી ચલાવે છે. ઘણીવાર જંગલના કંદમૂળોથી ચલાવે છે. ઘણીવાર એકાદ બે ટંક ભૂખ્યા રહીને ચલાવી લે છે. એટલે ભૂખમરાથી પીડાતી ઘણી વસ્તી આખાય વિસ્તારમાં જોવા મળે. ગરીબાઈ એ આ વિસ્તારની કંગાલિયત જોઈને એમ થાય છે આટલી વિકાસ યોજનાઓ હોવા છતાં આ પ્રજાને ભૂખ્યા રહેવું પડે છે. આખાય વિસ્તારમાં કેટલાય લોકોને વર્ષના ઘણા દિવસો ભૂખ્યા રહેવું પડે છે.

<u>સંરક્ષણ અને શિકારના સાધનો :</u>

ડાંગમાં સંરક્ષણના સાધનો લગભગ દરેક ઘેર જોવા મળે છે. દક્ષિણ ડાંગ કરતા ઉત્તર ડાંગના ડાંગીઓમાં શિકારવૃત્તિ વિશેષ જોવા મળે છે તેઓ શિકારના સાધનોમાં ધનુષ્યબાણ, ભાલા, ચંદ્રા અને કુહાડીઓ રાખે છે. ભાલાનું પ્રમાણ ઓછું જોવા મળે છે પણ ધનુષ્યબાણ બધાજ ઘરે જોવા મળે છે. તેઓ શિકારના અને સંરક્ષણના એમ બે રીતના આ સાધનોનો ઉપયોગ કરે છે. કૂતરા, બકરાઓ, વાછરડાઓ અને પશુઓને વાઘથી બચાવવા તેમજ જ્યારે તેઓ જંગલમાં નીકળે ત્યારે પોતાના સંરક્ષણ માટે કુહાડી તો અવશ્ય સાથે રાખે જ છે.

## વાજિંત્રો અને નૃત્યો :

આ વિસ્તારમાં આદિવાસી જાતિઓમાં કેટલાક વાજિંત્રો પ્રસંગોમાં વગાડતા જોવા મળે છે. તેમાં પાવરી-દેવ કરવા કે પવિત્ર કામમાં વગાડે છે. થાળી વાજું, થાળી ભજસાળી, ગામળી જુવાળીઓ ગોવાળો ખાસ વગાડે છે. ઢોલકા, કાબાલીયા, સૂર, માદોળ-ઢોલી, લગ્ન જેવા પ્રસંગોમાં વગાડે છે. એ સિવાય ઢોલક, સૂર, ખાલી, આપલા, દેરો અને તુનતુનિયાનો સમાવેશ થાય છે. પાવરી, માદળ અને દેશો વિશષ્ટ સ્થાન સમયે પ્રસંગે જ વગાડે છે બાકીના વાજિંત્રો વર્ષ દરમ્યાન ગમેત્યારે વગાડી શકાય છે. ડાંગી નૃત્યોમાં ઢોલકનું ખાસ વિશાદ સ્થાન છે આ વાજિંત્રો તેમના સૌંદર્યનો આનંદ અને મનોરંજન કરવાના માધ્યમો છે. ડાંગમાં લોકનૃત્યો ત્રણ પ્રકારના હોય છે લગ્ન નૃત્ય, ઋતુ કે ઉત્સવનૃત્યો છે. ડાંગમાં નૃત્યોમાં બે ઢોલકનો વિશિષ્ટ ફાળો હોય છે પરંતુ નૃત્યોની એક વિચિત્રતા પણ છે કે નૃત્ય કરતાં કરતાં તેઓ કદી ગીત ગાતા નથી. આ નૃત્યો દરેક ગામે સાંજના થતાં હોય છે કામપરથી આવીને થાક્યા હોવા છતાં નૃત્યો દ્વારા તેમનો થાક ઉતારી નાખે છે.

## બોલી :

ડાંગમાં ઉત્તરના ભાગમાં ડાંગી બોલીની સાથે સાથે તેમની સાથે વસતી ચૌધરી, ગામીત જાતિઓની બોલીનો તેમના ઉપર અસર છે. તે જ રીતે ગુજરાતી બોલી પણ ઘણે ઠેકાણે બોલાય છે. દક્ષિણ ડાંગ અને બીજા વિસ્તારોમાં પણ ડાંગી ઉપરાંત મરાઠી બોલીની અસરો તેમની બોલીમાં વણાયેલી જોવા મળે છે. મહદંશે તેઓ તેમની ડાંગીમાં વ્યવહાર સવિશેષ કરે છે.

# પ્રકરણ – ૫

## ડાંગી જાતિઓમાં જીવનચક્ર : રીતરિવાજો :

માસીક : સ્ત્રીને માસીક અટકાવ આવે તેને 'કટકા આવ્યા' તેમ કહેવામાં આવે છે. 'કટકા આવે' ત્યારે સ્ત્રી ઘરમાં રાંધવાનું, પાણી ભરવાનું, અનાજ અને દેવ-સ્થાને અટકી શકતી નથી. માસીક અટકે નહીં તો ભગત-ભૂવા પાસે 'વનસી' કરાવે છે પણ માસીક અટકાવ નહી આવે તો ગર્ભ રહ્યો છે એમ માનવામાં આવે છે.

જન્મ : ગર્ભ રહ્યા પછી સ્ત્રીને કોઈ ખાસ અલગ ખોરાક આપવામાં આવતો નથી. ગર્ભ રહ્યાથી બાળકનો જન્મ થાય ત્યાં સુધી આદિવાસી સ્ત્રી કામ પર જાય છે. બાળકનો જન્મ પોતાની જાતિની બે દાયણો કરાવે છે. બાળકને જન્મ બાદ ભગત ભૂવા પાસે દોરો બનાવી બાંધવામાં આવે છે. છોકરી કરતાં છોકરાને વધારે મહત્વ આપે છે તેઓ તેથી તો પોતાની મિલકત છોકરીને ન આપતાં છોકરાને આપે છે. છોકરીને ઘર જમાઈ હોય તો પણ પિતાની મિલકતનો ભાગ છોકરીને આપતા નથી. જન્મ પછી અહીંની જાતિઓમાં પાચોરાની વિધિ કરાય છે છોકરો હોય તો ચાર દિવસમાં અને છોકરી હોય તો ત્રણ દિવસમાં પાચોરા પૂજન વિધિ થાય છે. પ્રસુતાને વાવમેતોના પગલારૂપે ગરમ પાણીથી સ્નાન કરાવે છે અને મહુડાનો દારૂ પીવડાવવામાં આવે છે. ફાગણ માસમાં બાળકનો પામો હોય તો વાળ ઉતારવવાની વિધિ કરાવે છે.

### નામકરણ :

દક્ષિણ ડાંગની આદિવાસી જાતિઓમાં બ્રાહ્મણ પાસે જોવડાવી કે સલાહ લઈ નામકરણ કરાવતા જોવા મળે છે. જ્યારે ઉત્તર ડાંગ કે બીજા ડાંગના વિસ્તારમાં બ્રાહ્મણ સિવાય બાળક જન્મ સમયે દિવસે તહેવાર કે વાર હોય તેના ઉપરથી નામ પાડી દે છે. કેટલાક નામો કુદરતમાંથી વાળી લે છે આ પછી બાળક લગ્ન ઉંમરનું ન થાય ત્યાં સુધી ઘરે જ કુદરતના ખોળે ઉછરે છે. નાના મોટા ઘરના કામો કરે છે જંગલમાં ફરે છે.

લગ્ન :

ડાંગી આદિવાસી જાતિઓમાં પોટાભાગના લગ્ન સંબંધો મા-બાપથી ગોઠવાતા હોય છે. છોકરા છોકરીઓ એકબીજાને જોઈ શકે છે. ઘણીવાર ગામમાંથી બીજા ગામોમાં જ લગ્ન થતા હોય પરસ્પરમાં પણ હોય છે છોકરા છોકરી એકબીજાને ચાહે કે સંબંધે થઈ જાય તો લગ્ન થઈ જાય છે વડીલો રીતરિવાજ પ્રમાણે આગેવાન, કારભારી કે પાટીલને જાણ કરી સંતાનોના લગ્ન કરે છે. છોકરીની સંમતિ હોય તો ભાગેડુ લગ્ન થઈ શકે છે. છોકરીને પ્રેમ થઈ ગયો હોય તો લગ્ન કર્યા સિવાય પણ આવે છે પાછળથી લગ્નવિધિ કરાવે છે. જો કે અમુક ઘનિષ્ઠ સંબંધે હોય તેવા દરવાજા કુટુંબો સાથે લગ્ન સંબંધ બંધાય છે તેમ આજુબાજુના પાંચ છ ગામો સાથે લગ્ન સંબંધોથી જોડાયેલા હોય છે. તેઓ લગ્ન માટે થોડોક જમીન, ગાયો, બળદ, બકરા હોય તેને છોકરી પરણવામાં વાંધો રાખતા નથી. ઢોરઢાંખરને વધુ મહત્વ આપે છે. તેઓ ૧૨ થી ૨૫ વર્ષની ઉંમરે લગ્ન કરતા હોય છે લગ્નમાં સૌ પ્રથમ સગાઈ કરવી પડે છે, એટલે છોકરી જોવી છોકરા પક્ષથી છોકરી જોવાનો રિવાજ છે પણ જ ચોળપેન કે 'નાની પેન' ગોઠવાય છે. અને પણ પોટોપેન મરવાનો રીવાજ તેમનામાં જોવા મળે છે. લગ્ન પટેલ કરાવે છે તે ન હોય તો કારભારી કરાવે છે લગ્નમાં નાચવાનું અને દારૂ પીવાનું એમ લગ્ન મનાવે છે. તેમનામાં ચારી વહુ કે દિયર વહુ જોવા મળે છે. દિયરવટામાં દિયરની ઈચ્છા હોય તો કરે છે. અહીંની જાતિઓમાં તેમની પોતાની જાતિ સિવાય બીજી અન્ય જાતિઓમાં લગ્ન સંબંધો બંધાતા નથી તેઓમાં ખંધાડિયા પ્રથા એટલે છોકરીને માટે મા-બાપ જમીન વગરના કે જમીનવાળા ઈચ્છા ધરાવતા લગ્ન કરીને ઘર જમાઈ તરીકે ઘરમાં બેસાડે છે. ત્રણ કે પાંચ વર્ષે ખંધાડિયાના વિધિસર લગ્ન કરાવવામાં આવે છે.

સગાઈ જૂથો - કુળો :

ડાંગોની આદિવાસી જાતિઓમાં અનેક સગાઈ જૂથો અને જુદા જુદા કુળો જોવા મળે છે. દા.ત ભીલોમાં પવાર, બોટે, વાઘ, ઠાકરે, ગાંગુર્ડે, મોરે, જાદવ, ચોરે, ગાયકવાડ, ચૌધરી, સહારીયા,

ધનગઢ, વળવી એ રીતે બીજી જાતિઓમાં પણ ઘણા એવા કુળ ગોત્ર જોવા મળે છે. જેમ કે તુમડા, પ્રધાન, વાઘમારે, રાઠોડ, બાગુલ, ગાવિત, દેશમુખ, મહાલા કેકડવી, વાડુ મોકાળી, ઢોવા વગેરે જોવા અનેક ગોત્રો ધરાવે છે.

ડાંગની આદિવાસી જાતિઓ પોતાની જાતિમાં જ લગ્ન સંબંધો બાંધે છે પરંતુ પોતાની જાતિના એક ગોત્ર સાથે કુળ સાથે લગ્ન સંબંધ ન બાંધતા બીજા કુળ સાથે લગ્ન સંબંધ બાંધે છે.

તપાસ હેઠળના કુટુંબોમાંથી કુટુંબના કુલ સભ્યો અને તેનું વયજૂથ જોઈ શકાય છે. તેમાં જોઈએ તો નાના બાળકો અને યુવાન સ્ત્રી પુરુષો નો સભ્ય સંખ્યા અવિશેષ છે. ૦ થી ૧૪ની વયના બાળકો કુલ મળીને ૩૨.૯૮ ટકા અને યુવાન સ્ત્રી પુરુષો બન્ને મળીને ૩૩.૦૬ ટકા છે. ૨૬ થી ૩૫ની સભ્ય સંખ્યા ધરાવતા પુરુષો-સ્ત્રીઓ ૨૬.૩૧ ટકા અને ૩૬ થી ૬૦ સભ્ય સંખ્યા ધરાવતાં પુરુષ-સ્ત્રીઓ માત્ર ૭.૫૨ ટકા જ છે.

કુટુંબના સભ્યોનું વયજૂથ

કોઠા નં. ૫.૧

| ક્રમ | ગામ કુટુંબ સંખ્યા | ૦ થી ૧૪ પુ | ૦ થી ૧૪ સ્ત્રી | ૧૫ થી ૨૫ પુ | ૧૫ થી ૨૫ સ્ત્રી | ૨૬ થી ૩૫ પુ | ૨૬ થી ૩૫ સ્ત્રી | ૩૬ થી ૬૦ પુ | ૩૬ થી ૬૦ સ્ત્રી | ૬૦ થી ઉપર પુ | ૬૦ થી ઉપર સ્ત્રી | કુલ પુ | કુલ સ્ત્રી | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ચીચીના ગાવઠા ૨૦ | ૧૫ | ૧૪ | ૧૫ | ૧૫ | ૮ | ૯ | ૩ | ૩ | – | – | ૪૧ | ૪૧ | ૮૨ |
| ૨. | બોરખેત ૨૦ | ૧૫ | ૧૧ | ૨૨ | ૨૩ | ૧૬ | ૧૬ | ૩ | ૪ | – | – | ૫૬ | ૫૪ | ૧૧૦ |
| ૩. | સાજુપાડા ૨૦ | ૧૩ | ૧૦ | ૧૪ | ૧૪ | ૧૫ | ૧૨ | ૩ | ૬ | – | – | ૪૫ | ૪૯ | ૯૪ |
| ૪. | બરડીપાડા ૨૦ | ૨૨ | ૨૧ | ૧૨ | ૧૦ | ૧૬ | ૧૦ | ૪ | ૪ | – | – | ૫૪ | ૫૯ | ૧૧૩ |
| ૫. | કુલ ૮૦ | ૬૫ | ૬૩ | ૬૩ | ૬૯ | ૫૫ | ૫૪ | ૧૩ | ૧૭ | – | – | ૧૯૬ | ૨૦૩ | ૩૯૯ |
| ૬. | ૮૬૧ | ૩૩.૧૬ | ૩૧.૦૩ | ૩૨.૧૪ | ૩૩.૯૯ | ૨૮.૦૬ | ૨૬.૬૦ | ૬.૬૪ | ૮.૩૮ | | | ૧૦૦. | ૧૦૦. | |
| | | ૩૨.૦૯ | | ૩૩.૦૬ | | ૨૭.૩૨ | | ૭.૫૨ | | | | ૧૦૦.૦૦ | | |

કુટુંબના કદ પ્રમાણે વર્ગીકરણ : કોઠા નં. પ.૨

| ક્રમ | ગામ | કુટુંબ સંખ્યા<br>૧ થી વ્યક્તિ | ૪ થી ૬ વ્યક્તિ | ૭ થી ૮ વ્યક્તિ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧. | સાજુપાડા | ૩<br>૧૫.૦૦ | ૧૬<br>૮૦.૦૦ | ૧<br>૫.૦૦ | ૨૦<br>૧૦૦.૦૦ |
| ૨. | બરડીપાડા | ૧<br>૫.૦૦ | ૧૫<br>૭૫.૦૦ | ૪<br>૨૦.૦૦ | ૨૦<br>૧૦૦.૦૦ |
| ૩. | ચીચીના ગાવઠા | ૮<br>૪૦.૦૦ | ૧૧<br>૫૫.૦૦ | ૧<br>૫.૦૦ | ૨૦<br>૧૦૦.૦૦ |
| ૪. | બોરખેત | ૧<br>૫.૦૦ | ૧૫<br>૭૫.૦૦ | ૪<br>૨૦.૦૦ | ૨૦<br>૧૦૦.૦૦ |
| ૫. | કુલ<br>ટકા | ૧૩<br>૧૬.૨૫ | ૫૭<br>૭૧.૨૫ | ૧૦<br>૧૨.૫૦ | ૮૦<br>૧૦૦.૦૦ |

આગળ જોયું કે તપાસેલ કુલ કુટુંબોની કુલ વસતિ ૩૯૮ની હતી જેમાંથી ૫૦.૮૮ ટકા સ્ત્રીઓ અને ૪૯.૧૨ ટકા પુરુષો હતા. પુરુષો કરતાં સ્ત્રીઓનું પ્રમાણ વિશેષ હતું.

કુટુંબના કદ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ કોઠા ૫.૨ માં દર્શાવવામાં આવેલ છે. કુટુંબના કદમાં મધ્યમ કદના કુટુંબોની સંખ્યા વિશેષ જોવા મળી હતી. કુલ કુટુંબોમાંથી ૭૧.૨૫ ટકા જેટલા એ કુટુંબો ૪ થી ૬ વ્યક્તિની સંખ્યા ધરાવતા જોવા મળ્યા હતા. એ રીતે તપાસના સમગ્ર ગામોમાં પણ મધ્યમ કદ ધરાવતા કુટુંબોની સંખ્યા વિશેષ જાણવા મળી હતી જે કોઠા ૫.૨ માં દર્શાવવામાં આવી છે. તે જોતાં ચિત્ર સ્પષ્ટ થશે.

તપાસેલ કુટુંબોમાંની કુલ વસતિમાંથી ૬૨.૧૬ ટકા અભણ હતા જ્યારે પ્રાથમિક ધોરણ કે સહી કરી શકે તેવા ૨૬.૦૬ ટકા, માધ્યમિક ધોરણ-૭ સુધીના કહી શકાય તેવા ૯.૭૧ ટકા અને ૨.૦૭ ટકા જેટલા ઉ.માધ્યમિક શિક્ષણ લીધેલા હતા. તપાસ સમયે બોરખેત ગામનો એક છોકરો પણ ગ્રેજ્યુએટ હતો. તપાસેલ કુટુંબોની જાતિવાર શિક્ષણની પરિસ્થિતિ જોતા જાણવા મળ્યું હતું કે ૯૯ ભીલ વસતિમાંથી ૭૩ અભણ, ૧૭૯ કુકણામાંથી ૧૦૬ અભણ, ૪૧ કોટવાળિયામાંથી ૨૫ અભણ અને ૭૪ ગામીતમાંથી ૩૬ અભણ હતા. જાતિવાર શિક્ષણની માહિતી ગામ અને પુરુષ-સ્ત્રીની સંખ્યા પ્રમાણે કોઠા ૫.૩ માં આપવામાં આવી છે.

તપાસેલ કુટુંબમાં જાતિવાર અક્ષરજ્ઞાન                    કોઠા નં. ૫.૩

| ક્રમ | ગામ - જાતિ | ચોધરીના ગાવઠા | | | | | | બોરખેત | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુકણા | | કોટવાળિયા | | કુલ | | કુકણા | | વારલી | | ભીલ | | કુલ | |
| | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૧. | પ્રાથમિક | ૮ | ૭ | ૬ | ૬ | ૧૦ | ૧૩ | ૧૨ | ૮ | – | – | ૨ | ૩ | ૧૪ | ૧૧ |
| ૨. | માધ્યમિક | ૧ | – | – | ૧ | ૧ | ૧ | ૬ | ૫ | ૧ | ૧ | ૩ | ૪ | ૧૦ | ૧૦ |
| ૩. | ઉચ્ચ માધ્યમિક | – | – | – | – | – | – | ૨ | ૧ | – | – | – | – | ૨ | ૧ |
| ૪. | અભણ | ૧૧ | ૧૪ | ૧૨ | ૧૩ | ૨૩ | ૨૭ | ૧૦ | ૧૨ | ૪ | ૩ | ૧૬ | ૧૭ | ૩૦ | ૨૬ |
| ૫. | કુલ | ૨૦ | ૨૧ | ૨૧ | ૨૦ | ૪૧ | ૪૧ | ૩૦ | ૨૬ | ૨ | ૪ | ૨૪ | ૨૪ | ૫૬ | ૫૪ |

| ક્રમ | ગામ – જાતિ | રાજુપાડા | | | | | | | | વરડીપાડા | | | | | | | |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| | | કુકણા | | ભીલ | | ગામીત | | કુલ | | ગામીત | | ભીલ | | કુકણા | | કુલ | |
| | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૧. | પ્રાથમિક | ૪ | ૫ | ૪ | ૪ | – | – | ૮ | ૯ | ૮ | ૧૧ | ૨ | ૪ | ૬ | ૩ | ૧૬ | ૧૮ |
| ૨. | માધ્યમિક | – | – | – | – | ૨ | ૩ | ૨ | ૩ | ૬ | ૩ | – | – | ૨ | ૧ | ૮ | ૪ |
| ૩. | ઉચ્ચ માધ્યમિક | – | – | – | – | ૨ | ૧ | ૨ | ૧ | ૧ | ૧ | – | – | – | – | ૧ | ૧ |
| ૪. | [illegible] | ૧૪ | ૧૩ | ૧૪ | ૧૭ | ૫ | ૬ | ૩૩ | ૩૬ | ૧૩ | ૧૨ | ૨ | ૪ | ૧૪ | ૨૦ | ૨૯ | ૩૬ |
| ૫. | કુલ | ૧૮ | ૧૮ | ૧૮ | ૨૧ | ૯ | ૧૦ | ૪૫ | ૪૯ | ૨૮ | ૨૭ | ૪ | ૮ | ૨૨ | ૨૪ | ૫૪ | ૫૯ |

વૈવાહિક સ્થિતિ દર્શાવતો કોઠો - ૫.૪

| ક્રમ | ગામ | પરિણીત | | અપરણિત | | વિધુર | વિધવા | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | | | પુ. | સ્ત્રી |
| ૧. | ચોચોના ગાવઠા | ૨૯ | ૨૭ | ૧૫ | ૧૬ | - | - | ૪૧ | ૪૧ |
| ૨. | બોરખેત | ૪૧ | ૪૧ | ૧૫ | ૧૧ | - | - | ૫૬ | ૫૪ |
| ૩. | રાજુપાડા | ૩૨ | ૩૪ | ૧૨ | ૧૭ | - | - | ૪૫ | ૩૯ |
| ૪. | બરડીપાડા | ૩૨ | ૩૮ | ૨૨ | ૨૧ | - | - | ૫૪ | ૫૯ |
| ૫. | કુલ | ૧૩૧ | ૧૪૦ | ૬૫ | ૬૩ | - | - | ૧૯૬ | ૨૦૩ |
| | ટકા | ૬૬.૮૪ | ૬૮.૯૭ | ૩૩.૧૬ | ૩૧.૦૩ | - | - | ૧૦૦.૦૦ | ૧૦૦. |

તપાસ હેઠળના કુટુંબોના વૈવાહિક સ્થિતિનો ખ્યાલ કોઠા - ૫.૪ પરથી આવે છે પુરુષ અને સ્ત્રીઓમાં પરણિતનું પ્રમાણ અર્ધું કરતાં વધારે છે અને તેમાંય પુરુષો કરતાં સ્ત્રીઓનું પરણિત પ્રમાણ વિશેષ જોવા મળે છે. વિધુર-વિધવા કે છૂટાછેડા કે ત્યકતાનું પ્રમાણ તપાસ હેઠળના કુટુંબોમાંથી જોવા મળ્યું નથી. અપરણિત પુરુષ અને સ્ત્રીઓનું પ્રમાણ ૫૦ ટકા કરતાં પણ ઓછું છે જે કોઠો જોતા ખ્યાલ આવે છે.

ડાંગની આદિવાસી જાતિઓમાં નાની વયે લગ્ન મહંદઅંશે થતા જોવા મળે છે ૧૫ થી ૨૦ વર્ષની ઉંમરે લગ્ન કરી લેતા હોય એમ જાણવા મળ્યું હતું.

<u>કુટુંબ જીવન</u> : કુટુંબની સત્તા કુટુંબના વડીલ પુરુષ પાસે જોવા મળે છે. ખૂબ વૃદ્ધ પિતા હોય તો તેવા કિસ્સાઓમાં કુટુંબની સત્તા તેથી મોટા દીકરા પાસે હોય છે જેમની પાસે કુટુંબની સત્તા હોય તેને કુટુંબના દરેક સભ્યોનું ભરણ-પોષણ અને લગ્ન કરવા લાયક કુટુંબના સભ્યોના પરણવાની જવાબદારી પણ તેની હોય છે. કુટુંબના વડીલનું દરેક સભ્યે કહેવું માનવું પડે છે ન માને તો અલગ કરી દેવામાં આવે છે. મિલકત વહેંચણી પુરુષ મરણ પથારીએ કે મરણ પામે ત્યારે જ કરવામાં આવે છે. કેટલીક જાતિઓમાં ડાંગમાં લગ્ન પછી મોટા ભાગે અલગ રહેઠાણ અલગ રસોડું, કમાણી અલગ કરે છે. તેમ જ્યાં જરૂર પડે પિતાની સલાહ અને મદદ લેવાય છે આમ કુટુંબમાં પિતાનું સ્થાન મહત્વનું ગણાય છે.

કુટુંબમાં પિતાના સ્થાન પછી જ્યેષ્ઠ પુત્રનું આવે છે ખેતીમાં અમુક સલાહ દીકરા પાસેથી પણ લેવાય છે. જે કુટુંબ સંયુક્ત હોય તેમાં માતા-પિતા નાના દિકરા સાથે જ રહેતા જોવા મળે છે. તેમની કેટલીક અહીંની જાતિઓમાં પ્રથમ પત્નીથી દીકરો ન થાય તો તેની મંજૂરી લઈ બીજી પત્ની કરી શકે છે. ત્રીજી પત્ની પણ કરી શકે છે. આમ કુટુંબમાં દીકરો અગત્યનું મોભાનું સ્થાન ધરાવે છે. કારણ કે તેઓ માને છે કે દીકરો વંશ વધારે છે દીકરો ન થાય ત્યારે દીકરી માટે ઘરજમાઈ લાવે છે તેની સાથે દીકરા જેવું વર્તન કરે છે સ્ત્રીનું સ્થાન પુરુષની તુલનામાં ગૌણ હોય છે. છૂટાછેડા પણ પુરુષ તરફથી લેવાય છે. મિલકત દીકરાને જ અપાય છે. સંતાન પાછળ પિતાનું નામ જ લાગે છે. માતાનું લાગતું નથી.

આમ ડાંગીઓના સમાજમાં પિતૃવંશી, પિતૃસત્તાક અને પિતૃસ્થાનીય છે. ઘરજમાઈ હોય તો અને દીકરો જુદો થાય તો નવા નિવાસો ઘર જમાઈ લે છે. એટલે સમાજ પિતૃસત્તાક છે. એ રીતે સંતાનો પાછળ પિતા કે પતિનું નામ જોડવામાં આવે છે. છોકરી લગ્ન પછી પતિને ઘરે જાય છે. ઘર જમાઈ હોય તો જ પુરુષો પત્નીના ઘરે રહે છે.

## ધાર્મિક જીવન :

ડાંગમાં ભીલ, કુનબી અને વારલી આ ત્રણે આદિમ સમુદાયોનું ધાર્મિક જીવન સરખું જોવા મળે છે. ડાંગ વસતી બીજી જાતિઓ આ જાતિઓનું જે ધાર્મિક જીવન છે તે પ્રમાણે જ માન્યતાઓ, ઉજવણી, પૂજાપાઠ કરીને અનુસરે છે. આ મુખ્ય જાતિઓની માન્યતાઓ પણ એક સરખી જોવા મળે છે. તેમના તહેવારની ઉજવણી, પૂજાપાઠ વગેરે સરખા જોવા મળે છે. એક સરખી પૂજાવિધિ થાય છે. આ સમુદાયોના તહેવારો કેટલા અને કેવી રીતે ઉજવણી કરે છે, તેમના દેવદેવીઓ કયા કયા છે.

તેમના તહેવારોમાં નવ તહેવારો અહીંની બધી જાતિઓમાં આવે છે.

| | |
|---|---|
| ૧. અખાત્રી | ૬. વાઘબારસ |
| ૨. તેરા | ૭. કાળી ચૌદશ |
| ૩. પોળા | ૮. દિવાળી |
| ૪. પરવી | ૯. હોળી |
| ૫. નવા | |

તેમના કુલ દેવદેવીઓ નીચે મુજબ છે.

| મુખ્ય દેવઓ : | અન્ય દેવદેવીઓ | |
|---|---|---|
| ૧. માટવાળો હનુમાન | ૧. ગામ દેવ | ૧૨. ચહરાબાઈ |
| ૨. પડેરાવ | ૨. કંસારી માતા | ૧૩. ઝગારોબાઈ |
| ૩. બહેરામ | ૩. ઉંડમાય | ૧૪. પોકોબાઈ |
| ૪. ભવાની માતા | ૪. હરવા દેવ | ૧૫. તયબાઈ |
| ૫. પુંજેરા | ૫. નારાયણ દેવ | ૧૬. દયોબાઈ |
| ૬. મહાદેવ | ૬. વારોળા દેવ | ૧૭. ખોડાદેવ |
| | ૭. ડોંગર માવલી | ૧૮. બોરીરાવાર |
| | ૮. નાગદેવ | ૧૯. સાજરી માતા |
| | ૯. વાઘદેવ | ૨૦. બાબિયાદેવ |
| | ૧૦. સમલાદેવ | ૨૧. સાંભાનીયાદેવ |
| | ૧૧. ભરમદેવ | ૨૨. મરવાડિયો |

<u>ચોખા દેવો :</u>

જે દેવદેવીઓની પૂજા, ફળફૂલ અને અગરબત્તી તથા દિવાથી કે નાળિયેરથી કરવામાં આવે છે તેવા દેવદેવીઓને ચોખા દેવદેવીઓ તરીકે ઓળખે છે તેમને મરઘા, બકરા ચઢાવવામાં આવતા નથી. ૧. હનુમાન ૨. મહાદેવ ૩. મુંજીરા ૪. જરમાદેવ ૫. બેડેરાવ ૬. ગણપતિ ૭. ઈશ્વરપાડ ૮. ગાય માતા

અખાત્રીના તહેવારથી વર્ષની શરૂઆત અને હોળીના તહેવારથી તેમનું વર્ષ પૂરું થાય છે.

<u>તહેવારો</u> : (૧) <u>તેરા</u>: તેરાનો તહેવાર તેમની ભાજી જંગલમાં વરસાદ પડતાં ઉગી નીકળે છે ત્યારે આ તહેવારની ઉજવણી થાય છે. આ તહેવાર ન ઉજવાય ત્યાં સુધી જંગલની ભાજીઓ ખાતી નથી. તેરા બધા દેવદેવીઓ ધરાવી પૂજા કરી પછી પૂર્વજોને આપી પછી જ ખાય છે. ઢોરોની રક્ષા, રોગચાળો વગેરેથી બચવા, પાક નિષ્ફળ ન જાય માટે આ તહેવાર ઉજવે છે.

(૨) <u>પાવો</u> : ચોલ ચિત્ર દોરોને તેમાં નાગ, વાઘ, સૂરજ, નાચકૂદ, ખેડૂત, મોર દોરે છે. તેને તેઓ પાવો ઓળખા નામથી ઓળખે છે. આમાં ગુજરી ગયેલા પૂર્વજો નામનું ધાન્ય અગ્નિમાં હોમવામાં આવે છે. દરેક દેવોની પૂજા પછી જમવાનું હોય છે.

(૩) <u>પોળા</u> : આ તહેવાર બળદનો માનવામાં આવે છે. બળદની પૂજા કરવામાં આવે છે. ખેતીના કાર્યો મોટા ભાગના પુરા થયે તહેવાર ઉજવાય છે. બળદના પગ પૂજન કરે છે. પછી સ્ત્રી આરતી લઈ બળદને ચાંલ્લો કરે છે શીંગડા રંગવામાં આવે છે. આ દિવસથી બળદની કાંધ ધુસરી મૂકવામાં આવતી નથી.

(૪) <u>પિતૃ</u> : આ સિવાય પિતૃ હિન્દુઓના શ્રાધ્ધની જેમ આઠ વડીલોની પૂજા કરવાની હોય છે.

(૫) <u>આખાટો ટાકવો</u> : દરેક ગામની જેમ કરીને ચૂલામાં અગ્નિ સળગાવી ચૂલાની પૂજા અને ગુજરી ગયેલા વડીલોના નામ લઈ હોમવામાં આવે છે. ૧. વાઘબારસ ૨. ધનતેરસ ૩. ચૌદસ ૪. દિવાળી અને બેસતો તહેવાર હોય તેઓ ઉજવે છે.

આ સિવાય આગળ બતાવ્યા એ દેવદેવીઓનો વારતહેવાર પ્રમાણે જેમ દિવસો આવે તેમ તેઓ ઉજવે છે અને તેની પૂજાવિધિ અને માન્યતાઓ પ્રમાણે તેમની વિધિઓ અને બાધા કે જે ચઢાવવાનું હોય તે વિધિ કરે છે.

<u>ભગતનું સ્થાન :</u>

આ ડાંગી આદિવાસીઓમાં ધાર્મિક વિધિઓ અને દેવદેવીઓના પૂજાવિધિઓની સાથે સાથે ભગતોનું પ્રાબલ્ય વિશેષ જોવા મળે છે. ભગત જે કહે તેમાં એમને વિશ્વાસ છે. ભૂત-ડાકણ વગેરેની માન્યતામાં તેઓ ભૂવા-ભગતનો આશરો લે છે.

જ્યારે કોઈ માંદુ પડે ત્યારે દાણા જોવડાવવા, મનાવવા અને કેટલીકવાર ભગતની વેદકીય દવા તરીકે આપે છે તેઓ ઢોર ઢાંખરની માંદગીમાં પણ તેમનો આશરો લે છે. તેઓ ડાકણ વગેરેમાં પણ માને છે. તે કોઈ જડીબુટ્ટી મંત્રો ભણી તેનો નાશ કરે છે તેમ પણ તેઓ માને છે. આ ડાંગીઓ પોતાના પાકોની લણણી દા.ત. નાગલી કાપતાં પહેલાં ભૂવા પાસે જઈને કે પોતે પણ નાગલીના ખેતરમાં જઈ ત્યાં પૂજાવિધિ કરી નાગલી કાપવાનો મૂહુર્ત લેવામાં આવે છે. પછી જ કાપવાનું શરૂ કરે છે. ભગતો તાવ ઉતારવાની વિધિ પણ કરે છે. ભગતો તેમાં કંટોલાના કંદ' કંદને ખવડાવે છે જેથી ઉલટી થાય છે. ભગતો અન્ય રોગો માટે પણ જંગલની જડીબુટ્ટીઓ જંગલમાંથી મેળવી તેનાથી દવા કરે છે.

<u>શુકન - અપશુકનની માન્યતાઓ :</u>

આ લોકોમાં ડાકણ, ભૂત અને દેવદેવતાઓ વિશે ઘણી માન્યતાઓ છે અન્ય સમાજોની જેમ આ લોકો પણ શુકન-અપશુકનની માન્યતાઓ પ્રચલિત છે. બિલાડી મળે, ખાલીબેડું, કાગવાણી થાય, ઠોકર વાગે તો અપશુકન થાય એમ માને છે. બિલાડી આડી ઉતરે તો કામ સફળ ન થાય તેમ તેઓ માને છે. બિલાડીને ડાકણનું સ્વરૂપ માનવામાં આવે છે ભરેલા ઘડાને શુકન માનવામાં આવે છે.

**મૃત્યુ :**

ડાંગની આદિવાસી જાતિઓમાં મૃતદેહને બાળવાનો અને દાટવાનો એમ બન્ને રિવાજ છે વ્યક્તિ ખૂબ બિમાર હોય ત્યારે તેના નજીકના સગા આવે છે. કોઈપણ વ્યક્તિ મૃત્યુ પામે પછી નજીકના સગા હોય તેમને બોલાવવામાં આવે છે. દૂરના તાત્કાલીક આવી શકતા નથી તે બીજા દિવસે કે બારમા દિવસે આવે છે બાળવા કે દાટવા પાછળનો હેતુ એવો છે કે બાળવામાં આવે તો ઘણુ ખર્ચ કરવુ પડે છે જ્યારે દાટવામાં એટલો ખર્ચ આવતો નથી આથી જેની પાસે સગવડ હોય તે બાળે છે અને સગવડ ન હોય તે દાટે છે.

જે ઘેર મૃત્યુ થાય તે ઘેર ફળિયાના અને ગામના સ્ત્રી-પુરુષો એકઠા થાય છે. સગર્ભા સ્ત્રી તેમાં આવતી નથી. શબને લઈ જવા માટેની તૈયારીઓ કરે છે શબને તેલ ચોપડી પછી આખા શરીરે હળદર ચોપડે છે. (લગ્ન ન થયા હોય તેને તેલ કે હળદર ચોપડાતી નથી) ઠાઠડી તૈયાર શબ માટે કરે છે તેને 'માચ' કહે છે ઠાઠડી ભાઈ ભાઙુઓ નાત-ગોત્રના લોકો ઉઠાવે છે થોડે જઈને વિસામો કરે છે. તેઓ એને 'ઈશન' કહે છે. આ જગ્યાએ ચોખા, એક થાળી પૈસા તેનો છોકરો ભાઈ કે નાત-ગોત્ર મૂકે તે જાગલ્યો લઈ જાય છે સ્ત્રીઓ અહી સુધી આવે છે અને પાછી ફરે છે મરનાર સ્ત્રી હોય તો બંગડીઓ, મંગળસૂત્ર જેને ગોઠી કહે છે તે સ્ત્રીઓ ફોડી નાખે છે. બધા નદીએ જઈ સ્નાન કરે છે પછી 'ખાંધિયા' ઉતારવાની વિધિ કરવામાં આવે છે. શબને દાટી દીધા પછી કે બાળી દીધા પછી રાત્રે ઘરે લોટની પૂંજ મૂકી ટોપલાથી ઢાંકી રાખી સવારે લોટની નિશાની જોઈ મરનાર કઈ યોનીમાં જશે. તે ભાઈ કાઢે છે શબને દાટ્યુ હોય ત્યા ૧૦ દિવસ સુધી અગ્નિ આપી તે દરમ્યાન સળગાવે છે શબને સળગાવવામાં આવ્યુ હોય તેની દિવસની વિધિ સાત દિવસે કરાય છે અગિયારમા દિવસે બ્રાહ્મણ પાસે નદીએ પૂજા વિધિના સાધનો લઈ બોલાવવામાં આવે છે. ખાસ કુટુંબીઓના હજામે વાળ કાપવા પડે છે મૃત્યુ પાછળનો ખર્ચ ઘેર સમક્ષ ભાઈઓ હોય તો સરખે ભાગે કરાય છે સગર્ભા કે પ્રસુતી વખતે મરનાર સ્ત્રીની વિધિઓ જુદી હોય છે મૃત્યુ પછી જે વિધિ કરવામાં આવે છે તેને કેટલાક વિસ્તારોમાં ચોખા પાણી કહેવામાં આવે છે. મરનાર પાછળ કરાતી વિધિઓ અને જમાડવા પાછળ ખર્ચ થાય છે બહારથી જે સગાઓ આવે છે તેમને જમાડવા પડે છે આવા વખતે ગામ લોકો અને કુટુંબીઓ અનાજ ખાવો લાવી મદદ કરે છે.

ડાંગની આદિવાસી જાતિઓમાં બાળકના મૃત્યુ પ્રસંગે દાટવાનો રિવાજ છે બાળકને દાટતા યા કે દૂધ પાય છે સાથે તેની ગમતી વસ્તુઓ કપડા, ઘરેણા, રમકડા મૂકવામાં આવે છે ડાંગમાં ભીલ જાતિમાં બાળકને દાટવા તેમજ બાળવાનો બન્ને રિવાજ છે.

ડાંગમાં મરનારનો પાળિયા ખતરા મૂકવાનો રિવાજ નથી. તેની પૂજા પણ કરતા નથી. પણ તહેવારના દિવસે સગા અને કુટુંબીઓ યાદ કરીને તેના નામના ખોરાકના કોળિયા કરી મૂકે છે.

<u>ડાંગની આદિવાસી જાતિઓમાં આંતર સંબંધો :</u>

ડાંગની ભીલ, કુકણા-કુનબી, ગામીત અને વારલી મહત્વની મુખ્ય જાતિઓ અને તેની સાથે વસતી ધોડિયા, નાયક-નાયકડા, ચૌધરી, કોલઘા, ઢોરકોળી, કોટવાળિયા, પઢાર, ગોંડ, બાવચા અને ધાનકા જાતિઓ વચ્ચે આંતર સંબંધો જોવા મળે છે.

xxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxx;

આખા વિસ્તારમાં કુકણા, ગામીત અને વારલીઓ ભીલોને પોતાનાથી નીચા ગણે છે. ડાંગના મૂળ વસવાટી એવા ભીલોની આર્થિક પરિસ્થિતિ આ જાતિઓ કરતાં કંગાળ હોઈ અને ભીલો એ જાતિઓ કરતાં વધુ પડતા આળસુ હોઈ તેમના આ પડતો હોઈ શકે, જો કે આમે ડાંગની જાતિઓમાં એક જ્ઞાતિ બીજી જ્ઞાતિ વચ્ચે લગ્નના સંબંધો બંધાતા નથી. ભીલો પોતાની જ્ઞાતિમાં જ પરંતુ સગોત્ર લગ્ન સંબંધો તેમનામાં જોવા મળતા નથી. તેમની જ જ્ઞાતિમાં પરંતુ બીજા ગોત્રમાં લગ્ન કરે છે પોતાની જ્ઞાતિમાં પણ એક જ ગોત્રમાં લગ્ન કરતા નથી. લગ્ન સંબંધોમાં કુકણા, ગામીત અને વારલીઓ ભીલોને આમંત્રણ આપતા નથી તેમજ તેમની વચ્ચે ખાવાપીવાના સંબંધો પણ રાખતા નથી.

એ રીતે ડાંગની બીજી જ્ઞાતિઓ ધોડિયા, નાયક-નાયકડા, ચૌધરી, દૂબળા, પારધી વચ્ચે પણ લગ્ન કે ખાનપાનના સંબંધો જોવા મળતા નથી. એ સિવાય રાઠવા, પટેલીયા, પઢાર, ગોંડ, બાવચા, ધાનકા જેવી ખૂબ જ ઓછી વસતિ ધરાવતી જાતિઓ વચ્ચે પણ લગ્ન કે ખાનપાનના સંબંધો જોવા મળતા નથી. કુકણા, વારલી, ગામીત જેવી જ્ઞાતિઓ અને ધોડિયાઓ સાથે જેની આર્થિક સ્થિતિ બીજી જ્ઞાતિઓ કરતાં થોડી સારી છે તેઓ પ્રસંગોપાત લગ્ન જેવા પ્રસંગોએ કે મૃત્યુ

પ્રસંગે ખાનપાન કે પ્રસંગે જતા હોય છે. ચોધો સાથે ઉપર દર્શાવ્યુ તેમ કૂકણા, વારલી, ગામીત માત્ર સ્થિતિના કારણે નીચા ગણે છે આભડછેડ તેમની સાથે રાખતા નથી.

આ વિસ્તારની કેટલીક જાતિઓ સાથે આભડછેડ રખાતો હોય તેમ પણ જોવા મળે છે. જેમ કે ભીલથી માંડીને કૂકણા, વારલી, ગામીત, ધોડિયા જેવી જાતિઓ કોટવાળિયા, ઢોરકોળી, કોલચા, કાથોડી જેવી જાતિઓ સાથે તેમને નીચા ગણીને લગ્ન સંબંધો બાંધતા નથી અને તેમની સાથે આભડછેડ રાખી તેમને અડકતા પણ નથી. અને તેઓ મરેલા ઢોરનું માંસ અને ઉંદર વગેરેનું માંસ ખાવાને કારણે આ જાતિઓ તેમની સાથે આભડછેડ રાખી અડકતી નથી.

જો કે તેમ છતાં આ બધીજ ડાંગની આદિવાસી જાતિઓ વચ્ચે ધાર્મિક ઉત્સવ પ્રસંગો જેમની સાથે આભડછેડ રખાતો નથી તેઓ એક સાથે ઉજવણી થાય છે તેમાં બધા જ ભાગ લેતા જોવા મળે છે.

## પ્ર ક ર ણ – ૬

**આર્થિક જીવન વ્યવસ્થા : (આવકના સ્ત્રોતો–(વ્યવસાયો) રોજગારી આવક, ખર્ચ )**

---

ગુજરાત રાજ્યના બધા જિલ્લાઓમાં ડાંગનું આગવું સ્થાન છે દક્ષિણ ગુજરાતમાં આવેલાં પશ્ચિમ સહ્યાદ્રીના પશ્ચિમ ઢોળાવ પર તથા ગુજરાત મહારાષ્ટ્રની અનુક્રમે દક્ષિણ–ઉત્તર સીમા પર આવેલો ૧૭૬૪ ચો.કિ.મી. વિસ્તાર ધરાવતો અને ૨૦–૩૩–૪૦' ઉત્તર અક્ષાંશ અને ૭૩–૫૬–૩૬' પૂર્વ રેખાંશ વૃત્તોમાં સમાયેલો નાનકડો ડાંગ જિલ્લાનો સમગ્ર વિસ્તાર વિશાળ અને અખંડિત જંગલ તરીકે ખૂબજ જાણીતો છે. સમગ્ર જિલ્લો એક ડુંગરાળ પ્રદેશ છે અમુક સપાટોથી ઘણાં જગ્યાઓ પર ૧૦૫ મીટરથી ૧૩૧૭ મીટર સુધીનો ઉંચાઈમાં ફેરફારો થાય છે ટેકરીઓ અને ખીણો દર્શાવતો પડતાં પડ દર્શાવતો, કુદરતે જાણે છૂટે હાથે મોહક સૌંદર્ય વેર્યું છે એવો આ નયનરમ્ય પ્રદેશ ખરેખર નિસર્ગની એક અપ્રતિમ મહામૂલી ભેટ છે. ડાંગના મધ્ય અને પશ્ચિમ વિસ્તારમાં ગાઢ જંગલો આવેલા છે. અને પૂર્વમાં ખુલ્લો જમીનનો ભાગ આવેલો છે ખીણ વિસ્તારનો જમીન કાળી છે. જ્યારે ઢોળાવો અને ટેકરાવાળા વિસ્તારનો જમીન ગોરાડુ અને જો કાળી હોય તો તેમાં પથ્થરો હોય છે જ્યારે સામાન્ય રીતે જમીનનો રંગ લાલાસ પડતો હોય છે. સુરત તરફ વહેતી અંબિકા, પૂર્ણા, કાવેરી, અને ગીરા નદીઓનો સમગ્ર માર્ગ ઝાડીઓ–ખીણોથી ભરપુર છે. કોઈ પણ પહાડના શિખર ઉપર ચઢીને નરી આંખે જોઈએ તો ગાઢ જંગલો સિવાય કશુ જ દેખાતું નથી. જેઓ જંગલ વિસ્તારથી અપરિચિત છે તેમને તો આવુ દૃશ્ય ભારે રોમાંચક લાગે છે. ચોમાસાની ઋતુ સિવાય આ જિલ્લાની આબોહવા સુકી છે. આ ભારે વરસાદનો વિસ્તાર છે. અહીંના ઢોળાવ વરસાદનું પાણી જમીનમાં ઉતરવા દેતા નથી અને તેથી તેની ઘણી મોટી અસર પાક પર થાય છે. જિલ્લાનો સરાસરી વરસાદ ૧૮૦૦ થી ૨૦૦૦ મિ.મિ. છે. પણ ઉનાળામાં પાણીની અછત વરતાય છે એ મહિનામાં સખત ગરમી હોય છે.

સામાન્ય રીતે 'ડાંગ'નો અર્થ ડુંગરાળ ભાગ થાય છે બીજો અર્થ 'ડાંગ' શબ્દનો જંગલ પણ થાય છે આમ સમગ્ર વિસ્તાર ડુંગરાળ પ્રદેશ છે અને સાથે સાથે રાજ્યના સારામાં સારા જંગલ તરીકે પણ જાણીતો છે જિલ્લાનો ૦૯૧૨૧૦ હેક્ટરનો જમીન વિસ્તાર જંગલો આવેલા છે ૧૯૧૮ પહેલાં ડાંગ અશાંત વિસ્તાર હતો. ત્યાં સામંતશાહી રાજ્ય વ્યવસ્થા હતી. આ પ્રદેશના ભીલ રાજાઓ સ્વતંત્ર મિજાજના હતા ~~[illegible]~~ તેને કારણે ઘણા લાંબા સમય સુધી તેમને કોઈ [illegible] ~~[illegible]~~ કરી શકતું નહીં પણ ૧૮૫૭ પછી અંગ્રેજ સરકારે તેની વ્યાપારી રાજકીય નીતિથી આ લોકોને ધીરે ધીરે પરવશ બનાવ્યા ભીલ પ્રજા દબાઈ અને ડાંગના જંગલોમાં શાંતિ સ્થપાઈ. ૧૮૫૮ પછી જંગલ ખાતાના વહીવટ દરમ્યાન ત્યાં શાંતિ રહી, અંગ્રેજોએ આ પ્રદેશને બહારના સંપર્કથી તદ્દન જુદા પાડ્યાં ગણ્યા-ગાંઠ્યા અધિકારીઓ અને સ્થાનિક વેપારીઓ સિવાય કોઈ આવતું નહિ. છેક ૧૯૪૭ સુધી એટલે કે સ્વરાજ આવ્યું ત્યાં સુધી ડાંગ પ્રદેશ અને ડાંગના લોકોને પ્રયત્નપૂર્વક સંપર્કથી દૂર રાખવામાં આવ્યા ડાંગના રાજાઓને ભારત સરકારે માન્ય રાજાઓ ગણ્યા હતા. રાજાશાહીનો અંત આવતા ૧૯૪૮-૪૯માં ડાંગના રાજ્યોનું તે વખતના મુંબઈ રાજ્યમાં વિલીનીકરણ થયું તાત્કાલિક વહીવટ સુરત જિલ્લાના કલેક્ટરને સોંપાયો વખત જતા ડાંગનો અલગ જિલ્લો રચવાનું અનિવાર્ય ગણાતા જિલ્લાનું અલગ વહીવટી તંત્ર અસ્તિત્વમાં આવ્યું ૧૯૬૦માં ગુજરાતનું અલગ રાજ્ય રચાતા ડાંગ જિલ્લો ગુજરાતનો એક ભાગ બન્યો.

ડાંગ સઘન આદિવાસી વસ્તી ધરાવતો જિલ્લો છે ૧૯૯૧ની વસ્તી ગણતરી પ્રમાણે કુલ ૧૪૪૦૯૧ની વસ્તીમાંથી ૧૩૫૩૮૬ (૯૩.૯૬ ટકા) ની આદિવાસી વસ્તી જિલ્લાના કુલ ૩૦૯ ગામો અને બે નાના શહેરો (૧) આહવા જે જિલ્લાનું વડું મથક છે અને (૨) વઘઈમાં વસે છે જિલ્લાના ૭૦ ટકાથી પણ વધુ ગામડાઓ ૫૦૦થી ઓછી વસ્તી ધરાવે છે જિલ્લાનો વસ્તિ વધારો ૧૯૯૧ પ્રમાણે ૨૬.૭૭ ટકાનો છે આ વિસ્તારની વસ્તી ગીચતા ૬૨ કિ.મી. માત્ર ૮૨ માણસોની છે જિલ્લામાં કુલ અઢાર જેટલી આદિવાસી જાતિઓનો વસવાટ છે તેમાં કુનબી કે કુકણા (૫૧.૦૧ ટકા)

ભીલ (૨૫.૮૧ ટકા) અને વારલી (૧૪.૭૧ ટકાની) સંખ્યા એટલે કે (૯૦.ટકા) જેટલી વસ્તી છે જે બીજી આદિવાસી જાતિઓ કરતાં મોટી સંખ્યામાં જોવા મળે છે. ડાંગના મૂળ આદિવાસી તરીકે ભીલોને ગણવામાં આવે છે. તેમની ઓળખ તીરકામઠા છે. આ પ્રજા શિકાર કરીને જ જીવન ગુજારતી આવી છે. બીજી મહત્વની કુનબી-કોંકણા, વારલી જે ખેતી અને ખેતમજૂરી, પશુપાલન વગેરે કરીને જીવન ગુજારે છે. આમ ભીલો પોતાને રાજવી કુળને ગણે છે. તેમને ખેતીમાં ખાસ રસ [illegible]. ખેતીકામ માટે તેઓ કુનબી પર આધાર રાખે છે. એ રીતે વારલી-ગામીત પણ તેમની આર્થિક ઉન્નતિ માટે કુનબી જેવા જ પ્રગતિશીલ છે. કોટવાળિયાની વાત આ પ્રદેશમાં જુદી છે તે ખૂબજ ગરીબ છે તેમને જમીન નથી તેમજ તેઓ ખેતમજૂરી પણ કરતા નથી માત્ર ટોપલા-ટોપલી, કરંડિયા બનાવી પોતાનું જીવન ગુજારે છે.

સમગ્ર ડાંગમાં વસતિ આદિવાસી જાતિઓની સમાન સાંસ્કૃતિક રીતભાતો તેમજ તેમના વાર્ષિક તહેવારોની ઉજવણીમાં રહેલી સમાનતાને લીધે સામાન્ય રીતે અહીંના [illegible] આદિવાસીઓને 'ડાંગી' તરીકે ઓળખવામાં આવે છે.

કોઠા ૬.૧ પરથી જણાય છે કે ડાંગમાં ૧૯૮૧ની વસ્તી ગણતરીમાં નોંધાયેલી કુલ ૧૮ જાતિઓમાં કુનબી, ભીલ અને વારલી આ ત્રણ જાતિઓની વસ્તી પચાસ ટકા ઉપરની છે. એક કાળે ભીલોના બહુમતીવાળા આ સમગ્ર ડાંગમાં હવે કુંકણા-કુનબીઓની વસ્તી ભીલોને વટાવી ગઈ છે. કોઠામાં જોઈ શકીએ છીએ કે ભીલોની તુલનામાં કુંકણા કુનબીઓની વસ્તી હવે ૫૦ ટકા વધુ અને કુલ આદિવાસી વસ્તીમાં ૫૧.૦૧ની છે.

કોઠા ૬.૨માં ડાંગની કુલ આદિવાસી વસતિ, કુલ વસ્તી અને ગુજરાત રાજ્યની કામ કરતી વસતિનું વ્યવસાયિક વર્ગીકરણ ૧૯૬૧, ૧૯૭૧,૧૯૮૧, અને ૧૯૯૧નું ટકામાં દર્શાવ્યું છે જેમાં ખેતી, ખેતમજૂરી, ગૃહઉદ્યોગો સાથેના અને અન્ય કામ કરનારા (બાંધકામ, વેપાર, વાહન વ્યવહાર) વગેરેના દર્શાવ્યા છે ૧૯૯૧ના આદિવાસી કામ કરતી વસ્તીના આંકડા આપ્યા ન હોય ન હોઈ દર્શાવ્યા નથી. પરંતુ સમગ્ર વ્યવસાયિક વર્ગીકરણ જોઈએ તો ખ્યાલ આવે તેમ છે કે ગુજરાત રાજ્યમાં તેમજ કુલ

વસ્તીમાં કામ કરતી વસ્તીમાં ખેતી અને ખેતમજૂરોમાં કામ કરતી વસ્તી આ વિસ્તારમાં અવિશેષ જોઈ શકાય છે. તેનું કારણ ડાંગ વિસ્તારમાં માત્ર બે જ ગૃહઉદ્યોગો કાથો બનાવવાનો અને ટોપલા, કરંડિયા બનાવવાનો જાતો ધરાવે છે તે પણ કાથોડી અને કોટવાળિયા જાતિ પૂરતા છે.

આદિવાસી જાતિવાર વસ્તી - ૧૯૮૧     કોઠા નં. ૬.૧

| ક્રમ | જાતિનું નામ | વસ્તી | ટકા |
|---|---|---|---|
| ૧. | કુનબી - કુકણા | ૫૩૪૮૬ | ૫૧.૦૧ |
| ૨. | ભીલ | ૨૭૦૭૧ | ૨૫.૮૧ |
| ૩. | વારલી | ૧૫૪૩૪ | ૧૪.૭૧ |
| ૪. | ગામીત | ૪૭૮૦ | ૪.૫૫ |
| ૫. | ધોડિયા | ૧૯૮૦ | ૧.૮૮ |
| ૬. | કાથોડી | ૪૭૧ | ૪૧<br>૦.૪૫ |
| ૭. | કોટવાળિયા | ૮૨૦ | ૦.૭૮ |
| ૮. | નાયકડા-નાયક | ૩૩૧ | ૦.૩૨ |
| ૯. | દુબળા | ૧૭૯ | ૦.૧૭ |
| ૧૦. | પારધી | ૨૩ | ૦.૦૨ |
| ૧૧. | ચૌધરી-ચૌધરા | ૩૪ | ૦.૦૩ |
| ૧૨. | પટેલિયા | ૫ | - |
| ૧૩. | પઢાર | ૧ | - |
| ૧૪. | ગોંડ | ૩ | - |
| ૧૫. | બાવચા | ૧ | - |
| ૧૬. | ધાનકા | ૧ | - |
| ૧૭. | રાઠવા | ૫ | - |
| ૧૮. | કોલધા-કોળી | ૨૬૭ | ૦.૨૫ |
| ૧૯. | કુલ | ૧૦૪૮૫૫ | ૧૦૦.૦૦ |

આદિવાસી વસ્તિનું વ્યવસાયિક વર્ગીકરણ : કોઠા નં. ૬.૨

| ક્રમ | વિગત | | ૧૯૬૧ | | | ૧૯૭૧ | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગુજરાતની કામ કરતી વસ્તિ | આદિવાસી કામ કરતી વસ્તિ | ડાંગની કામ કરતી વસ્તિ | ગુજરાતની કામ કરતી વસ્તિ | આદિવાસી કામ કરતી વસ્તિ | ડાંગની કામ કરતી વસ્તિ |
| ૧. | ખેતી | ૪૨.૩૨ | ૫૯.૨૮ | ૬૬.૬૨ | ૪૩.૧૨ | ૪૮.૩૪ | ૬૭.૪૬ |
| ૨. | ખેતમજૂરી | ૧૪.૭૭ | ૩૧.૦૬ | ૨૧.૭૭ | ૨૨.૪૮ | ૪૨.૩૧ | ૨૦.૧૫ |
| ૩. | ગૃહઉદ્યોગ [illegible] | ૦.૮૦ | ૧.૧૦ | ૫.૦૦ | ૧૫.૮૬ | ૩.૦૨ | ૫.૦૭ |
| ૪. | અન્ય કામ કરતા [illegible] | ૪૨.૧૧ | ૮.૫૬ | ૬.૬૧ | ૧૮.૫૪ | ૬.૩૩ | ૭.૩૨ |
| ૫. | કુલ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

કોઠો ૬.૨ ચાલુ

| | | ૧૯૮૧ | | | ૧૯૯૧ | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | વિગત | ગુજરાતની કામ કરતી વસ્તિ | આદિવાસી કામ કરતી વસ્તિ | ડાંગની કામ કરતી વસ્તિ | ગુજરાતની કામ કરતી વસ્તિ | આદિવાસી કામ કરતી વસ્તિ | ડાંગની કામ કરતી વસ્તિ |
| ૧. | ખેતી | ૩૭.૪૬ | ૪૫.૬૪ | ૬૩.૦૯ | ૩૩.૩૭ | | ૭૭.૫૨ |
| ૨. | ખેતમજૂરો | ૨૨.૬૬ | ૪૦.૧૧ | ૧૭.૯૦ | ૨૨.૯૨ | | ૧૬.૧૪ |
| ૩. | ગૃહઉદ્યોગ,મેન્યુ ફેકચરીંગ પ્રક્રિયા સેવાઓ | ૨.૪૩ | ૦.૮૨ | ૨.૦૩ | ૩.૦૫ | | ૨.૪૦ |
| ૪. | અન્ય કામ કરતી બાંધકામ-વેપાર વાહન-વ્ય.અન્ય | ૩૭.૪૫ | ૧૩.૧૩ | ૧૬.૬૪ | ૪૦.૬૬ | | ૧૦.૬૪ |
| ૫. | કુલ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | | ૧૦૦.૦૦ |

ડાંગમાં જંગલ હેઠળની જમીન અને ખેતીના ઉપયોગ માટેની જમીન એ જમીન ઉપયોગનું અગત્યનું લક્ષણ છે. જે જમીનનો ઉપયોગોના દર્શાવતા કોઠા ૬.૩ થી જોઈ શકાય છે.

ડાંગમાં જમીન ઉપયોગોના દર્શાવતો કોઠો ૬:૩

(૧૯૯૧ની વસતિ ગણતરી મુજબ)

| ક્રમ | વિગત | વિસ્તાર હેક્ટરમાં | કુલ વિસ્તારના ટકા |
|---|---|---|---|
| ૧. | ખેડાણ હેઠળનો બિન પિયત વિસ્તાર | ૫૫૨૬૦.૦૯ | ૩૨.૧૮ |
| ૨. | ખેડાણ હેઠળનો પિયત વિસ્તાર | ૪૯.૬૮ | ૦.૦૩ |
| ૩. | ખેડાણ સિવાયનો વિસ્તાર | ૧૭૦૭૯.૫૨ | ૧૦.૧૧ |
| ૪. | ખેડાણ લાયક પડતર ગૌચર | ૬૧૨૩.૩૧ | ૩.૫૭ |
| ૫. | અન્ય જંગલ હેઠળનો વિસ્તાર | ૯૧૨૧૦.૫૮ | ૫૩.૧૧ |
| ૬. | કુલ વિસ્તાર હેક્ટરમાં | ૧,૭૧,૭૨૩.૧૮ | ૧૦૦.૦૦ |

ડાંગ લઘવણી ઉત્તર સરહદે અનેક ઉપોનીય ડુંગરાળ ટેકરીઓ, ખીણો અને વિશાળ ગાઢ જંગલથી છવાયેલો વિસ્તાર છે. અહીં વરસાદ લગભગ ૭૫ થી ૧૦૦ ઈંચ પડે છે કુલ ૧૭૧૭૨૩.૧૮ હેક્ટરના વિસ્તારમાંથી ૬૧૨૧૧૦.૫૮ હેક્ટરનો વિસ્તાર જંગલ હેઠળનો આવેલો છે. ૧૯૯૧ની વસતિ ગણતરી મુજબ આ વિસ્તારમાં પિયત - બિનપિયત મળીને ૫૫૩૦૯.૭૭ હેક્ટરનો જમીનનો વિસ્તાર ખેતી હેઠળ એટલે કે ૩૨.૨૧ ટકા વિસ્તાર છે. આમ ખેતીની જમીન ખૂબ ઓછી હોવા છતાં આ વિસ્તારના આદિવાસીઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે. પ્રાથમિક રીતે મોટી સંખ્યામાં લોકો આ વ્યવસાય સાથે સંકળાયેલા છે, ખેતી નિભાવલક્ષી છે.

આમ ઉપર ડાંગનો વિસ્તાર, તેની ભૌગોલિક પરિસ્થિતિ, તેની રાજકીય વહીવટી સ્થિતિ, તેની આદિવાસી જાતિઓ તેમની જીવન નિર્વાહ માટેની રૂઢિઓ, તેમનું વ્યવસાયિક માળખાનું આંકડાકીય ચિત્ર સમગ્ર વિસ્તારની જમીન ઉપયોગીતા વગેરેની માહિતી તેમની આર્થિક જીવન વ્યવસ્થાનું જે વ્યવસાયિક માળખું જોવા મળે છે. તેમાં તેમને ખૂબજ અસર કરી હોય તેમ જોવા મળે છે.

ડાંગીઓમાં પોતાની આર્થિક જીવન વ્યવસ્થા ગોઠવવા માટે જે આધાર હતો તે પહેલાં જંગલ આધારિત અને તેમના વિસ્તારમાં કુદરતી રીતે જે મળી રહેતું તેના ઉપર નિર્ભર છે. તેમની અર્થવ્યવસ્થામાં આ પ્રદેશની પ્રાકૃતિક અનુકૂળતા, પ્રતિકૂળતાને કારણે આર્થિક વૈવિધ્ય હોવા છતાં તેમનામાં વિવિધ વ્યવસાયો હોવા છતાં તેમનામાં કેટલાક સર્વ સામાન્ય લક્ષણો હજુ જોવા મળે છે. જેમ કે ચલણી નાણાંનો ઓછો ઉપયોગ, જરૂરિયાત પૂરતું ઉત્પાદન, વિશાળ બજાર વ્યવસ્થા સાથે નહીંવત સંબંધ, ધર્મ અને પ્રાકૃતિક વાતાવરણનો મોટો પ્રભાવ, ઉત્પાદન કાર્યમાં સહકાર વગેરે આજે પણ જોવા મળે છે.

ડાંગીઓ ડુંગર અને જંગલ વિસ્તારમાં વસવાટ કરે છે તેમની આર્થિક પ્રવૃત્તિનો આધાર તેમના વિસ્તારના કુદરતી વાતાવરણ પર રહેલો છે ડાંગીઓનું જીવન કુદરત નિર્ભર જોવા મળે છે તેઓ નદી, તળાવ, વહેળા, જંગલ, જમીન, પહાડ પશુ-પક્ષીઓ વગેરેમાંથી જે ખાદ્ય સામગ્રી પ્રાપ્ત થાય તેના ઉપર પોતાની આજીવિકા ચલાવે છે. જંગલમાંથી મધ, ગુંદર, મહુડા, ફૂલ, બીજ, કંદમૂળ, ફળફૂલ એકત્ર કરે છે તેમાંથી પશુ-પક્ષીઓનો શિકાર કરે છે. તળાવ, નદી કે વહેળામાંથી માછલાં કે કરચલા પકડી લાવી ખોરાક તરીકે ઉપયોગ કરે છે. પહાડના ઢોળાવો-ખીણોમાં ખેતી કરીને પાકો પકવે છે આમ કુદરત આધારિત જે મળે તે મેળવી જીવન નિર્વાહ ગોઠવે છે. ગુજરાતની અન્ય આદિવાસી જાતિઓની જેમ ડાંગી આદિવાસીઓ પણ કોઈ એક જ ધંધા પર આધાર રાખતી નથી. તેઓ પોતાના જીવન નિર્વાહ માટે તેમના મુખ્ય વ્યવસાય ખેતી સાથે અનેક વ્યવસાયિક પ્રવૃત્તિઓ કરે છે. તેઓ (૧) ખેતી (૨) મજૂરી (૩) જંગલમજૂરી અને વન્ય ગૌણ પેદાશો એકઠી કરવી (૪) પશુપાલન (૫) નોકરી (૬) સ્થળાંતરી મજૂરી (૭) શિકાર વગેરે કરે છે. આ સિવાય અહીંની કેટલીક ઓછી વસતી

ધરાવતી જાતિઓમાં જોવા મળતા વ્યવસાયોમાં જોઈએ તો કોટવાળિયા માત્ર વાંસકામનો જ પોતાનો વ્યવસાય કરીને જીવન નિર્વાહ કરે છે. કાથોડીઓ જે કાથો પાડીને નિર્વાહ કરતા હતા. આજે ખેતમજૂરી અને જંગલ આધારિત જીવન નિર્વાહ ગોઠવે છે.

(૧) <u>ખેતી</u> :

આગળ ઉપર જોયું તેમ સમગ્ર જિલ્લો એક ડુંગરાળ પ્રદેશ છે. અને નદીઓના આસપાસ ખીણો અને ગીચ જંગલથી ભરપુર વિસ્તાર છે. જે માત્ર થોડો ૫૫૩૦૯.૭૭ હેક્ટર સમતલ છે તે ખેતી માટે ઉપયોગી છે. બાકીનો ખેડાણ સિવાયનો વિસ્તાર ૧૯૦૭૯.૫૨ તેમાં ખેડાણ લાયક પડતર ગૌચર ૬૧૨૩.૩૧ હેક્ટર છે. જિલ્લામાં માત્ર ૪૯.૬૮ હેક્ટરનો વિસ્તાર પિયત થાય છે. જે કૂવાથી ઓઈલ એન્જીન અને ઈલેક્ટ્રીક મોટર દ્વારા તેમજ ઉદ્વહન સિંચાઈ દ્વારા કરવામાં આવે છે. આ સુવિધાઓ નહીંવત છે. અહીંનો ખેતીનો મુખ્ય આધાર આકાશી વરસાદ પર છે. સમગ્ર રાજ્યમાં અહીં વધારેમાં વધારે વરસાદ પડતો હોવાછતાં ઉનાળે ડાંગમાં પાણીની અછત વર્તાય છે. અહીંયા ચોમાસા સિવાય આખાયે વર્ષ દરમ્યાન ભાગ્યે જ અહીંની નદીઓમાં પાણી હોય છે. અહીંયાં નહેરો કે ચેક ડેમ દ્વારા જળ સિંચાઈ કરવું ઘણું મુશ્કેલ છે. કૂવાઓ દ્વારા ખેતી કરવી અહીં વધારે સુગમ છે. કૂવાઓની બાબતમાં પણ એવું છે કે જમીન પોચી હોઈ પાણી ઘણું ઝરી જાય છે પિયત વિસ્તાર એટલેજ ૪૯.૬૮ હેક્ટરનો માત્ર જોવા મળે છે અહીં ખેતી લાયક જમીન ઘણી ઓછી છે તેમ છતાં અહીંયાના લોકોને ખેતી યા જંગલ મજૂરી કરીને પેટીયું રળી લે છે. ખેતી નિભાવલક્ષી છે ખેતી મોટેભાગે ધાન્ય પાકની થાય છે બહુ ઓછા પ્રમાણમાં રોકડીયા પાકોની ખેતી તેઓ કરે છે.

ખેતીના પાકોમાં તેઓ અન્ય પાકોમાં (૧) ડાંગર (૨)નાગલી (૩)વરાઈ (૪) મકાઈ (૫) જુવાર પકાવે છે, બીજા અન્ય પાકોમાં તેઓ (૧) મગફળી (૨) અડદ (૩) તુવેર (૪) ખુરસાણી અને એ સિવાય બટાકાની ખેતી કરે છે. આ સિવાય ચોમાસામાં પોતાના ઘરની આગળ પાછળ જ્યાં વાડો હોય ત્યાં શાકભાજીનું વાવેતર કરે છે. જ્યાં તેઓ

ગલોડા, ડોબકા, પાપડી, કારેલા, દૂધી, કોળા જેવા વેલાવાળા શાકભાજી ઉગાડે છે. બાકીના કાકડી, રીંગણ, ભીંડા, મરચા પણ ઉગાડે છે વેલાવાળા શાકભાજી વાડ નજીક ઉગાડે છે. જ્યારે બાકીના વાડામાં ઉગાડે છે. કેટલીક ભાજીઓ તેઓ વાડામાં કરે છે ખાસ કરીને ત્રણ પ્રકારની જોવા મળે છે. (૧) પતુલાની ભાજી (૨) ધાણાની ભાજી અને (૩) અંબાડાની ભાજી વાડની અંદર કરતે નાખી દેવામાં આવે છે.

પહેલાં બતાવ્યું છે તેમ ખેતી ડાંગીઓની આવકનું મુખ્ય સાધન છે. પણ હજુ ખેતી તો નિભાવલક્ષી છે. તેમની ખેતી પધ્ધતિ તો હજી પ્રાથમિક કક્ષાની અને પ્રાચીન રહી છે. 'ડાંગી આદિવાસીઓમાં જોવા મળતી ખેતી કરવાની પરંપરાગત એક વિશિષ્ટ પધ્ધતિ આદર પધ્ધતિ, આજે પણ પ્રચલિત છે તેને દાહિયા પધ્ધતિથી ખેતી કરવી એમ પણ કહેવામાં આવે છે એ સિવાય તેને ડાહો પાડવો' એમ પણ કહેવામાં આવે છે. જંગલમાંના અને ખેતરના ઝાડની ડાળી કરી જે જમીન ઉપર ખેતી કરવાની હોય ત્યાં પાથરી દે છે. પહેલાં જંગલમાં જગ્યા નક્કી કરીને પાથરતા આજે જમીન પોતાની જ્યાં હોય ત્યાં પાથરે છે. જેનો થર ફૂટથી દોઢ ફૂટ જેટલો ઉંચો થાય છે. આને સળગાવે છે આથી જમીન ઉપર રાખ પથરાઈ જાય છે. આને તેઓ આદર કહે છે. વરસાદ પડે તે પહેલાં કે પછી 'આદર'માં જે તે ધાન્યના બીજ મૂકી દે છે. થોડા દિવસોમાં ધરુ ખાસ કરીને ડાંગર, વરાઈ અને નાગલીનું મૂકવામાં આવે છે. આ ત્રણ ધાન્યો ખેતરમાં રોપવામાં આવે છે. ડાંગર ક્યારીમાં રોપવામાં આવે છે. ક્યારીઓ ખાસ કરીને નાના કોતરો બાંધીને તૈયાર કરવામાં આવેલા હોય છે. નિંદામણ ખાસ કાઢવામાં આવતું નથી. તેમજ વચ્ચે આંતર ખેડ પણ કરવામાં આવતી નથી. પાક તૈયાર થતાં તેને કાપી લેવામાં આવે છે. પહેલાંના સમયમાં અને આજે પણ રોપણી કાં તો બિયારણ ખેતરમાં છાંટીને કે રોપીને કરાય છે. આમ જોઈએ તો ખેતી કરવાની પધ્ધતિ પરંપરાગત પ્રાથમિક અવસ્થાની જોવા મળે છે અહીં વૈજ્ઞાનિક પધ્ધતિનો અંશ પણ જોવા મળતો નથી. પાક તૈયાર થતાં સુધી પક્ષીઓ/જાનવરોથી સાચવે છે તૈયાર થતાં કાપી અને ખળામાં અનાજ કાઢે છે તેને ઘરમાં લાવ્યા પહેલાં કન્સરી માતા જે તેમની અનાજના પાકની માતા છે તેની પૂજા કરે છે.

મકાઈ : ખેતરમાં વાવવામાં આવતી નથી પણ ઘરના વાડા હોય ત્યાં જ ઓરવામાં આવે છે હળથી ચાસ પાડીને બી નાખવામાં આવે છે. ચાસ પાડવા પહેલાં જમીન સરખી કરે છે. જમીન સમાર કે પજેડી જેને તેઓ આગવી કે દાંતાળાના નામથી ઓળખે છે તેનાથી સરખી કરે છે. બી નાખવા કુટુંબના સભ્યો સ્ત્રી-પુરુષ બન્ને કામ કરે છે મગફળી ખેતરમાં નાખવા બે વખત ખેડે છે. નિંદામણ વધુ હોય તો કાઢી નાખે છે. મગફળીનું બી હાથથી નાખે છે બી નાખવા વિશેષ સ્ત્રીઓ હોય છે. તેમાં ખેડ કરવામાં આવતી નથી. અડદ બી નાખતાં પહેલાં બેવાર હળથી ખેડવામાં આવે છે અને હાથથી જ બી નાખવામાં આવે છે ફૂલ આવતાં સુધી નિંદામણ કાઢે છે.

તુવેર : જે ખેતરમાં તુવેર નાખવાની હોય ત્યાં ખેડ કરવામાં આવતી નથી બી હાથથી જ વાવી દેવામાં આવે છે. ત્યાર પછી એકવાર ખેડે છે નીંદણ દાતરડાથી કાઢવામાં આવે છે. તેમાં આંતર ખેડ કરાતી નથી. ખરસાણી વરસાદ પડતાં ખરસાણીના બી હાથથી વાવી દેવામાં આવે છે. હળથી એક વાર ખેડ કરાય છે તેમાં જમીન સરખી કરાતી નથી. કે પછી ખેડ પણ કરાતી નથી. નીંદામણ કઢાતું નથી કારણ કે ખુરસાણી ઊંચી થાય એટલે નીંદાણ કાઢતા નથી.

જુવાર : સામાન્ય રીતે જુવાર ચોમાસે કરાતી નથી. ચાસમાં તેને ઓટવામાં આવે છે તેને અડદ, તુવેર, વરાઈ કે કુવેદમાં વાવી દેવામાં આવે છે. તેને એકલી ઓટવામાં આવતી નથી. તેને શિયાળામાં ઓરવામાં આવે છે. વરાઈ : અહીં વરાઈનો મુખ્ય પાક ગણવામાં આવે છે વરાઈને આદર કે ઢાળ પાડેલી જગ્યાએ ધરુ કરી પછી રોપવામાં આવે છે. જે ખેતરમાં રોપવામાં આવે ત્યાં બેડી કાદવ કરવામાં આવે છે. નીંદામણ કે માવજત કરવામાં આવતી નથી. નિંદામણનો વગરના બધાજ પાકોમાં તેઓ કાઢતા નથી. સારા ખેડૂતો નીંદામણ કઢાવે છે.

નાગલી : નાગલીની પાંચ જાતો વવાય છે જ્યાં રાબ પાડી હોય ત્યાં ધરુ ઉછેરી પછી ઉખેડી પછી જ તેને રોપવામાં આવે છે તેમાં પણ ખેડ કે નીંદામણ કરતા નથી. તેની પાંચ જાતોમાં (૧) કૂહે (૨) મોતીક (૩) દિવાળ ચંન્ડો (૪) પિતર ચંન્ડો (૫) કાળ, પોર વગેરે કરાય છે. કૂહે હોય છે. જે માત્ર બે માસમાં જ થઈ જાય છે. કાળપોઠ જાત લાંબા

સમયે થાય છે ચાર માસે જેનું ઉત્પાદન સારું આવે છે બીજી ત્રણ જાતો મધ્યમ પ્રકારની છે ડાંગર બેવાર ખેડ કરીને કાદવ કરી ધરુ બનાવ્યુ હોય તે ઉખાડી રોપવામાં આવે છે તે પણ ક્યારોમાં કરવામાં આવે છે. નીંદામણ કાઢવામાં આવતુ નથી. સારા ખેડૂતો કાઢે છે. ડાહી કરી હોય ત્યાં કાદવ કરીને વરસાદ પછીના દિવસે મૂકવામાં આવે છે જ્યાં પાણી સંઘરાઈ રહે ત્યાં નારે ડાંગર રોપે છે.

વરા - સાતુ - ગોથી : આ ત્રણ જાતના કંદ વાડામાં જ કરવામાં આવે છે. પ્રથમ જમીન ખેડી તેને રોપી પાટીવાળી દેવાય છે. આ કંદમાં પાણી ભરાઈ ન રહે તેની કાળજી રાખવી પડે છે. પાણી ભરાય તો કંદ બગડી જાય છે વાવેતર ખૂબ ઓછુ કરાય છે. મરચી મરચાના પાક ખૂબ ઓછો કરવામાં આવે છે ચર્યાથી એક ગૂંઠામાં કરાય છે ડાહી પાડી ત્રણ બાજુએ નીક બનાવી દે છે. ઢોળાવે પાણીથી જમીન ધોવાઈ નહી તેથી આમ કરાય છે પ્રથમ વરસાદે નાખી દે છે પછી સમારેલી જમીનમાં છોડ ઉખેડી કરી રોપવામાં આવે છે આ મરચી માટે પણ વાડાની જગ્યા હોય છે.

બટાકાની ખેતી :

ડાંગનો વિસ્તાર બટાકાની ખેતી માટે ઘણો અનુકૂળ છે તેનું હવામાન, જમીન વગેરે માફક છે. ડાંગમાં સરકારે બટાકાની ખેતી માટે ૧૯૭૯માં શરૂ કરી, અહીંના લોકોએ અપનાવી કિટસમાં ૫૦ ટકાની સબસીડી આપી સરકારે નવતર પ્રયોગ કર્યો હતો. પણ બટાકાની ખેતીમાં ડાંગીઓને ભાવ મળ્યો નહોતો પરંતુ એ ડાંગમાં બટાકાની ખેતીની શરૂઆત થઈ.

ખેતીની સમસ્યાઓ :

ખેતીની જમીનનું પ્રમાણ ઘણું જ ઓછુ છે તેમાંય જમીન ડુંગરાળ, ઢોળાવવાળી, નદી નાળાંવાળી, જંગલોથી ભરાયેલી, પથરાળ, સેન્દ્રીય તત્વો વિનાની અને મધ્યમ વાલ-કાળી જોવા મળે છે આ જમીનમાં સેન્દ્રીય તત્વોનું પ્રમાણ ઓછુ જોવા મળે છે વળી જમીન ઢોળાવવાળી હોઈ ધોવાણ વધુ થાય છે એટલે સેન્દ્રીય તત્વો પાણી સાથે ધોવાઈ જાય

કે જમીનમાં નાના મોટા પથ્થર નીકળતા હોઈ ઉંડી ખેડ પણ કરી શકાતી નથી. જે જગ્યાએ ખેતરો આવેલા છે ત્યાં જંગલ ખાતાના વિવિધ પ્રકારના ઝાડો ( સાગ, મહુડા, સાદળ, ખાખરા, આંબા, વાંસ વગેરે ઉભા છે. જેને પરિણામે જમીનમાંથી ધાર્યું ઉત્પાદન મેળવી શકાતું નથી. આ સિવાય પરંપરાગત ખેતીના ઓજારો તે પણ દરેક કુટુંબ પાસે પૂરતા હોતા નથી. હલકો ઓલાદના અપૂરતા બળદો, તેઓ પાસે ખેતીમાં ઉપયોગમાં લેવાતા પાડા પણ અપૂરતા જોવા મળે છે. પરંપરાગત ખેતી કરવાની પધ્ધતિઓ, પૈસાનો અભાવ વગેરે અનેક કારણોથી ખેતીની જમીન કેટલાક કુટુંબો ધરાવતા હોવા છતાં પૂરતુ ઉત્પાદન થઈ શકતા નથી. કેટલાક પાસે અપૂરતી જમીન હોઈ ઉપભોગ જેટલું પણ ઉત્પાદન મેળવી શકતાં નથી. આ સિવાય બિયારણ જે સારી જાતના ન હોય તેવા હલકા પ્રકારની જાતનો ઉપયોગ કરે છે. કેટલાક પાસે બિયારણ હોતુ નથી તેઓ સારા કુનબી ખેડૂતો કે શાહુકારો પાસેથી લાવીને પાકે ત્યારે બમણું આપે છે. મોટાભાગના ખેડૂતો પરંપરાગત રીતે વપરાતુ આવતુ હોય તેવું બિયારણ વાપરવાનો આગ્રહ રાખે છે ખાતર પણ તેઓ તેમના ઢોરનું હોય તે જ મહદઅંશે વાપરે છે કેટલાક વેચી દે છે તે માત્ર ખેતી એમ જ ખાતર વિના કરે છે જંતુનાશક દવા વિશે તેઓના ઘણા ખરાને જ્ઞાન નથી. રાસાયણિક ખાતર ખૂબજ ઓછા લોકો ઉપયોગ કરતા જણાયા હતા.

આ સિવાય ખેતી માટે ખૂબજ અગત્યની બાબત એ કે ચોમાસે ખૂબ વરસાદ હોવા છતાં સિંચાઈની સુવિધા ઉભી કરી શકાઈ નથી એટલે ચોમાસા સિવાયના પાકો અહીંયા ભાગ્યે જ સારા પૂરતી સિંચાઈથી થતા જોવા મળે છે. સિંચાઈની અપૂરતી સગવડને લીધે શિયાળે, ઉનાળે ડાંગી લોકોને ઘણો લાંબો વખત સુધી કંઈ જ કામ વિના બેસી રહેવુ પડે છે. એટલે એ લોકો સ્થળાંતર કરીને રોજી માટે બહારની મજૂરી શોધવાની ફરજ પડે છે.

પશુપાલન :

ડાંગીઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે તો ગૌણ વ્યવસાય પશુપાલન છે કુનબીઓનો પહેલા ખેતી મુખ્ય વ્યવસાય હતો જ્યારે વારલીઓ પ્રાથમિક કક્ષાની ખેતી કરતા હતા. સાથે સાથે પશુપાલન

પણ કરતા હતા. તેઓએ શિકારનો વ્યવસાય ગૌણ વ્યવસાય તરીકે સ્વીકાર્યો હતો પણ આ વિસ્તારના ભીલોને તો શિકારમાં જ રસ ધરાવતા હતા ખેતી અને પશુપાલન તરફ જાતે બહુ ધ્યાન નહોતા આપતા તેઓ પશુપાલન અને ખેતી કરવા માટે કુનબી અને વારલીને રાખતા હતા. આજે ભીલ, કુનબી, વારલી, ગામીત, ચૌધરી બધીજ જાતિઓ ખેતી સાથે પશુપાલન કરે છે. ડાંગીઓ પશુપાલનમાં ગાય, બકરાં, ભેંસ, પાડા, બળદ રાખે છે. આ પશુઓનું અપૂરતું પોષણ થતું હોવાને કારણે સાવ હાડપિંજર દેખાય છે. ચોમાસામાં લીલો ચારો મળતો હોઈ પશુધન થોડું સારી સ્થિતિમાં દેખાય છે. બાકી ઉનાળામાં તેઓ પાસે ઘાસ ચારો ન હોઈ ઝાડવાના પાંદડાઓ ઘાસચારા તરીકે ઉપયોગ કરે છે. તેઓ પશુઓને ચારવા માટે ઘાસચારાના અભાવને કારણે જંગલમાં ડુંગરોમાં ઊંડે સુધી જાય છે. ઉનાળામાં પાણી ન મળવાથી જ્યાં પાણી મળે ત્યાં આ ધન સ્થિર કરીને રહે છે છેક વરસાદ પડે ત્યાં સુધી વાડો બનાવી રહે છે ઘાસ ચારાના અભાવે શિયાળે-ઉનાળે પાતળા થઈ જાય છે ગાય, બળદ પૈસા મેળવવા માટેનું મુખ્ય સાધન છે ગાય-બકરાના દૂધની આવક થતી નથી. ગાયને તેઓ ખેતીના બળદ મેળવવા માટે રાખતા હોવાનું તેઓ માને છે દૂધ કાઢવામાં આવતું નથી. પશુઓ છાણ માટે કે તેના બચ્ચાં થાય માટે, ગાયના વાછરડાથી ખેતી થાય, બકરાના બચ્ચાં કે અન્ય પશુઓ પૈસાની જરૂર પડે તો વેચી શકાય. જો કે પશુઓ એકલાં આર્થિક ઉપાર્જન માટે જ નહિ પણ સામાજિક તેમજ ધાર્મિક રીતે પણ તેને તેઓ તેટલું મહત્વ આપતા જોવા મળે છે જેમ કે લગ્ન પ્રસંગે એકાદ બે પશુઓ વેચી લગ્ન પતાવે છે મરઘા-બકરાં અતિથિના ભોજન માટે કે દેવદેવીઓના બલિદાનના ઉપયોગ માટે પણ તેઓ પશુઓ રાખે છે. દૂધનો ઉપયોગ કે વેચાણ તેઓ કરતા નથી. એટલે દૂધ કે દૂધની બનાવટોનું સ્થાન આર્થિક રીતે અહીંયા તેઓમાં જોવા મળતું નથી. પશુઓ શારીરક રીતે સારા ન હોઈ બહુ છાણ મળતું નથી પશુઓની વેચાણની જ આવક તેમનામાં જોવા મળે તેના દૂધની આવક હોતી નથી. મરઘા મહદઅંશે બધા જ કુટુંબો પાળતા જોવા મળે છે મરઘાઓનો તેઓ માંસ મેળવવા માટે અને પૈસા મેળવવા માટે જ કરે છે. તેમજ બલિ આપવા માટે એ તેઓનાં થાય છે મરઘાનું વેચાણ તેઓ ગામમાં કે હાટવાડામાં કરે છે.

ડાંગમાં પશુઓનું ધન ઘણું મોટું છે પણ આ ગાય વગેરેની ઓલાદ સારી જાતની ન હોય તેની ઉંચાઈ અને શારીરિક ક્ષમતા નબળી જોવા મળે છે. અપૂરતા પોષણને કારણે આ પશુઓની શારિરિક નબળાઈ નરી આંખે જોઈ શકાય છે. આ વિસ્તારનું વાતાવરણ પણ અહીંના પશુઓ ઉપર અસર કરતું જોવા મળે છે. તેમને બાંધવાની વ્યવસ્થા ચોમાસે એકાદ નાના ઘરમાં હોય છે. ઉનાળે - શિયાળે બહાર ખુલ્લામાં વાડા બનાવીને કરવામાં આવે છે. ટૂંકમાં આખાયે વિસ્તારમાં પશુપાલન માટેની ઉછેરની પરિસ્થિતિ અહીંના લોકોની આર્થિક પરિસ્થિતિ વાતાવરણ અને ઉનાળે ઘાસચારાની અને પાણીની તંગીને કારણે ખૂબ કંગાળ જોવા મળે છે.

<u>ખેતમજૂરી :</u>

જીવન નિર્વાહનું અહીંના લોકોનું ત્રીજુ સાધન ખેતમજૂરી છે. જેમની પાસે ખેતી છે અને જેમની પાસે ખેતી નથી તેવાને ખેતીમાં કામ કરવા માટે બોલાવે છે ડાંગમાં બધી જાતિઓમાં ખેતમજૂરો જોવા મળે છે પરંતુ ભીલ કુટુંબો ખેતમજૂરોના વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. ઓછેવત્તે અંશે બધાજ ભીલ કુટુંબો ખેતમજૂરોના વ્યવસાયમાં સંકળાયેલા હોય છે.

ડાંગમાં તેમને ખાસ કરીને ચોમાસામાં અને શિયાળામાં ખેતમજૂરી સારી મળે છે ક્યારેક તો આ સમયે પણ પૂરતી મજૂરી મળતી નથી. એટલે આ દિવસમાં ગામમાં કે આસપાસના ગામોમાં બહુ ઓછી મજૂરી પ્રાપ્ત થાય છે ત્યારે કેટલાય દિવસો ભૂખ્યા પેટે અથવા તો માત્ર જંગલમાંથી મળતી ભાજી ખાઈને કે જંગલના ઉંડાણમાં મળતા વાજકંદ કે કળુકંદ જેવા કંદમૂળો લાવીને ધોઈને ખાઈને દિવસો પસાર કરવા પડે છે તેમાંથી લોકોને ખેતમજૂરીનો પ્રશ્ન વધુ સતાવે છે ક્યારેક તો તેમને શિયાળામાં મજૂરી માટે અન્ય ગામોમાં ભટકવું પડે છે કેટલાક ડાંગની સરહદે વસેલા છે તેઓ મહારાષ્ટ્રમાં કામ શોધવા જાય છે. કેટલાક સુરત જિલ્લામાં ખાસ કરીને બારડોલી, મઢી, વ્યારાના વિસ્તારોમાં શેરડીના ખેતરોમાં કે બીજી બાંધકામ કે જે મજૂરી મળે ત્યાં જાય છે તેઓને ગામમાં કે આસપાસ જે થોડો સમય ખેતમજૂરી કરે છે.

તેમાં બહુ ઓછી મજૂરીનો દર મળે છે તેમાંથી રોકડામાં કરતાં પરંપરાગત પાપોચાથી નાગલી, વરી મજૂરીના બદલામાં કીલો-દોઢ કીલો મળે છે. સખત મજૂરી કરે છે છતાં તેમને મજૂરી ખૂબ ઓછી મળે છે મજૂરી ભીલ કુટુંબોને જ વધુ શોધવી પડે છે વારલી-કૂનબી કુટુંબો કદાચિત જ મજૂરી શોધવા નીકળે છે આ મજૂરી શોધવામાં પુરુષ વર્ગનો વધુ સમાવેશ થાય છે.

મજૂરી માટે ઘણાં કુટુંબો કૂણબી ખેડૂતો પાસેથી ચોમાસામાં કામ માટે આવીશું એમ કહીને અનાજ લઈ આવે છે અને ચોમાસે કામ પુરુ કરી આપે છે ખેતમજૂરો સામાન્ય રીતે સવારે ઘરમાં ખાવાનું હોય તે ખાઈને (લાલ જુવારનો અથવા નાગલીની આંબી કાંજી પીને) મજૂરીએ જાય છે જેની પાસે ન હોય તે ભૂખ્યા જ મજૂરીએ જાય બપોરે જે કાંઈ મળે તે ખાઈને આખો દિવસ કામ કરતા હોય છે.

<u>અન્ય મજૂરી</u> :

ડાંગના જંગલ વિસ્તારમાં સરકાર તરફથી વિવિધ ખાતાઓ દ્વારા કામ કરાવવામાં આવે છે. પણ આ મજૂરી બારેમાસ મળતી નથી. લગભગ ત્રણ માસ જેટલા સમયગાળા જેટલો સમય મજૂરી મળે પણ તેમાંથી દરેક મજૂરી કરવાવાળા કુટુંબોને બધા દિવસ મજૂરી મળતી નથી, પણ છૂટક છૂટક દિવસોમાં જાય છે.

(૧) <u>જંગલ મજૂરી</u> :- જંગલ ખાતા દ્વારા તેમને આ મજૂરી માટે બોલાવવામાં આવે છે પરંતુ વર્ષમાં અમુક દિવસોમાં જ આ મજૂરી મળી રહે છે. ઉનાળે અને ચોમાસામાં જ આ કામ મળે છે તેમાં ખાડા ખોદવા, ઝાડ રોપવા, પાણીપાવું, છોડ માટેની વાડ કરવી, છોડ ફરતે નિંદણ કરવું, પથ્થર ગોઠવવા આ ઉપરાંત જંગલની બાગની છોડ ઉછેરની નર્સરીઓમાં કામ કરે છે પણ આ મજૂરી ઓછી ઉપલબ્ધ હોય છે.

(૨) <u>જંગલ મંડળીઓ</u> દ્વારા મળતી મજૂરી :- ક્યારેક આ જંગલ વિસ્તારમાં જંગલ મંડળીઓ કૂપો પડાવે છે ત્યારે આસપાસના લોકોને આ જંગલ મજૂરીમાં ઘણાં બધા લોકો કૂપમાંથી પોતાના ગાડા દ્વારા માલવાહતુકનું કામ કરે છે. અને રોજગારી મેળવે છે. વર્ષના અમુક ભાગમાં તેમને મજૂરી પ્રાપ્ત થાય છે.

(૩) જાહેર બાંધકામ ખાતુ : સરકારનું જાહેર બાંધકામ ખાતુ આ વિસ્તારમાં મકાન બાંધકામના કે બીજા કામો જિલ્લામાં જ્યાં હોય ત્યાં છૂટક મજૂરોએ રાખે છે આવી મજૂરી બહુ થોડા સમય માટે બહુ ઓછા લોકોને પ્રાપ્ત થાય છે.

(૪) જિલ્લા પંચાયત મારફતે બાંધકામના કામો ૧. રસ્તા સરખા સરખા કરવા - બનાવવા ૨. નાળા બાંધવા ૩. કૂવા બાંધવા વગેરે જેમાં એક ગામથી બીજા ગામનો રસ્તો તૈયાર કરવા આ મજૂરી પણ ખૂબજ ઓછા લોકોને અલ્પ સમય પૂરતી મળે છે.

જંગલ પેદાશોનો સંચય :

ડાંગી આદિવાસીઓ દરેક ઋતુમાં જંગલમાં થતી પેદાશો એકઠી કરે છે. આ બધી પેદાશો મહદ અંશે અહીંના વેપારીઓને તેઓ મફતના ભાવમાં આપી દેતા જોવા મળે છે આની પાછળ તેઓ જંગલમાં પૂરી મહેનત કરીને ભેગી કરે છે. છતાં પૂરતુ વળતર મેળવી શકતા નથી. તેઓ જંગલમાંથી મહુડા, મહુડાની ડોળી, કણજીના બીજ, લાખ, ગુંદર, મધ, કુંબાડિયા, બાકડી, અરીઠા, હરડે વગેરે તેઓ ભેગુ કરે છે. મહુડા ખૂબ સસ્તા ભાવે તેઓ જ્યારે પૈસાની જરૂર પડે ત્યારે વેચી દે છે. અને જરૂર પડે ત્યાં પાછા દારૂ માટે કે પ્રસંગ માટે વેપારી પાસેથી ખરીદે છે. તેમને હિસાબની પડી નથી. ડોળીમાંથી તેલ કઢાવે છે વધારાના વેચી દે છે. લાખ ભેગી કરે છે. જ્યારે ખેતીનું કામ ન હોય ત્યારે તે પણ બજાર ભાવની કિંમત જાણતા ન હોય વેપારીને સસ્તાભાવે વેચી દે છે. છતાં જે મળે તે ભાવ લઈને સંતોષ માને છે. કુંબાડિયાના બી ચોમાસા બાદ વીણી લાવે છે, તે ભજી બનાવવામાં ઉપયોગી છે. બાકડીનો મસાલો ભેગો કરી સૂકવી તેને વેચે છે. આ વિસ્તારમાં સારી સ્થિતિના માણસો ખરીદે છે. ખાય છે. ગુંદર - બાવળ, ખેર, સાદડો અને કલઈના ગુંદરો તેઓ ભેગા કરે છે અને વેચે છે. ખાસ કરીને અહીંના ઢોર ચારતા ગોવાળો મધ ભેગું વધુ કરે છે. [illegible] અને વેચી દે છે. અરીઠા, હરડે- અરીઠાનો ઉપયોગ કપડાં ધોવા, માથુ ધોવા કરે છે આ ઘણેભાગે તે વીણી લાવી વેપારીઓને વેચી દેતા હોય છે હરડેના ઝાડો જંગલમાં ખૂબ જ છે તેઓ વીણી નાની નાની કમાણીઓ કરે છે. તેમને મહેનતના પ્રમાણમાં ખૂબ જ

ઓછી કિંમત મળે છે પરંતુ તેમને સંતોષ છે કારણ કે આ વિસ્તારમાં માર્કેટ નથી. <u>ટીંડો</u> - બાટેના આકતરોના પાન પણ વીણી તેઓ વેપારીઓને વેચે છે. <u>ખાખરાના</u> પાન તોડી તેઓ દડિયા બાજ બનાવવા માટે વેચી દે છે.

આ રીતે જંગલ વિસ્તારમાંથી જે કુદરતના ભોગો મળે છે. તેને એકઠું કરીને થોડું ઘણું ઉપયોગ કરે છે અને વધઘટ જે મળે તે લઈને તેઓ વેચી દેતા જોવા મળે છે. કુદરતની સાથે હંમેશનો સંપર્ક હોય છે. જંગલ તેમના જીવનને ખૂબ જ ઉપયોગી છે તેની ચીજવસ્તુઓ દ્વારા જ પોતાની ખોટ પૂરી કરતા હંમેશ તેઓ પ્રયત્નશીલ રહે છે. આ રીતે જોઈએ તો ખૂબ ઓછી જરૂરિયાતો સંતોષી જીવન જીવતા આ ડાંગી-ઓને કુદરતની સંપત્તિઓનો સાથ હંમેશા મળતો રહે છે અને તેઓ પોતાનું સાદું, સરળ જીવન મસ્તીથી જીવતા જોવા મળે છે.

<u>સરકારી નોકરી-ઓ</u>

આ વિસ્તારમાં કેટલાક પટાવાળા, બીટગાર્ડ, ચોકીયાત, (જનાલીયા) જેવી નોકરીઓમાં અને ખૂબ ઓછા કલર્કની નોકરીમાં જોવા મળે છે. પ્રાથમિક શાળા પાસ કરેલા અને અધ્યાપન મંદિરની તાલીમ પામેલા જૂજ શિક્ષકો આ વિસ્તારના જોવા મળે. ઉકાઈના વિસ્તારના ગામડાઓમાં તો નોકરીવાળા ભાગ્યે એકાદજે જોવા મળે.

<u>શિકાર- માછીમારી :</u>

આખા પ્રદેશમાં વસવાટ કરતી જાતિઓ આજુબાજુના જંગલ વિસ્તારમાંથી મળતો શિકાર પણ કરે છે બીજી વ્યવસાયોની જેમ શિકાર કરવો એ પણ તેમને માટે ખોરાકનું એક અગત્યનું પાસું ગણાવે છે. બીજી બધી અહીંની વસવાટી જાતિઓમાંથી ભીલો શિકારના ખૂબ શોખીન પહેલેથી જ જોવા મળે છે. તે પણ ઉત્તર ડાંગના આ વિસ્તારમાં વૃત્તિ ઘણી બળવત્તર છે. શિકારમાં મુખ્યત્વે તેઓ સસલા, ભૂંડનો શિકાર કરે છે. આ સિવાય પક્ષીઓના શિકારમાં સેલા, કબૂતર, ચકલી, તેતર, ખિસકોલી હોય છે. આ વ્યવસાય તેઓ નવરાશના સમયે કરતા જોવા મળે છે. જ્યારે નવરાશનો સમય વિશેષ હોવાથી સસલા કે ગમે તેના

શિકાર માટે જતા હોય છે. શિકાર કરવા કુહાડીને વાપરે છે તેઓ મુખ્યત્વે સુતરની બનાવેલ જાળ 'વાગોળ' વાપરે છે. શિકાર સમૂહિક કરે છે. તેમાંથી ભાગ પાડી લે છે. સસલાને જાળી બાંધી પકડે છે ખિસકોલી, ચકલા વગેરેને ગોલોલથી મારે છે છોકરાઓના ગળા કે હાથમાં ગોલોલ હોય જ છે. કેટલાક શિકાર માટે કુહાડી સાથેજ રાખતા હોય છે. કુનબી જેઓ ખેતીમાં રચ્યાપચ્યા હોય ઉનાળે જ લગભગ જાય છે ચોમાસે શિયાળે જતા નથી. વારલીઓ તેઓ ગમે ત્યારે જતા જોવા મળે છે.

અન્ય શિકારમાં તેઓ ચોમાસે માછલા મારે છે વરસાદ પડતાં કોતરોમાં તેઓ માછલા પકડે છે. કોતરે આજુબાજુ પથ્થર મૂકી જાળી (ઓત) વાંસની બનાવેલી બાંધી મૂકે છે. તે જાતે જ બનાવેલી હોય છે. માછલીનો શિકાર વહેળાઓમાં નાના ઝરણાઓમાં અને નદીઓમાંથી તેઓ કરે છે વહેળામાં માળીથી નાના ઝરણા અને નદીઓમાંથી માછલી પકડવાની જાળ દ્વારા પકડે છે. માછલીમાં ઝીંગા જે ગોરા, પૂણી વગેરે જેવી નદીઓમાંથી તેઓ પકડે છે મર્યા એ પણ નદીઓમાંથી પકડે છે વાથી તેને પકડવા જાળ વાપરે છે કુલમાસ માળી (ઓતમાં) પકડે છે. ખરાટ બારેમાસ નદીમાંથી પકડે છે. ચોકણ નદીમાંથી ચોમાસે વધારે મળે છે. ચોકનીડોળ નદીમાંથી બારેમાસ પકડે છે. સિન્ધી આ જાળમાં છોકરાઓ પકડે છે. કોયલા નદીમાંથી માછલી સાથે પકડાય તેને શેકીને ખાઈ જાય છે.

ગોવાળ ઢોર-ઢાંખર ચરાવવાવાળાઓ :

ડાંગના આખાય વિસ્તારમાં ઢોર-ઢાંખર -પશુઓની સંખ્યા ઘણી જોવા મળે છે. ખેતી ધરાવતા કુટુંબો પાસે સવિશેષ અને ઓછી જમીન ધરાવતા કે ન ધરાવતા ઘણા એવા કુટુંબો પણ પશુઓ રાખતા જોવા મળે છે. ડાંગમાં વરસાદ વિશેષ પડતો હોવા છતાં ચોમાસા શિયાળાને બાદ કરતાં ઉનાળે ઘાસચારાની તંગી, પાણીની તંગી જોવા મળે છે આ વિસ્તારમાં ઢોરને ઘેર લાવીને ઘાસ નાખવાની પ્રથા નથી તેઓમાંના કેટલાક જાતે ચરાવે છે તો કેટલાક ગોવાળિયાઓ દ્વારા પોતાના ઢોરોને ચરાવવા માટે સોંપે છે ગોવાળિયાઓ જેમની

પાસે જમીન નથી તેવા ભીલ કે બીજી જ્ઞાતિના હોય છે તેઓ ફળિયાના કે અમુક કુટુંબના ઢોરો ચરાવવાની જવાબદારી રાખે છે. તેઓ દરેકને ઘરેથી, વાડાઓમાંથી સવારથી જ ઢોર કાઢીને ઢોરોનું ટોળું ભેગું કરી નજીકના ડુંગર કે જંગલમાં જ્યાં ચરવાનું હોય ત્યાં લઈ જાય છે. જેમાં બળદ, ગાય, ભેંસ, બકરા, નાના વાછરડા, પાડા બધા જ હોય છે. બપોર સુધી ચારો જ્યાં પાણી હોય ત્યાં પાઈને નક્કી કરેલ ઝાડના છાંયે ઉભા રાખે છે. જેને ઘરનું ઢોર ચરાવવા પુરુષ-સ્ત્રી બંને જતા હોય છે. સાંજે ગામમાં કે ફળિયામાં દરેકને ત્યાં ઘરમાં કે વાડામાં ઘર માલીકો પૂરી દે છે. કારણ કે અહીં ઢોરોને છૂટા જ ઘર કે વાડામાં રાખવાની પ્રથા જોવા મળે છે. ગોવાળને હોળી ઉપર નક્કી કર્યા પ્રમાણે એક ગાય કે ભેંસ, બળદ કે બકરો આપવામાં આવે છે. સવાર-સાંજ ભોજન અને મહેનતાણું જેના ઉપર ગોવાળનું જીવન ચાલે છે.

<u>હાળી અથવા નોકર :</u>

ખેતી કરતાં કુટુંબોને વધુ ખેતી હોય કે ખેતી કરવા સક્ષમ ન હોય ત્યારે બીજી વ્યક્તિને માસિક કે વાર્ષિક ~~[illegible]~~ ક હાળી કે નોકર તરીકે રાખીને ખેતી કરાવવામાં આવે છે. હાળી થી હાળી કે ચોમાસા પૂરતો રાખવામાં આવે છે તેને રોકડ કરતાં અનાજના રૂપમાં મહેનતાણું ચૂકવવામાં આવે છે. કપડાં પણ તેઓને આપવામાં આવે છે. તહેવારે અનાજ ખેતી કરનારો લઈ જાય છે. માલિક તેને પ્રસંગોપાત દારૂ, મરચાં પણ આપે છે તે ખેડવાથી માંડી વાવણી અને લણણીથી ડાંગર કે અન્ય ધાન્ય ઘરમાં લાવી આપવા સુધીના કામો કરે છે. મુશ્કેલીમાં જરૂર પડે પૈસા કે અનાજ લઈ જાય છે જે કામ કરીને વાળે છે. આમ અહીં હાળી અથવા નોકરની પણ પ્રથા છે. છૂટક નોકર હોય તેને રોજેરોજ મજૂરી ચૂકવે છે. બંધાયેલો હોય તો તેના ઘરના કામ કરવા ખેતીનું આવે તો તેને રોજ મહેનતાણું આપી દે છે. વધારાનું અનાજ જરૂર પડે લઈ જાય તો તે પછી ખેતીના પાકના કામો કરી વાળી દે છે. આમ અહીંયા પણ માલિક નોકરના સારા સંબંધો જોવા મળે છે.

<u>અન્ય વ્યવસાયો (કોલસા પાડવા, વાંસકામ)</u>

આ વિસ્તારમાં કોલસા પાડવા માટેનું કામ કાથોડીઓ કરે છે તેઓ ડુંગર ઉપર કે જંગલોમાં લાકડાં બાળી કોલસા પાડે છે.

આ કામ કાયમ હોતું નથી. વર્ષમાં બે માસ લગભગ ચાલે છે. પરંતુ આજે જંગલ ખાતાની નવી જાતિઓને કારણે તેમનો વ્યવસાય પડી ભાગ્યો હોય તેમ લાગે છે તેમની વસ્તી જંગલોમાં છે ને ઘણી ઓછી વસતી છે. જે આ ધંધા પરંપરાગત તેઓ કોલસો બનાવતા હતા. આજે તે જોવા મળતું નથી આજે તેઓ ખેતમજૂરી, ઘેડપ્રદેશ ([illegible], મધ) અને સ્થળાંતર મજૂરી નવા ગામ વગેરે સ્થળોએ કરે છે.

વાંસકામનો વ્યવસાય કોટવાળિયા લોકો કરે છે તેઓની વસ્તી પણ ડાંગના દરેક ગામો પૂરતી છે. તેઓ વાંસમાંથી ટોપલા-ટોપલી બનાવવાનો વ્યવસાય કરીને પોતાનું જીવન જીવે છે. તેમને પણ જેમ જેમ સમય જાય છે તેમ તેમ આ વ્યવસાયમાં ઘણી ઠેકાણે વાંસના અભાવે રખડવું કે ઉંડે સુધી જવું પડે છે. તેઓ આ વ્યવસાય સિવાય ખેતમજૂરી કરે છે. પણ ખૂબ જ અલ્પ પ્રમાણમાં તેમાં જાય છે. વર્ષના અમુક સમયે તેમને વાંસકામનો વ્યવસાયમાંથી બાય કરીને ચોમાસે રોજી ખૂબ ઓછી મળે છે.

<u>ગાલીચા ઉદ્યોગ :</u>

ડાંગમાં ઘણે ઠેકાણે ગાલીચા બનાવવાનો ઉદ્યોગ ચાલે છે. તેઓ યુવાન-યુવતીઓને બનાવવાના ઠેકાણે બોલાવી તાલીમ આપીને મજૂરીએ બોલાવે છે. ઘણા બધા યુવક-યુવતીઓ આ ગાલીચા ઉદ્યોગ દ્વારા વર્ષના ઘણા બધા દિવસો પૂરક રોજગારી પોતાના કુટુંબ માટે ઉભી કરે છે.

ડાંગીઓ પોતાના જીવન નિર્વાહ માટે અનેક પ્રકારના ધંધા રોજગાર દ્વારા રોજી મેળવવાનો પ્રયત્ન કરે છે ડાંગની સરહદના ગામો જ્યાં નાના નાના સ્થળો, જ્યાં થોડી બજાર વ્યવસ્થા અને વસવાટ છે ત્યાં કેટલાક છૂપી રીતે જલાઉ લાકડા વેચીને થોડી પૂરક રોજી મેળવે છે તેઓ અનેક વ્યવસાયો દ્વારા જીવન ટકાવી રાખવાનો પ્રયત્ન કરે છે. તેમનું જીવન સતત સંઘર્ષ વચ્ચે જીવાય છે.

<u>સ્થળાંતરી મજૂરો :</u>

ડાંગના ઘણા કુટુંબો સ્થળાંતરી મજૂરી માટે ડાંગથી નજીકના સ્થળોએ, વાંસદા, વલસાડ જઈ ત્યાં બાંધકામની મજૂરી કે ઝાડ કાપવાની કે ખેતીની શેરડી કાપવાની કે સુગર ફેક્ટરીની જે મળે તે કરીને રોજી મેળવે છે. ઘણા કુટુંબો શિયાળામાં આવી બાહેર મજૂરી માટે જતા જોવા મળે છે જેમાં પુરુષો સવિશેષ હોય છે. ઉનાળે તેમને આવી મજૂરી માટે અહીંના વિસ્તારમાં બીજી કોઈ જ રોજીની તકો ન હોવાથી બહાર જવું પડે છે.

આર્થિક ક્ષેત્રે પુરુષ અને સ્ત્રી વચ્ચેના શ્રમ વિભાજનમાં જાતિના પાયા પરના ભેદભાવ કે હલકા ભારેના ખ્યાલો તેમનામાં ખાસ પ્રવર્તતા નથી. ડાંગી આદિવાસીઓમાં સ્ત્રીઓ પણ ઘણાં મુશ્કેલ અને ખેતીના નાના મોટા ખમવાના કાર્યો કરે છે. રોપણી, કાપણી, નિંદામણ, પૂળા બાંધવા, ઘાસ કાપવું, અનાજ ભેગું કરવું વગેરે જેવા ખેતીના કામો ઉપરાંત હાટ કે બજારમાં અનાજ વેચવાનું કાર્ય પણ કરતી હોય છે. જંગલમાં ઢોર ચરાવવા, કે જંગલ ગૌણ પેદાશો ગુંદર, મધ, ટીમરુપાન, કરંજબીજ, લાકડા વીણવા વગેરે જેવા કામો કરે છે. જ્યારે વધુ શ્રમ માંગી લેતા કેટલાક કાર્યો ખેડણી કરવી, હળ હાંકવાનું, બળદગાડું ચલાવવાનું, શિકાર કરવાનું, મધ પાડવા જવું વગેરે કાર્યો પુરુષ હસ્તક હોય છે. તેમ આ ખેતીના, જંગલ પેદાશો, કંદમૂળ એકઠા કરવા વગેરે સ્ત્રી-પુરુષ સમાન રીતે કરે છે.

અન્ય આદિવાસી જાતિઓની જેમ ડાંગી આદિવાસીઓમાં સહકારનું તત્વ વિશેષ જોવા મળે છે. કુટુંબની દરેક કાર્યક્ષમ વ્યક્તિ કામમાં મદદ કરે છે. માછલાં પકડવા, શિકાર કરવો, કંદમૂળ ખોદી લાવવા, ખેતીના દરેક કાર્યોમાં, પશુપાલનમાં, ઘર બાંધવામાં વગેરે એકઠા મળીને કાર્યો ઉપાડી લે છે. કોઈ પણ આર્થિક પ્રવૃત્તિમાં કે ખેતીમાં કામોમાં કોઈની પાસે સાધન ન હોય તો એકબીજાને મદદ કરે છે. એક-બીજા ખેતરમાં પણ અરસપરસ મદદ કરીને ખેતીના કાર્યો કરે છે. જો કે આજે ઘણા આવા સહકારની જગ્યાએ કામના પ્રમાણમાં બદલાની અપેક્ષા રાખતા હોય છે. તેઓ કિંમત પણ માગે છે જો કે તેમનામાં વસ્તુ વિનિમય પ્રથા હજુ જળવાઈ રહી છે. જ્યાં બિન આદિવાસીઓનો સંપર્ક થયો છે ત્યાં નાણાંનું મહત્વ કે ઉપયોગ થવા લાગ્યો છે.

હવે તપાસ હેઠળના ચાર કુકણા, ભીલ, ગામીત, અને કોટવાળિયા જાતિની વસતિ ધરાવતા ગરીબ, મધ્યમ અને થોડી સારી આર્થિક સ્થિતિવાળા કુટુંબોને વર્ગીકૃત કરીને સ્તરીકૃત પધ્ધતિથી ભરેલા તપાસ પત્રકોને આધારે તારવેલ કેટલાક તારણો મૂકયા છે, તે જોઈશું. અહીંયાં રજુ કરેલો ચાર તપાસ હેઠળના અલગ અલગ વિસ્તારના ગામો કુટુંબોનો હોઈ અને અલગ અલગ જાતિઓ પણ સામેલ હોઈ સ્થાનિક કેટલાક જગ્યાએ ભિન્નતા જોવા મળે છે. તેમ છતાં સમગ્ર ડાંગ વિસ્તારને અનુલક્ષીને તેનું પ્રતિબિંબ તેમાં જરૂર જોઈ શકાશે.

**કુટુંબમાં કમાનાર બિનકમાનાર સંખ્યા :**

તપાસ હેઠળના કુટુંબોમાં કમાનાર, બિનકમાનાર અને આધાર રાખનારની સંખ્યા કોઠા-૬.૪ માં દર્શાવી છે તેમાં જણાય છે કે તપાસ હેઠળના કુટુંબોના લગભગ અર્ધા ઉપરાંત ૬૦.૨૦ ટકા પુરુષ અને ૬૦.૫૯ ટકા સ્ત્રી સભ્યો કુટુંબની આવકના આર્થિક ઉપાર્જન માટે એક કરતાં વધુ વ્યવસાયો કરીને મહત્વનો ભાગ ભજવે છે આ આર્થિક ઉપાર્જનમાં પુરુષ જેટલો જ સ્ત્રીઓનો ફાળો જોવા મળ્યો છે કારણ કે કોટવાળિયા, કુકણા, ગામીતોમાં ઘણી જગ્યાએ આર્થિક ઉપાર્જનમાં મહત્વનો ફાળો આપેલો જણાય છે. લગભગ અર્ધાથી ઓછા ૩૩.૧૭ ટકા પુરુષો અને ૩૧.૦૪ ટકા સ્ત્રીઓ ઓછુંવત્તુ કમાનાર, અર્ધબેકાર અને કેટલાક બેકાર છે. આધાર રાખનારની સંખ્યા ખૂબ જ ઓછી છે.

કમાનાર, બિનકમાનાર અને આધાર રાખનારની સંખ્યા ૬:૪

| ક્રમ | ગામ | કમાનાર | | બિનકમાનાર | | આધારિત | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૧. | ચૌર્યાંના ગાવઠા | ૨૩ | ૨૪ | ૧૫ | ૧૪ | ૩ | ૩ | ૪૧ | ૪૧ |
| ૨. | બોરખેત | ૩૮ | ૩૯ | ૧૫ | ૧૧ | ૩ | ૪ | ૫૬ | ૫૪ |
| ૩. | સાજુપાડા | ૨૯ | ૨૬ | ૧૩ | ૧૭ | ૩ | ૬ | ૪૫ | ૪૯ |
| ૪. | બરડોપાડા | ૨૮ | ૩૪ | ૨૨ | ૨૧ | ૪ | ૪ | ૫૪ | ૫૯ |
| ૫. | કુલ | ૧૧૮ | ૧૨૩ | ૬૫ | ૬૩ | ૧૩ | ૧૭ | ૧૯૬ | ૨૦૩ |
| | ટકા | ૬૦.૨૦ | ૬૦.૫૯ | ૩૩.૧૭ | ૩૧.૦૪ | ૬.૬૩ | ૮.૩૭ | ૧૦૦. | |

આવક જૂથ પ્રમાણે કુટુંબ સંખ્યા : ૬:૫

| ક્રમ | ગામ | ૨૫૦૦થી ૩૫૦૦ | ૩૫૦૧થી ૪૫૦૦ | ૪૫૦૧થી ૫૫૦૦ | ૫૫૦૧થી ૬૫૦૦ | ૬૫૦૧થી ૭૫૦૦ | ૭૫૦૧થી ૮૫૦૦ | ૮૫૦૧થી ૯૦૦૦ | ૯૦૦૧થી ઉપર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ચીચોના ગાવઠા | ૩ | ૧૪ | ૩ | - | - | - | - | - | ૨૦ |
| ૨. | બોરેખેત | - | ૧૧ | ૩ | ૨ | ૨ | ૧ | ૧ | - | ૨૦ |
| ૩. | રાજુપાડા | ૧ | ૯ | ૫ | ૪ | - | ૧ | - | - | ૨૦ |
| ૪. | બરડોપાડા | - | ૪ | ૨ | ૪ | ૬ | ૩ | - | ૧ | ૨૦ |
| ૫. | કુલ | ૪ | ૩૮ | ૧૩ | ૧૦ | ૮ | ૫ | ૧ | ૧ | ૮૦ |
| ૬. | ટકા | ૫.૦૦ | ૪૭.૫ | ૧૬.૨૫ | ૧૨.૫૦ | ૧૦.૦૦ | ૬.૨૫ | ૧.૨૫ | ૧.૨૫ | ૧૦૦.૦ |

વ્યવસાયિક પરિસ્થિતિ દર્શાવતો કોઠો : ૬૩૬

| ક્રમ | ગામ / કુટુંબ સંખ્યા કુલ | ખેતી | પશુપાલન | વન્ય પદાર્થો | ખેત મજૂરી | સ્થળાંતરી મજૂરી | નોકરી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ચીચાના ગાવઠા ૨૦ | ૬ | ૩ | ૬ | ૨૦ | ૧૧ | ૨ | ૫૪ |
| ૨. | બોરખેત ૨૦ | ૧૩ | ૬ | ૬ | ૧૬ | ૫ | ૨ | ૪૮ |
| ૩. | ડાજુપાડા ૨૦ | ૧૧ | ૬ | ૬ | ૧૬ | ૮ | – | ૫૦ |
| ૪. | બરડોપાડા ૨૦ | ૧૬ | ૪ | ૧૨ | ૧૫ | ૭ | ૨ | ૫૮ |
| ૫. | કુલ ૮૦ | ૫૨ | ૨૨ | ૩૩ | ૬૭ | ૩૧ | ૫ | ૨૧૦ |
| ૬. | ટકા | ૨૪.૭૬ | ૧૦.૪૭ | ૧૫.૭૧ | ૩૧.૯૦ | ૧૪.૭૬ | ૨.૩૮ | ૧૦૦.૦૦ |

વાર્ષિક આવક કુલ ૬:૭

| ક્રમ | ગામ કુટુંબ સંખ્યા | ખેતી કરનાર કુટુંબ અને ખેતી ની આવકો | પશુપાલન કરતા કુ. અને આવક | વન્ય પેદાશો કપની આવકો | ખેતમજૂરી | સ્થળાંતરી મજૂરી | નોકરી | મરઘા ઉછેરની આવક | માછીમારોની આવક | કુલ આવક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ચોચોના ગાવઠા ૨૦ | ૭ ૧૫૨૦૦ | ૩ ૧૧૦૦ | ૬ ૨૨૦૦ | ૨૦ ૩૫૦૦૦ | ૧૧ ૨૪૬૦૦ | ૨ ૬૫૦૦ | – | – | ૫૦ ૮૪૬૦૦ |
| ૨. | બોરખેત ૨૦ | ૧૩ ૪૧૮૫૦ | ૧૦ ૪૮૦૦ | ૬ ૪૪૦૦ | ૧૬ ૨૦૦૦૦ | ૫ ૧૫૨૦૦ | ૨ ૧૩૮૦૦ | – | – | ૫૨ ૧૦૦૦૫૦ |
| ૩. | કાજુપાડા ૨૦ | ૧૧ ૬૩૦૦ | ૧૨ ૧૦૩૦૦ | ૬ ૧૬૦૦ | ૧૬ ૩૦૦૦૦ | ૮ ૧૧૮૫૦ | – | – | – | ૫૩ ૬૦૦૫૦ |
| ૪. | બરડોપાડા ૨૦ | ૧૬ ૮૬૩૦૦ | ૬ ૪૦૦૦ | ૧૨ ૪૧૦૦ | ૧૫ ૧૮૮૦૦ | ૭ ૧૦૦૦૦ | ૧ ૮૦૦૦ | – | – | ૬૦ ૧૩૧૫૦૦ |
| ૫. | કુલ ૮૦ | ૫૨ ૧૪૯૬૫૦ | ૩૧ ૨૦૫૦૦ | ૩૩ ૧૨૩૦૦ | ૬૭ ૧૦૩૮૦૦ | ૩૧ ૬૧૬૫૦ | ૫ ૨૮૩૦૦ | – | – | ૨૧૬ ૩૭૬૩૦૦ |
| ૬. | ટકા | ૩૯.૭૭ | ૫.૪૯ | ૩.૨૭ | ૨૭.૫૬ | ૧૬.૩૮ | ૭.૫૨ | – | – | ૧૦૦.૦૦ |
| ૭. | કુટુંબ દીઠ સરેરાશ | (૨૮૦૭) | (૭૩૬) | (૩૭૨) | (૪૭૪૨) | (૩૬૨૬ | (૫૬૬૦) | | | (૪૪૦૩) |

વાર્ષિક આવક પ્રમાણે વર્ગીકરણ કોઠા-૬.૫ પરથી જણાય છે કે ૫૦ ટકા ઉપરાંત કુટુંબોની વાર્ષિક આવક ૪૫૦૦થી નીચે છે. ૪૫૦૧થી ૫૫૦૦, ૫૫૦૧ થી ૬૫૦૦ અને ૬૫૦૧ થી ૭૫૦૦ની આવક જૂથમાં આવતા ૩૮ ટકા જેટલા કુટુંબોની વાર્ષિક આવક ૪૫૦૧ થી ૭૫૦૦ વચ્ચેની છે માત્ર ૮ ટકા કુટુંબોની વાર્ષિક આવક ૭૫૦૦ થી ઉપરની જોવા મળી છે એટલે ઓછી આવકવાળા ૫૦ ટકા કુટુંબો છે. જ્યારે વધુ આવક ધરાવતા તે પણ આ વિસ્તારની દ્રષ્ટિએ માત્ર ૮ ટકા માંડ કુટુંબો જોવા મળે છે. આવક જૂથ પ્રમાણે કુટુંબ સંખ્યા ધરાવતા તપાસના ચારેય ગામોની વિગતો કોઠામાં મૂકવામાં આવી છે.

આ તપાસ હેઠળના કુટુંબો શેમાંથી આવક મેળવે છે. તેનો વ્યવસાયિક રીતે તો ખ્યાલ કોઠા - ૬.૬ જોતાં આવે છે જેમાં આ કુટુંબોની મુખ્ય આવક સ્ત્રોત જેમાંથી વધુ આવક પ્રાપ્ત થાય છે. તેવા ૫૨ (૨૩.૭૬ ટકા) કુટુંબો છે. જો કે તપાસ હેઠળના બધા કુટુંબોમાંથી ખેત મજૂરોનો વ્યવસાય કરતા ૬૭ (૩૧.૯૦ ટકા) કુટુંબો જોવા મળ્યા છે. તેમ છતાં ખેતમજૂરી આવક બીજા નંબરે થતી જોવા મળે છે. એ સિવાય વન્ય પેદાશો એકઠી કરતા કુટુંબો ૩૩ (૧૫.૭૧ ટકા) ~~અને પશુપાલનમાંથી~~ સ્થળાંતરી મજૂરી કરીને આવક પ્રાપ્ત કરતા ૩૧ (૧૪.૭૬ ટકા) અને પશુપાલનમાંથી પૂરક રોજગારી ઊભી કરતા ૨૨ (૧૦.૪૭ ટકા) કુટુંબો જોવા મળે છે. માત્ર ૫ (૩.૨૮ ટકા) કુટુંબો જ નોકરી દ્વારા થોડી આવક પ્રાપ્તિ ઉપર નિર્ભર જીવન જીવતા જણાયા છે.

તપાસ હેઠળના આ ડાંગ વિસ્તારના ચારેય ગામોના કુટુંબોમાંથી વિવિધ વ્યવસાયોમાંથી થતી આવક અંગેના આંકડાઓને જોઈએ તો સૌથી વધુ આવક તેઓ ખેતી કરતા કુટુંબોની ખેતીની ૩૬.૦૭ ટકાની થતી આવક જોવા મળે છે. ત્યારબાદ બીજા ક્રમે ખેતમજૂરોની આવક ૨૦.૫૯ ટકાની થતી જોવા મળે છે. એ પછી સ્થળાંતરી મજૂરોની ૧૭.૩૮ ટકાની અને પશુપાલનના વ્યવસાયની ૫.૪૦ ટકાની આવકો જોવા મળે છે. વન્ય પેદાશોની અને નોકરીની વ્યવસાયિક આવકો અલ્પ જોવા મળે છે.

ખેતીના પાકોના આવકો : ૬૭૮

| ક્રમ | ગામ કુટુંબ સંખ્યા | ખેતી કરતા કુટુંબ સંખ્યા | નાગલી | ડાંગર | વરી | જુવાર | વાલ | તુવેર | અડદ | મકાઈ | શાકભાજી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ચીચીના ગાવઠા ૨૦ | ૯ | ૮૨૦૦ | ૨૭૦૦ | ૨૦૦૦ | – | ૨૫૦ | ૨૫૦ | ૨૦૦ | – | ૧૬૦૦ | ૧૫૨૦૦ |
| ૨. | બોરખેત ૨૦ | ૧૩ | ૨૬૦૦૦ | ૫૪૫૦ | ૪૪૦૦ | – | ૨૬૦૦ | ૨૦૦ | ૨૦૦ | – | – | ૪૨૮૫૦ |
| ૩. | ગાજુપાડા ૨૦ | ૧૧ | ૩૦૦૦ | – | – | ૧૫૦૦ | ૪૦૦ | ૭૦૦ | ૫૦૦ | – | ૨૦૦ | ૬૩૦૦ |
| ૪. | વરડોપાડા ૨૦ | ૧૯ | ૩૯૩૦૦ | ૧૦૨૦૦ | ૫૦૦ | ૯૮૦૦ | ૬૫૦૦ | ૧૦૪૦૦ | ૪૮૦૦ | ૪૮૦૦ | – | ૮૬૩૦૦ |
| ૫. | કુલ ૮૦ | ૫૨ | ૭૬૫૦૦ | ૧૮૭૫૦ | ૬૯૦૦ | ૧૧૩૦૦ | ૯૭૫૦ | ૧૧૫૫૦ | ૫૭૦૦ | ૪૮૦૦ | ૧૮૦૦ | ૧૪૬૬૫૦ |
| | | XXXXX | XXXXX | XXXX | XXXX | XXXX | XXXX | | | | | |
| | | | ૫૩.૧૨ | ૧૨.૭૬ | ૪.૬૧ | ૭.૫૫ | ૬.૫૨ | ૭.૭૨ | ૩.૮૧ | ૩.૨૧ | ૧.૨૦ | ૧૦૦-૦૦ |

પરચુરણ ઉછેર અને માછીમારની આવકો આ કુટુંબોની જાણવા મળી નથી કેમ કે જે કુટુંબોએ માત્ર ખાવા પૂરતા પરચુરણ ઉછેર કે માછીમારી કરી આવતા પોતાને જણાવે છે. વાર્ષિક આવક દર્શાવતા કોઠા ઉપરથી ખ્યાલ આવશે કે આ કુટુંબો પાસે આવકનું મોટું સાધન ખેતી છે. એ સિવાય આવક પ્રાપ્તિ માટે ખેતમજૂરી, સ્થળાંતરી મજૂરી કરીને તેનામાં વધારો કરતા જાય છે. જે કુટુંબો પાસે ખેતી છે તેમના પણ ઘણા લોકો ખેતમજૂરી કે સ્થળાંતરી જોવા મળે જાય છે. તે પણ આ કોઠા પરથી સ્પષ્ટ થાય છે. પશુપાલન અને વન્ય પેદાશો જેવા વ્યવસાયો કરે છે પણ તેમાંથી તેમને ઓછી આવક પ્રાપ્તિ થતી નથી એ પણ કોઠા પરથી જોઈ શકાય છે.

~~[illegible]~~ આગળ દર્શાવ્યું તેમ આખાયે વિસ્તારનો મુખ્ય વ્યવસાય ખેતી રહ્યો છે. તેમની મુખ્ય આવક પ્રાપ્તિનું સ્રોત તેજ જોવા મળે છે. કારણ કે આખોય વિસ્તાર ભૂગોળિક રીતે એ રીતે વિસ્તરેલો છે કે બીજા ઔદ્યોગિક એકમો અહીં વિકાસ પામ્યા નથી. ખેતી સાથે ખેતમજૂરી, સ્થળાંતરી મજૂરી, જંગલ આધારિત રૂપ કે ગૌણપેદાશો પશુપાલન વગેરે વ્યવસાયો તેઓ કરે છે. ~~[illegible]~~ ખેતી આમ તો આ વિસ્તારની માત્ર નિભાવલક્ષી છે તેવુ તેમની સ્થિતિ જોવા લાગ્યા વગર રહેતુ નથી. ખેતીમાં તેઓ જે ઉત્પાદન કરે છે તેમાં મહદઅંશે ધાન્ય પાકો અને કઠોળના પાકો કરતા જોવા મળે છે.

તપાસના કુટુંબોમાંથી જોવા મળે છે તેમ ખેતીમાં નાગલી એ મુખ્ય ધાન્ય છે જેમાંથી ૫૩.૧૨ ટકા એટલે ૫૦ ટકા ઉપરાંતની આવક છે. ત્યારબાદ ડાંગર (ભાત), વરી જુવાર, વાલ, તુવેર, અડદ, મકાઈ અને થોડી ઘણી શાકભાજી તેઓ કરે છે. તેની આવક જોવા મળે છે. કોઠા- ૬.૮ જોતાં વિગતે ખેતીના પાકોની આવકો જણાશે. ડાંગમાં આજે મગફળી અને તરબૂચનો ખેતી પણ કરાય છે. પરંતુ તપાસના આ ગામોના કુટુંબોએ વિગતો તેનો ખેતી ન કરતા હોઈ તે વિશે માહિતી નથી.

તપાસ હેઠળના કુટુંબોમાંથી પશુપાલનના વ્યવસાયમાંથી આવકો જે જોવા મળી છે. જેમાં બળદ, પાડા, ગાય, ભેંસ અને પરચુરણ ઉછેરની આવકો જાણવા મળી હતી. તેઓ પશુઓમાંથી દૂધની આવકો ખાસ મેળવતા જોવા મળ્યા નથી.

વાર્ષિક ઉત્પાદન ખર્ચ - દર્શાવતો કોઠો - ક.૯

| ક્રમ | ગામ<br>કુટુંબ સંખ્યા | બિયારણ | છાણીયું ખાતર | રાસાયણિક ખાતર | જંતુનાશક દવાઓ | મજૂરી | જમીન મહેસૂલ | ઇતર/ઉચાપાત | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ચોંચોના ગાવડા<br>૨૦ | ૮૦૦ | ૨૦૦ | - | ૧૫૦ | ૪૦ | ૧૫૫ | ૬૪૦ | ૨૨૮૫ |
| ૨. | બોરખેત<br>૨૦ | ૧૮૦૦ | ૧૩૫૦ | - | - | ૬૦૦ | ૧૧૫૦ | ૩૨૫૦ | ૮૦૫૦ |
| ૩. | રાજુપાડા<br>૨૦ | ૧૬૫૦ | ૧૧૦૦ | ૫૦૦ | ૧૦૦૦ | ૫૦૦ | ૬૦૦ | ૧૨૫૦ | ૬૬૦૦ |
| ૪. | બરડોપાડા<br>૨૦ | ૩૧૦૦ | ૨૬૫૦ | - | - | ૫૫૫૦ | ૧૬૭૦ | ૧૬૫૦ | ૧૪૬૨૦ |
| ૫. | કુલ<br>૮૦ | ૬૬૫૦ | ૫૩૦૦ | ૫૦૦ | ૧૧૫૦ | ૬૬૯૦ | ૩૮૭૫ | ૭૦૬૦ | ૩૧૮૫૫ |
| | | ૨૧.૮૨ | ૧૬.૬૪ | ૧.૫૭ | ૩.૬૧ | ૨૧.૦૪ | ૧૨.૧૬ | ૨૨.૨૬ | ૧૦૦.૦૦ |

તેઓ પશુઓના માત્ર વેચવામાંથી આવકો મેળવતા હતા.

પશુપાલનની આવકો : કોઠા – ૬.૧૦

| ક્રમ ગામ<br>કુટુંબ સંખ્યા | બળદ | પાડા | ગાય | ભેંસ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧. ચૌધીના ગાવઠા<br>૨૦ | ૨<br>૮૦૦ | ૧<br>૩૦૦ | – | – | ૩<br>૧૧૦૦ |
| ૨. બોરખેત<br>૨૦ | ૪<br>૧૬૦૦ | ૫<br>૨૫૦૦ | ૧<br>૭૦૦ | – | ૬<br>૪૮૦૦ |
| ૩. સાજુપાડા<br>૨૦ | ૪<br>૩૦૦૦ | ૪<br>૨૦૦૦ | – | ૪<br>૫૩૦૦ | ૯<br>૧૦૩૦૦ |
| ૪. પરઠીપાડા<br>૨૦ | ૨<br>૨૮૦૦ | – | ૩<br>૧૩૦૦ | ૧<br>૩૦૦ | ૪<br>૪૪૦૦ |
| ૫. કુલ-૮૦ | ૧૨<br>૮૨૦૦ | ૧૦<br>૪૮૦૦ | ૪<br>૨૦૦૦ | ૫<br>૫૬૦૦ | ૨૨<br>૨૦૬૦૦ |

તપાસ હેઠળના કુટુંબોમાંથી આગળ જોયુ તેમ ખેતોના જુદા જુદા પાકોમાંથી તેઓ આવકો પ્રાપ્ત કરે છે. આ ખેત ઉત્પાદન માટે તેઓને ઉત્પાદન ખર્ચ થાય છે. કોઠામાં જોઈ શકાય છે તે રીતે બિયારણ, હળપાડા અને મજૂરોનો સૌથી મહત્વનો અને સૌથી વધુ ખર્ચ છે. તે પછીના ક્રમે છાણીયુ ખાતર, જમીન મહેસુલ, જંતુનાશક દવાઓ અને રા.ખાતરનો ખર્ચ કોઈ કોઈને અપરૂપે જ હોય એમ જણાય છે.

તેઓ દ્વારા ખેતી ઉત્પાદન મેળવવા માટે કઈ ચીજવસ્તુઓ પાછળ વાર્ષિક કેટકેટલો ખર્ચ થાય છે તે કોઠા૬.૯માં દર્શાવ્યા પરથી તપાસના ચારેય ગામનો જોઈ શકાય છે. આ ખર્ચ મોટેભાગે જે કુટુંબો ખેતીની જમીન ધરાવે છે કે બીજાની કરે છે તેમને જ જોવા મળે છે. તેમની ખેતીના પ્રમાણમાં થતા આ ઉત્પાદન ખર્ચ પરથી એ પણ જાણી શકાય છે કે અહીંના લોકોને તેમની મજૂરીના પ્રમાણમાં કેટલુ ઓછું વળતર પ્રાપ્ત થતુ હશે. એ સિવાય અહીંના જમીનમાંથી ઉત્પાદન મેળવતા ખેડૂતો પણ ખૂબજ ઓછા ભાવનો તેમજ વસ્તુઓનો ઉપયોગ તેના અભાવને કારણે અને પરિસ્થિતિને કારણે કરે છે.

કુટુંબનો રોજબરોજનો વાર્ષિક ખર્ચ કોઠા - ૬.૧૧

| ક્રમ | ગામ કુટુંબ સંખ્યા | ખાના ખોરાકો | દૂધ ઘી | ખાંડ ગોળ | ચા | તેલ | મચ્છી ઈંડા | શાક-ભાજી | મસાલા | સાબુ | કપડાં | પગરખાં | બીડી તમાકુ | દારૂ | મનોરંજન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ચીચોના ગાવઠા ૨૦ | ૩૩૧૦૦ | ૨૦૦ | ૧૫૮૦ | ૧૪૪૦ | ૫૬૦૦ | ૫૧૦૦ | ૧૭૦૦ | ૧૪૦૦ | ૧૫૫૦ | ૫૧૦૦ | ૨૦૦ | ૩૦૫૦ | ૩૩૦૦ | ૬૫૫ |
| ૨. | બોરખેત ૨૦ | ૪૫૩૦૦ | ૧૩૦૦ | ૧૭૫૦ | ૧૦૫૦ | ૬૫૫૦ | ૪૬૫૦ | ૧૫૦૦ | ૨૪૫૦ | ૧૧૦૦ | ૬૪૫૦ | ૫૦૦ | ૨૩૫૦ | ૨૧૫૦ | ૧૫૦ |
| ૩. | રાજુપાડા ૨૦ | ૪૨૪૦૦ | ૧૮૫૦ | ૧૫૦૦ | ૧૩૦૦ | ૬૬૫૦ | ૫૦૦૦ | ૧૮૫૦ | ૨૪૦૦ | ૧૫૦૦ | ૬૧૫૦ | ૫૫૦ | ૩૦૦૦ | ૨૫૦૦ | ૬૨૫ |
| ૪. | ચરડોપાડા ૨૦ | ૫૦૫૦૦ | ૧૪૫૦ | ૨૧૦૦ | ૧૨૫૦ | ૮૨૦૦ | ૭૦૪૦ | ૨૨૫૦ | ૩૦૦૦ | ૧૬૫૦ | ૮૦૦૦ | ૧૫૦૦ | ૩૮૫૦ | ૩૮૫૦ | ૫૫૦ |
| ૫. | કુલ ૮૦ | ૧૭૫૩૨૦<br>૪૭.૬૩ | ૪૮૦૦<br>૧.૩૧ | ૬૯૩૦<br>૧.૮૮ | ૫૦૪૦<br>૧.૩૮ | ૨૭૦૦૦<br>૭.૩૮ | ૨૨૦૬૦<br>૬.૦૪ | ૭૩૫૦<br>૨.૦૦ | ૯૨૦૦<br>૨.૫૩ | ૪૫૭૦૦<br>૧.૫૯ | ૨૫૭૦૦<br>૭.૦૩ | ૨૭૫૦<br>૦.૭૫ | ૧૨૨૫૦<br>૩.૩૫ | ૧૧૮૦૦<br>૩.૨૩ | ૨૨૮૦<br>૦.૬૩ |

કોઠો - ૬.૧૧ ચાલુ

| ક્રમ | ગામ<br>કુટુંબ સંખ્યા | ધાર્મિક<br>ક્રિયા | મુસાફરી<br>ખર્ચ | શિક્ષણ | દવા<br>દારૂ | સામાજિક<br>ખર્ચ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ચોધીના ગાવઠા<br>૨૦ | ૧૧૬૦ | ૨૬૫૦ | ૭૫૦ | ૨૨૦૦ | ૩૨૦૦ | ૭૮૨૬૫ |
| ૨. | બોરખેત<br>૨૦ | ૧૧૩૪ | ૩૧૫૦ | ૫૦૦ | ૧૬૦૦ | ૪૧૫૦ | ૮૮૩૮૪ |
| ૩. | ાાજુપાડા<br>૨૦ | ૧૪૭૫ | ૩૧૦૦ | ૩૫૦ | ૨૩૫૦ | ૪૫૦૦ | ૬૬૯૬૯ |
| ૪. | વરડોપાડા<br>૨૦ | ૧૮૭૫ | ૪૭૫૦ | ૫૦૦ | ૨૩૫૦ | ૫૪૦૦ | ૧૧૦૦૨૫ |
| ૫. | કુલ ૮૦ | ૫૬૦૪ | ૧૩૬૫૦ | ૨૧૦૦ | ૮૭૫૦ | ૧૭૨૫૦ | ૩૬૫૭૧૪ |
| | | ૧.૫૫ | ૩.૭૩ | ૦.૫૭ | ૨.૩[illegible] | ૪.૭૨ | ૧૦૦.૦૦ |

તપાસ હેઠળના કુટુંબો ભિન્ન ભિન્ન વ્યવસાયો કરીને આવક પ્રાપ્તિ કરે છે. આ આવક પ્રાપ્ત માટે તેઓ કેટલેક ઠેકાણે ઉત્પાદન ખર્ચ કરે છે. એ પછી તેઓ પોતાના રોજબરોજની વપરાતી ચીજવસ્તુઓ પાછળ કેટકેટલો નાના મોટાં ખર્ચાઓ કરતા જોવા મળે છે. તે દર્શાવતા કોઠા- ૬.૧૧ પરથી સ્પષ્ટ થાય છે કે કુલ ખર્ચના લગભગ અર્ધા ભાગ ૪૭.૯૩ ટકા જેટલો તો માત્ર ખાવા ખોરાકોમાં જ થાય છે ત્યાર પછીના ખર્ચમાં અનુક્રમે સામાજિક ખર્ચ, બીડી તમાકુ, મુસાફરી, દારૂ, દવાદારૂ, કપડાં, ધાર્મિક ક્રિયાઓ વગેરેનો ખર્ચ થાય છે. ઉપરાંત રોજબરોજની પ્રાથમિક જરૂરિયાતો તેલ, મસાલા ઈંડા-મચ્છી, શાકભાજી, ચા, ખાંડ-ગોળનો ખર્ચ તેઓ કરતા હોય છે કોઠા- પરથી જોઈ શકાય છે કે કેટલાક ખર્ચાઓ ખૂબ નહીંવત તેઓ કરતા જોવા મળે છે. જેમ કે દૂધ-ઘી, ખાંડ, ચા, પગરખાં, સાબુ વગેરે કેટલીક ચીજવસ્તુઓનો તેઓમાંના ઘણા કુટુંબો કરતા જ નથી દા.ત. દૂધ, દિવાસળી, ચા-કોફી, મનોરંજન, મોજશોખની ચીજવસ્તુઓ વગેરે કારણ કે તેમની પાસે [illegible] તેમને મળતી રોજગારોની આવકમાંથી તેઓને વધ થતો જ નથી. એવો વધ થાય એવું મેળવી શકે તેમ નથી. આખાયે વિસ્તારમાં રોજગારોનો અભાવ જોવા મળે છે. કયાં કરતાં કયાંથી તેમને તે પ્રાપ્ત નથી એટલે તેઓને નવરા બેસી રહેવું પડે છે કે આજુબાજુના વિસ્તારોમાં રોજગારોની શોધમાં ભટકવું પડે છે જેઓ બહાર જતા નથી તેઓ ભૂખ્યા કે અર્ધભૂખ્યા રહીને જંગલમાંથી જે પ્રાપ્ત થાય એ શિકાર, કંદમૂળ કે ભાજીપાલો ખાઈને જીવન નિર્વાહ કરે છે.

તપાસ હેઠળના કુટુંબોમાંથી જોવા મળ્યા મુજબ તેમની આવક જે થાય છે તેમાંનો મોટો ભાગ ખાવા ખોરાકોમાં અને રોજબરોજના નાના-મોટા ખર્ચાઓમાં વપરાય જાય છે. જવલ્લેજ એકાદ બે કુટુંબોને માંડ માંડ થોડું વધતું હશે. તેમના આવકના પ્રમાણમાં તેમની વસ્તી વધુ હોય તેના જીવન નિર્વાહ પાછળ જ વધુ ખર્ચાઈ જાય છે. અને ઘણા બધા કુટુંબોને જરૂરિયાતનું ખાવા આવા કે નિર્વાહ કરવા માટે દેવું કરવું પડે છે. અહીંયાં કોઠામાં દર્શાવ્યા પરથી જોઈ શકાય છે કે તેમની કુલ આવક કરતાં ખર્ચ થોડો ઓછો છે પરંતુ તે માત્ર થોડો વધુ આવક પ્રાપ્તિ કે બચત કરતા કુટુંબો જે ખૂબ અલ્પ સંખ્યામાં છે તેને કારણે જોવા મળે છે.

કુલ આવક – ખર્ચ – બચત, ખોટ – દેવું – ૬૩૧૨

| ક્રમ | ગામ કુટુંબ સંખ્યા | કુલ આવક | કુલ ખર્ચ | બચત | ખોટ | દેવું હા | દેવું ના | ખાવા ખોરાકી (૧) | તહેવારો (૨) | લગ્ન માટે (૩) | મૃત્યુ પ્રસંગે (૪) | માંદગી (૫) | ખેત (૧) | દુકાન વેપારી (૨) | માલિક (૩) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ચીચીના ગાવઠા ૨૦ | ૮૪૬૦૦ | ૭૮૨૬૫ | (૨) ૭૦ | (૧૧) ૧૬૪૦ ૨૦૧૦ | ૧૦ | ૬ | ૮ | – | – | – | – | – | ૬ | – |
| ૨. | બોરખેત ૨૦ | ૧૦૦૦૫૦ | ૮૮૩૮૪ | (૧) ૩૫૦ | (૧૦) ૯૩૪ ૧૨૮૪ | ૧૩ | ૪ ૩ | ૧૨ | – | – | – | – | – | ૧૧ | ૨ |
| ૩. | રાજુપાડા ૨૦ | ૬૦૦૫૦ | ૮૯૦૮૦ | (૧) ૫૦ | (૧૨) ૨૯૩૦ ૨૯૮૦ | ૧૧ | ૩ ૬ | ૧૦ | – | – | – | ૧ | – | ૧૧ | – |
| ૪. | બરડીપાડા ૨૦ | ૧૩૧૬૦૦ | ૧૧૦૦૨૫ | (૧) ૬૫૦ | (૧૬) ૨૬૪૫ ૩૫૯૫ | ૧૬ | ૪ | ૧૪ | ૧ | – | – | ૧ | – | ૧૫ | ૧ |
| ૫. | કુલ ૮૦ | ૩૭૬૩૦૦ | ૩૬૫૭૧૪ | ૫ | ૫૬ | ૫૦ | ૧૧ ૧૬ | | | | | | | | |

જમીન અને સિંચાઈના સાધનો : ૬.૧૩

| ક્રમ | ગામ કુટુંબ સંખ્યા | જમીન હા | જમીન ના | માલિકીની જમીન હા | માલિકીની જમીન ના | જમીન નથી | પિયત | બિન પિયત | જમીન ધરાવતા કુટુંબો, કિંમત | સિંચાઈના સાધનો કૂવો | સિંચાઈના સાધનો બેન્જોન | સિંચાઈના સાધનો મોટર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ચોપીના ગાવઠા ૨૦ | ૬ | ૧૪ | ૪ | ૨ | ૧૪ | ૧ | ૫ | ૪ ૧૩૦૦૦ | – | – | – |
| ૨. | બોરખેત ૨૦ | ૧૨ | ૮ | ૧૦ | ૨ | ૮ | ૧ | ૧૧ | ૧૦ ૮૧૫૦૦ | – | – | ૧ |
| ૩. | રાજુપાડા ૨૦ | ૧૧ | ૯ | ૧૦ | ૧ | ૯ | ૩ | ૮ | ૧૦ ૭૨૫૦૦ | ૩ | – | ૧ |
| ૪. | વરડોપાડા ૨૦ | ૧૭ | ૩ | ૧૪ | ૩ | ૩ | ૧ | ૧૬ | ૧૪ ૧૩૭૫૦૦ | ૧ | – | ૧ |
| ૫. | કુલ ૮૦ | ૪૬ | ૩૪ | ૩૮ | ૮ | ૩૪ | ૬ | ૪૦ | ૩૮ ૩૦૪૫૦૦ | ૪ | – | ૩ |
| ૬. | ૮૬૧ | ૫૭.૫૦ | ૪૨.૫૦ | ૪૭.૫૦ | ૧૦.૦૦ | ૪૨.૫૦ | ૬.૨૫ | ૫૧.૨૫ | (૮૦૧૩) | – | – | – |

**મિલકત :**

કુટુંબો પાસે જમીન છે તેઓમાંના કેટલા પોતાની જમીન માલિકીની ધરાવે છે કેટલા પાસે જમીન બિલકુલ નથી. તેની વિગતો જોઈએ તો તપાસ હેઠળના કુટુંબોમાં ૫૭.૬૦ ટકા જમીન ધરાવતા હતા. પરંતુ તેમાં પોતાની માલિકીની જમીનવાળા ૪૭.૫૦ ટકા જ જોવા મળે છે. ૪૨.૫૦ ટકા પાસે બિલકુલ જમીન નથી એટલે અત્યારના તબક્કે તેમની પાસે જીવન નિર્વાહનું કોઈ સાધન નથી તેઓ ખેતી સિવાયના વ્યવસાયોને આધારે પોતાનું જીવન નિર્વાહ ચલાવે છે. ૧૦.૦૦ ટકા કુટુંબો પોતાની માલિકીની જમીન ધરાવતા નથી તેઓ જંગલ હેઠળની કે ખરાબાની એવી જમીનો ખેડીને થોડી આવક પ્રાપ્ત કરે છે.

આ જમીન ધરાવતા કુટુંબોમાંથી માત્ર ૬.૨૫ ટકા કુટુંબો પિયત કરીને ખેતી કરતા જોવા મળે છે તે પણ તેમની પાસેની બધી જ જમીન પિયત કરતા જાણવા મળ્યા નહોતા તેઓમાંના કૂવા દ્વારા મોટર મારફતે સિંચાઈ કરતા હતા જે કોઠો જોતાં ખ્યાલ આવશે ૫૧.૨૫ ટકા કુટુંબો પોતાની બધી જ જમીન સૂકી ખેતી કરીને બિનપિયતની રીતે ખેતીના પાકો પકવતા હતા. માલિકીની જમીન ધરાવતા કુટુંબો માત્ર ૩૭૪૫૦૦ રૂપિયાની એટલે કુટુંબદીઠ સરેરાશ ૮૦૧૩ રૂપિયાની જ મિલકત ધરાવતા હતા. જે કોઠામાં ૨.૨૨ પ્રમાણે તેમની પાસેથી જમીનની કિંમત જાણવા મળી હતી. તે જોતાં બધા જ ગામોના તપાસના કુટુંબોની જમીન મિલકતોની કિંમત જોઈ શકાશે. આમ જમીની ખૂબ જ ઓછી જમીન મિલકત જોઈ શકાય છે તેના પરથી તેમની આર્થિક સ્થિતિ કે સાધન સંપત્તિનો આછો ખ્યાલ આવ્યા વગર રહી શકતો નથી.

જમીન મિલકત ઉપરાંત તપાસના કુટુંબોમાંથી કેટલાક કુટુંબો ખેતીના સાધનો ખેતીવાડી કરવા માટે રાખતા જોવા મળ્યા હતા. કેટલાક પાસે ખૂબ જ ઓછાં ખેતીના સાધનો હતા. કેટલાક પાસે આ સાધનો જોવા જ મળ્યા નહોતા તેઓ બીજા સાધનો દ્વારા ભાગીને કે ખેતી આપી દઈને ખેતી કરાવતા હતા. તેમાં પણ સૌથી વધુ નાના ઓજારો (દાતરડું, ખુરપી, કુહાડી, પાવડો) વગેરે જ હતા.

ઓજારો કોઠા - ૬:૧૪

| ક્રમ ગામ કુટુંબ સંખ્યા | ઓજારો હળ | વાવણિયો | કરબ | ગાડુ | સમાર | નાના ઓજારો | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. ચોથીના ગાવઠા | ૮ | - | - | - | - | ૧૯ | ૨૭ |
| ૨૦ | ૮૦૦ | | | | | ૩૮૦ | ૧૧૮૦ |
| ૨. બોરખેત | ૧૩ | ૧૨ | ૨ | ૨ | - | ૪૫ | ૭૩ |
| ૨૦ | ૨૨૭૫૦ | ૬૭૦ | ૧૦૦ | ૬૫૦૦ | | ૧૦૨૦ | ૧૩૬૧૦ |
| ૩. રાજુપાડા | ૧૫ | ૪ | - | ૨ | ૧ | ૩૮ | ૬૦ |
| ૨૦ | ૧૫૭૫ | ૪૨૫ | | ૧૦૦૦૦ | ૧૦૦ | ૫૪૦ | ૧૨૬૪૦ |
| ૪. વરડીપાડા | ૧૬ | ૧૧ | ૧ | ૩ | - | ૫૬ | ૮૭ |
| ૨૦ | ૨૦૦૦ | ૧૧૦૦ | ૧૦૦ | ૧૫૦૦૦ | | ૧૬૫૫ | ૧૯૮૫૫ |
| ૫. કુલ ૮૦ | ૫૨ | ૨૭ | ૩ | ૭ | ૧ | ૧૫૮ | ૨૪૮ |
| | ૬૦૨૫ | ૨૪૯૫ | ૨૦૦ | ૩૪૫૦૦ | ૧૦૦ | ૩૬૯૫ | ૪૭૦૮૫ |
| | ૨૦.૯૭ | ૧૦.૯૯ | ૧.૨૧ | ૨.૮૨ | ૦.૪૦ | ૬૩.૭૧ | ૧૦૦.૦૦ |

પશુઓ - કોઠો - ૬:૧૫

| ક્રમ | ગામ<br>કુટુંબ સંખ્યા | બળદ | ભેંસ | પાડા | ગાય | વાછરડા<br>વાછરડી | પરચુર્ણ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ચીચોના ગાવઠા | ૧ | - | ૩ | - | ૨ | ૨૯ | ૩૫ |
| | ૨૦ | ૧૫૦૦ | | ૫૦૦૦ | | ૫૦૦ | ૧૦૦૦ | ૮૦૦૦ |
| ૨. | બોરખેત | ૧૬ | - | ૧૩ | ૧૩ | ૯ | ૮૬ | ૧૩૭ |
| | ૨૦ | ૩૪૫૦૦ | | ૧૮૫૦૦ | ૫૦૦૦ | ૨૧૦૦ | ૩૨૦૦ | ૮૧૫૦૦ |
| ૩. | રાજુપાડા | ૧૫ | ૪ | ૬ | ૩ | - | ૬૬ | ૯૭ |
| | ૨૦ | ૩૨૦૦૦ | ૧૫૮૦૦ | ૧૬૧૦૦ | ૪૫૦૦૦ | xxxx | ૩૬૫૦ xxxx | ૭૨૫૫૦ |
| ૪. | બરડોપાડા | ૧૮ | - | ૧૨ | ૫ | ૨ | ૧૨૦ | ૧૫૭ |
| | ૨૦ | ૬૭૫૦૦ | | ૨૬૫૦૦ | ૧૨૨૦૦ | ૧૩૦૦ | ૬૦૮૪ | ૧૧૩૨૮૪ |
| ૫. | કુલ ૮૦ | ૫૦ | ૪ | ૩૭ | ૨૧ | ૧૩ | ૩૦૧ | ૪૨૬ |
| | | ૧૩૫૫૦૦ | ૧૫૮૦૦ | ૬૬૧૦૦ | ૪૦૪૦૦ | ૩૬૦૦ | ૧૪૬૩૪ | ૨૭૬૦૩૪ |
| | | ૧૧.૭૪ | ૦.૬૪ | ૮.૬૬ | ૪.૯૩ | ૩.૦૪ | ૭૦.૬૬ | ૧૦૦.૦૦ |

વૃક્ષો - કોઠા - ૬:૧૬

| ક્રમ | ગામ / કુટુંબ સંખ્યા | સાગ | વાંસ | મહુડા | સાદડ | શીસમ | બોરડી | નિલગીરી | આંબા | બાવળ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ચીચીના વાવઠા | ૧૨ | - | ૬ | ૨૧ | - | - | - | - | - | ૪૨ |
| | ૨૦ | ૨૮૩૦૦ | | ૫૪૦૦ | ૧૨૦૦૦ | | | | | | ૨૫૭૦૦ |
| ૨. | બોરખેત | ૪૬૬ | ૧ | ૫૩ | ૬૭ | ૩૭ | ૫ | - | - | - | ૬૨૯ |
| | ૨૦ | ૨૪૦૫૦૦ | ૫૦૦ | ૨૨૦૦૦ | ૪૩૫૦૦ | ૩૨૦૦૦ | ૧૫૦૦ | | | | ૩૪૦૦૦૦ |
| ૩. | સાજુપાડા | ૬૬ | - | ૩૫ | ૭૦ | - | ૩ | - | ૪૩ | - | ૨૧૭ |
| | ૨૦ | ૨૩૦૦૦ | | ૧૨૦૦૦ | ૨૫૬૦૦ | | ૪૦૦ | | ૬૫૦૦ | | ૬૭૫૦૦ |
| ૪. | બરડીપાડા | ૨૫૬ | - | ૫૪ | ૩૩૦ | - | ૧૧ | ૫ | ૨૦ | - | ૨૭૬ |
| | ૨૦ | ૬૪૫૦૦ | | ૧૩૫૦૦ | ૫૮૫૦૦ | | ૪૦૦ | ૧૦૦૦ | ૩૦૦૦ | | ૧૪૦૯૦૦ |
| ૫. | કુલ ૮૦ | ૮૩૦ | ૧ | ૧૫૧ | ૫૧૮ | ૩૭ | ૧૯ | ૫ | ૬૩ | - | ૧૬૨૪ |
| | | ૩૫૬૩૦૦ | ૫૦૦ | ૫૩૬૦૦ | ૧૩૯૬૦૦ | ૩૨૦૦૦ | ૨૩૦૦ | ૧૦૦૦ | ૯૫૦૦ | | ૬૦૪૮૦૦ |
| | | ૫૧.૧૧ | ૦.૦૬ | ૮.૩૦ | ૩૧.૯૦ | ૨.૨૮ | ૧.૧૭ | ૦.૩૦ | ૩.૮૮ | | ૧૦૦.૦૦ |

એ સિવાય બીજા નંબરે હળ અને તે પછી અનુક્રમે વાવણીઓ, કરબ, ગાડુ, સમાર જેવા ખેતીના સાધનો તેમની પાસે હતા. ~~[illegible]~~ ~~[illegible]~~ કરબ, ગાડુ સમાર જેવા સાધનો ખૂબ ઓછા તેઓ પાસે જણાવા હતા. ગાડુ તો જંગલની અંદરથી વાહતૂક માટે ખૂબ જ ઉપયોગી સાધન હોવા છતાં આજે જંગલ મજૂરોના એ કામો પણ ખૂબ ઓછા મળતા હોઈ તેઓ પાસે એ પણ ખૂબ ઓછા જોવા મળ્યા હતા. તેઓમાંના બીજા સ્થળાંતરો ભરવાડો અને કોટવાળિયા જેવી તપાસની જાતિ આવા સાધનો ભાગ્યે રાખતી જોવા મળી હતી. આમ ઓજારો ખેતીના પણ ખૂબ જ ઓછો જણાવ્યા હતા.

આ ઉપરાંત તેમની પાસેથી કેટલાક પશુઓ ખેતી માટે કે જરૂર પડે વેચીને પ્રસંગોપાત જરૂરિયાત માટે કામ આવે તે માટે પાળે છે તે જોવા મળ્યા છે. જેમાં ખેતી માટે બળદ અને પાડા જે કુટુંબોને ખેતી છે તેમની પાસેથી મહદઅંશે જાણવા મળ્યા હતા. પણ તે તેમની સ્થિતિના કારણે સંખ્યામાં તો ઓછા હતા પણ તે પશુઓની શારીરિક ક્ષમતા જોતા સારી હાલતમાં જોવા મળતા નહોતા ખેતી માટે પાડા પણ તેમના કુટુંબો પાસેથી પળાતા જોવા મળ્યા હતા. ભેંસની સંખ્યા ખૂબ ઓછી જણાય છે ગાય પણ માંડ માંડ રાખતા જણાયા છે તેની પાછળનો ઘણા કુટુંબો હવે સ્થળાંતરો મજૂરોના કારણે પશુપાલન મૂળ ઓછુ કરવાની વાત કરતા જણાયા હતા. પશુઓ ઉપરાંત મરઘા તો તેઓના લગભગ બધા જ કુટુંબો ઓછા કે વધારે પાળતા જોવા મળ્યા છે. પશુઓની વિગતો કોઠા- ક્ર.૧૫ જોતા ખ્યાલ આવશે.

આ કુટુંબો પાસેથી તેમની ઉપરના કેટલાક વૃક્ષોની માહિતી પ્રાપ્ત થઈ હતી. તેમાં સૌથી વધુ સાગના વૃક્ષો ૫૧ ટકા જેટલા કુલ વૃક્ષો જણાયા હતા. એ પછી બીજા નંબરે સાદડના ઝાડ ૩૧ ટકા જેટલા હતા. એ સિવાયના વાંસ, મહુડા, સીસમ, બોરડી, નીલગીરી, આંબા, બાવળ વગેરેના ઝાડો ખૂબ જ ઓછા જાણવા મળ્યા હતા. હજુ નવીન પ્રકારના ઝાડો ડાંગ વિસ્તારમાં ઉછેર થતો નથી તેવુ આની ઉપર જોઈ શકાય છે. વાંસ, મહુડા જે તેમને માટે અગત્યના વૃક્ષો છે તેની સંખ્યા પણ ખૂબ ઓછી જાણવા મળી હતી.

એ સિવાય બીજા નંબરે હળ અને તે પછી અનુક્રમે વાવણીયો, કરબ, ગાડુ, સમાર જેવા ખેતીના સાધનો તેમની પાસે હતા. કરબ, ગાડુ સમાર જેવા સાધનો ખૂબ ઓછા તેઓ પાસે જણાતા હતા. ગાડુ તો જંગલની અંદરથી વાહનૂક માટે ખુબ જ ઉપયોગી સાધન હોવા છતાં આજે જંગલ મજૂરોના એ કામો પણ ખુબ ઓછા મળતા હોઈ તેઓ પાસે એ પણ ખુબ ઓછા જોવા મળ્યા હતા. તેઓમાંના બીજા સ્થળાંતરો વ્યવસાયો અને કોંટવાળિયા જેવી તપાસની જાતિ આવા સાધનો ભાગ્યે રાખતો જોવા મળી હતી. આમ ઓજારો ખેતીના પણ ખૂબ જ ઓછો જણાવ્યા હતા.

આ ઉપરાંત તેમના પાસેથી કેટલાક પશુઓ ખેતી માટે કે જરૂર પડે વેચાને પ્રસંગોપાત જરૂરિયાત માટે કામ આવે તે માટે પાળે છે તે જોવા મળ્યા છે. જેમાં ખેતી માટે બળદ અને પાડા જે કુટુંબોને ખેતી છે તેમની પાસેથી મહદઅંશે જાણવા મળ્યા હતા. પણ તે તેમની સ્થિતિના કારણે સંખ્યામાં તો ઓછા હતા પણ તે પશુઓની શારીરિક ક્ષમતા જોતા સારી હાલતમાં જોવા મળતાં નહોતા ખેતી માટે પાડા પણ તેમના કુટુંબો પાસેથી પળાતા જોવા મળ્યા હતા. ભેંસની સંખ્યા ખૂબ ઓછી જણાય છે ગાય પણ માંડ માંડ રાખતા જણાયા કે તેની પાછળનો ઘણા કુટુંબો હવે સ્થળાંતરો મજૂરોના કારણે પશુપાલન પણ ઓછુ કરવાની વાત કરતા જણાયા હતા. પશુઓ ઉપરાંત મરઘા તો તેઓના લગભગ બધા જ કુટુંબો ઓછા કે વધારે પાળતા જોવા મળ્યા છે. પશુઓની વિગતો કોઠા- ક્ર.૧૫ જોતા ખ્યાલ આવશે.

આ કુટુંબો પાસેથી તેમની ઉપરના કેટલાક વૃક્ષોની માહિતી પ્રાપ્ત થઈ હતી. તેમાં સૌથી વધુ સાગના વૃક્ષો ૫૧ ટકા જેટલા કુલ વૃક્ષો જણાયા હતા. એ પછી બીજા નંબરે સાદડના ઝાડ ૩૧ ટકા જેટલા હતા. એ સિવાયના વાંસ, મહુડા, સીસમ, બોરડી, નીંગીરી, આંબા, બાવળ વગેરેના ઝાડો ખૂબ જ ઓછા જાણવા મળ્યા હતા. હજુ નવીન પ્રકારના ઝાડો ડાંગ વિસ્તારમાં ઉછેર થતો નથી તેવુ આની ઉપર જોઈ શકાય છે. વાંસ, મહુડા જે તેમને માટે અગત્યના વૃક્ષો છે તેની સંખ્યા પણ ખૂબ ઓછી જાણવા મળી હતી.

બચત, રોજગારી, વિમો વગેરેની માહિતી દર્શાવતો કોઠો - ક.૧૭

| ક્રમ ગામ કુટુંબ સંખ્યા | બચત કરો છો | | બચત | | | વિમો છે. | | યોજના | રોજગારી મળી રહે છે વર્ગમાં સમય | | | | | સ્થળાંતરી કરવુ પડે છે. | | મજૂરી ક્યાં મળે છે. | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | હા | ના | ૧ | ૨ | ૩ | હા | ના | | હા | ના | પૂરો | ? | વધારે | હા | ના | શહેર | જંગલ | નથી મળતી |
| ૧. ચોયોના ગાવઠા | - | ૨૦ | - | - | - | - | ૨૦ | - | ૩ | ૧૭ | ૧૬ | - | ૪ | ૧૪ | ૩ | ૯ | - | ૫ |
| ૨. બોરપેત | - | ૨૦ | - | - | - | - | ૨૦ | - | ૧ | ૧૯ | ૧૨ | ૧ | ૭ | ૧૫ | ૩ | ૬ | - | ૩ |
| ૩. બરડીપાડા | ૧ | ૧૯ | - | - | - | - | ૨૦ | - | ૨ | ૧૮ | ૧૮ | - | - | ૧૩ | ૭ | ૩ | ૩ | ૫ |
| ૪. રાજુપાડા | - | ૨૦ | - | - | - | - | ૨૦ | - | ૨૦ | - | ૨૦ | - | - | ૨ | ૧૮ | ૨ | ૧૧ | - |
| ૫. કુલ | ૧ | ૭૯ | - | - | - | - | ૮૦ | - | ૨૬ | ૫૪ | ૬૬ | ૧ | ૧૧ | ૪૪ | ૨૬ | ૨૦ | ૧૪ | ૧૩ |
| | ૧.૨૫ | ૯૮.૭૫ | | | | | ૧૦૦ | - | ૩૨.૫૦ | | | | | | | | | |

તપાસ હેઠળના કુટુંબોને તેમના વ્યવસાયો દ્વારા મળતી આવક પ્રાપ્તી અને રોજબરોજના ખર્ચ પછી તેમાંથી કોઈ બચત છે કે તેમાંથી કોઈ જાતનો વિમો ઉતરાવ્યો છે તેવા પ્રશ્નોના જવાબ મેળવ્યા હતા. તેમાં બચત તો થતી જોવા મળતી જ નથી કારણ કે તેમના વ્યવસાયોમાંથી રોજગારી જ તેમના રોજબરોજના ખર્ચને પહોંચી વળે તેટલી થતી જોવા મળતી નથી. બીજા વ્યવસાયો પણ અહીં સ્થાનિક પરિસ્થિતિમાં તેમની પાસે નથી. એ જ રીતે સંપર્ક કરેલા કોઈ જ કુટુંબમાંથી વિમાની કોઈ જ યોજના તેમનામાં જોવા મળી નહોતી.

આ ઉપરાંત રોજગારી અંગેના પ્રશ્નમાં પણ તેમનામાંથી ૩૨.૫૦ ટકા કુટુંબોમાંથી રોજગારી મળી રહે છે બાકીના ૬૭.૫૦ ટકા કુટુંબોને પોતાને રોજગારી મળતી નથી કે પૂરતા પ્રમાણમાં મળતી નથી તેમ જણાવ્યું હતું. ૮૨.૫૦ ટકા કુટુંબોમાંથી જણાવ્યા મુજબ માત્ર બે માસ જ પોતાને રોજગારી પ્રાપ્ત થાય છે. ૧૩.૭૫ ટકા કુટુંબોમાંથી ૭ માસથી વધારે રોજગારી પ્રાપ્ત થાય છે. તેમ જણાવ્યું હતું. ખૂબ જ અલ્પ કુટુંબ બે માસથી વધારે રોજગારી પ્રાપ્ત પોતાને થાય છે તેમ જણાવ્યું હતું. આ રોજગારી મેળવનાર જુદા જુદા સમજણાવાળા કુટુંબોએ પોતાને રોજગારી માત્ર સ્થાનિક જગ્યાએ જ પ્રાપ્ત થતી નથી તેમાં બાહ્ય સ્થળાંતરો રોજગારી પોતાને મળી રહે છે તેમ જણાવ્યું હતું.

તેમને સ્થળાંતર કરવું પડે છે તેવા ૫૫.૦૦ ટકા કુટુંબોએ જણાવ્યું હતું બાકીના ૩૦.૦૦ ટકા કુટુંબો પોતાની ખેતી અને સ્થાનિક જગ્યાએથી કે ઘર અને પશુઓની જાળવણી માટે પોતે બહાર જતા નથી તેમ જણાવ્યું હતું. ૧૫ ટકા એ કોઈ જવાબ આ સ્થળાંતર માટે આપ્યા નહોતા. મજૂરી શહેરોમાં જનાર કુટુંબો ૨૫ ટકા જણાયા હતા. બાકીના ૧૭ ટકા આજુબાજુના જંગલ વિસ્તારમાં મજૂરીએ જતા જણાવા મળ્યા હતા. ૧૬.૨૫ ટકા એ અંગે પોતાના કોઈ પ્રતિભાવો જણાવ્યા નહોતા.

મજૂરી, સરકારી લાભ, જંગલ ખાતા, ૬.૧૮

| ક્રમ | ગામ કુટુંબ સંખ્યા | મજૂરી કેટલો સમય | | | સરકાર તરફથી રોજગારી મળેછે | | | તમને તેનો લાભમળ્યો | | જંગલ ખાતા તરફથી રો. માટે કઈથાય | | તેનોલાભ મળ્યા છે | | રોજગારી કુટુંબમાં કેટલી વ્યક્તિને મળે | | | મજૂરી દર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | બે માસ | ૭ માસ | નક્કી નથી | હા | ના | ખબર નથી | હા | ના | હા | ના | હા | ના | બે | ત્રણ | બધાજ | પુ. | સ્ત્રી | બાળક |
| ૧. | ચોંચોના ગાવઠા ૨૦ | - | - | ૮ | ૧૧ | ૩ | ૬ | ૧૦ | ૧૦ | ૨૦ | - | ૧૮ | ૨ | ૩ | - | - | ૩ | ૧ | - |
| ૨. | બોરખેત ૨૦ | - | - | ૧૧ | ૩ | ૧૦ | ૧ | ૪ | ૧૦ | ૨૦ | - | ૧૮ | ૨ | - | - | - | - | - | - |
| ૩. | રાજુપાડા ૨૦ | ૩ | ૧ | ૯ | ૧ | ૧૩ | ૬ | - | ૨૦ | ૨૦ | - | ૭ | ૧૩ | ૩ | - | ૩ | ૩ | ૧ | - |
| ૪. | બરડીપાડા ૨૦ | - | ૧ | ૯ | ૬ | ૧ | ૪ | ૫ | ૩ | ૨૦ | - | ૨૦ | - | ૮ | - | - | ૩ | - | - |
| ૫. | કુલ ૮૦ | ૩ | ૨ | ૩૭ | ૨૧ | ૨૭ | ૧૭ | ૧૯ | ૪૩ | ૮૦ | - | ૬૩ | ૧૭ | ૧૪ | - | ૩ | ૧૩ | ૨ | |

તપાસના કુટુંબોમાંથી મજૂરો, સરકાર તરફથી રોજગારી, જંગલ ખાતા તરફથી તેમને માટે કંઈક રોજગારી માટે કંઈ થાય છે આ રોજગારી કેટલાકને મળે છે. એટલે મજૂરોથી જે રોજગારી જુદી જુદી જગ્યાએથી મળે છે તે અંગે તેમને પૂછવામાં આવ્યું હતું. તેના સંદર્ભમાં કેટલાક જવાબો પ્રાપ્ત થયા હતા.

મજૂરી કેટલો સમય મળે છે તેવા પ્રશ્નના જવાબમાં જે કુટુંબોથી જવાબો મળ્યા હતા. તેમાંથી ૮૮.૧૦ ટકાએ મજૂરી મળવા અંગે કંઈક નક્કી હોતું નથી એમ જણાવ્યું હતું. ૭.૧૪ ટકા કુટુંબોમાંથી બે માસ અને ૪.૭૬ ટકા કુટુંબોમાંથી છ માસ જેટલી રોજગારીની તકો હોય છે તેમ જણાવ્યું હતું.

સરકાર તરફથી રોજગારી માટે જે થાય છે તેવું ૩૨.૩૧ ટકા કુટુંબોએ અને કંઈ સરકારી રોજગારી મળતી નથી તેવું ૪૧.૫૪ ટકા કુટુંબોએ જણાવ્યું હતું. બાકીના ૨૬.૧૫ ટકા કુટુંબોને તે અંગે કંઈ ખબર જ નથી એવું જણાવ્યું હતું. સરકારી રોજગારીનો લાભ મળ્યો છે તેવું ૩૦.૬૫ ટકા કુટુંબોએ જણાવ્યું હતું. બાકીના ૬૯.૩૫ ટકા કુટુંબોએ પોતાને તેવો કોઈ લાભ પ્રાપ્ત થયો નથી તેમ જણાવ્યું હતું.

જંગલ ખાતા તરફથી ગોઠવતે અંશે કંઈને કંઈક રોજગારી માટે પ્રયત્નો થાય છે તેવું બધા જ કુટુંબોમાંથી જણાવવામાં આવ્યું હતું. પરંતુ તેનો લાભ ૭૮.૭૫ ટકા કુટુંબોને જ મળ્યો છે. રોજગારી કુટુંબમાં માત્ર બે વ્યક્તિઓને કુટુંબમાંથી મળે છે. તેવું ૧૪ કુટુંબોમાંથી અને બધાને મળે છે તેવું ત્રણ કુટુંબોથી જણાવાયું હતું. મજૂરોનો દર એ ૧૩ કુટુંબો પુરુષોએ અને ૨ કુટુંબો સ્ત્રી સભ્યોએ પૂરેપૂરો મળે છે એટલે કે બધાને તેનાથી લગભગ સંતોષ હતો.

આ ઉપરાંત મજૂરી અને સ્થળાંતર માટે તપાસના કુટુંબોથી માહિતી મળી હતી જેમાં ખેતીની મજૂરી ૯ જેટલા કુટુંબો અને જંગલની મજૂરી ૧૨ જેટલા કુટુંબો કરતા જાણવા મળ્યા હતા. મજૂરી કેવી કરો છો તેના જવાબો તેમનામાંના ઘણાએ જે મળે તે કહીને બીજા જવાબો આપ્યા નહોતા.

જ્યાં સ્થળાંતર કરીને જાવ છો ત્યાં સુવિધા મળે છે તેવા પ્રશ્નના જવાબમાં ૭૮.૭૫ ટકાએ નામાં જવાબો આપ્યા હતા. બાકીના ૨૧.૨૫ ટકાએ તે અંગે કોઈ જવાબો આપ્યા નહોતા. ત્યાં મજૂરીના

મજૂરો - સ્થળાંતર ક.૧૬

| ક્રમ ગામ કુટુંબ સંખ્યા | મજૂરો કેવા પ્રકારનો: ખેતી | બાંધકામ | જંગલ | અન્ય | ત્યાં સુવિધા મળે છે: હા | ના | જવાબ નથી | તમારા બાળકની વ્યવસ્થા: હા | કંઈ નહિ | જ. નથી | પાછા ક્યારે આવે: ઉનાળે | નક્કી નથી | જવાબ નથી | શા માટે આવો છો: પ્રસંગ | જવાબ નથી | કામ પતતાં |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. ચોંચોના ગાવઠા | ૧ | - | ૫ | - | - | ૧૩ | ૭ | - | ૧૨ | ૮ | ૪ | ૬ | ૧૦ | ૮ | ૧૨ | - |
| ૨. બોરખેત | - | - | - | - | - | ૧૩ | ૭ | - | ૧૦ | ૧૦ | ૬ | ૩ | ૧૦ | ૮ | ૧૨ | - |
| ૩. રાજુપાડા | ૩ | - | ૨ | ' | - | ૧૯ | ૧૦ | - | ૧૮ | ૨ | ૨ | ૭ | ૧૧ | ૮ | X | ૧૨ |
| ૪. બરડોપાડા | ૫ | - | ૫ | - | - | ૧૮ | ૨ | - | ૧૬ | ૪ | ૮ | ૪ | ૮ | ૩ | ૧૦ | ૭ |
| ૫. કુલ | ૯ | - | ૧૨ | - | - | ૬૩ | ૧૭ | - | ૫૬ | ૨૪ | ૨૦ | ૨૦ | ૪૦ | ૨૭ | ૩૪ | ૧૯ |
| | | | | | | ૭૮.૭૫ | ૨૧.૨૫ | | ૭૦.૦૦ | ૩૦.૦૦ | ૨૫.૦૦ | ૨૫.૦૦ | ૫૦.૦૦ | ૩૩.૭૫ | ૪૨.૫૦ | ૨૩.૭૫ |

સ્થળે સુવિધા પ્રાપ્ત થાય છે તેવું એક પણ કુટુંબે જણાવ્યું નહોતું આ સ્થળાંતરો મજૂરોએ જાય ત્યારે તમારા બાળકની શું વ્યવસ્થા શિક્ષણ અંગેની કે તેને સાચવવા અંગેની કરો છો તેવા પ્રશ્નના જવાબમાં ૭૦.૦૦ ટકાએ કંઈ નહીં એવું જણાવેલ હતું બાકીના ૩૦.૦૦ ટકાએ જવાબો આપ્યા નહોતા.

સ્થળાંતરી મજૂરી કરીને તેમનામાંથી હાએ ૨૫.૦૦ ટકા નક્કી નહીં એવું કહેનારા ૨૫ ટકા અને ૫૦ ટકાએ એ અંગે કોઈ જવાબ આપ્યો નહોતો, શા માટે પાછા કરો છો તેવું પૂછવામાં ૩૩.૭૫ ટકાએ પ્રસંગ, કામ પુરૂં થવાથી ૨૩.૭૮ ટકાએ અને ૪૨.૫૦ ટકાએ એ અંગે જવાબો આપ્યા નહોતા.

તપાસ હેઠળના કુટુંબોમાંથી બચત જોવા મળી નહોતી. વિમા અંગે તેવી કોઈ યોજના જોવા મળતી નથી. રોજગારી અંગે પણ તેમનામાં સારી પરિસ્થિતિ જોવા મળતી નથી. મોટાભાગની કુટુંબોને સ્થળાંતર કરવું પડે છે. સ્થાનિક રોજગારોની પરિસ્થિતિ પણ સારી જણાઈ નથી. મજૂરી માટે શહેરોમાં અને મળે ત્યાં જંગલમાં જવું પડે છે. મજૂરીનું કોઈ ઠેકાણું જોવા મળતું નથી સરકાર તરફથી રોજગારી માટે પૂરતા પ્રમાણમાં રોજગારો મળી રહેતી નથી તેનો લાભ બહુ ઓછા કુટુંબોને પ્રાપ્ત થયો છે તેવું તેમના કહેવા પરથી લાગે છે. જંગલનો તેનો રોજગારી માટેનો અભિપ્રાય સારો જાણવા મળ્યો છે. પરંતુ જંગલો પણ આને રોજગારી પૂરતી ન મળતી હોય તેવું માત્ર થોડા કુટુંબના સભ્યોને થોડા સમય પૂરતી પ્રાપ્ત થાય છે. તેવું તપાસના કુટુંબોથી જણાવ્યું છે. આજે તેમનામાંના ઘણા કુટુંબોને સ્થળાંતર કરી જે મળે તે રોજગારી મેળવવાની ફરજ પડે છે તેવું જાણવા મળે છે. ત્યાં તેમને તથા તેમના બાળકોને સુવિધા વગર ગમે ત્યાં રહીને જે મળે તેમાં નિભાવ કરવો પડે છે.

# પ્રકરણ - ૭

## સારાંશ :

ગુજરાત રાજ્યની રચના ૧૯૬૦માં થઈ ત્યારથી ડાંગ ગુજરાતનો એક ભાગ બનેલ છે. આ જિલ્લાની ૯૩.૯૬ ટકા વસ્તી આદિવાસીઓની ૧૯૯૧ની ગણતરી મુજબ છે. આઝાદી મળ્યા બાદ રાજ્યની અને આ જિલ્લાની રચના બાદ ગુજરાતના સૌથી નાના જિલ્લાના ઝડપી વિકાસ માટે તે વખતથી જ પ્રયત્નો ચાલુ કરી દેવામાં આવ્યા હતા. કારણ કે બહોળી આદિવાસી વસતી ધરાવતા આ જિલ્લાનો સમગ્ર વિસ્તાર અનુસૂચિત વિસ્તાર તરીકે ગણવામાં આવ્યો છે. સમગ્ર જિલ્લો ગાઢ જંગલોથી છવાયેલો, ભારે વરસાદવાળો અને રોગીષ્ટ આબોહવા ધરાવતો પ્રદેશ છે. પ્રદેશ અને પ્રજા પછાત છે. ડાંગી પ્રજા અજ્ઞાન અશિક્ષિત અને ગરીબ છે. સમગ્ર વિસ્તારની પ્રજા તૂટ્યા-ફૂટ્યા ઝૂંપડાંમાં રહીને મુખ્ય પાક નાગલીનો ખોરાક અને જંગલના પ્રાણી-પક્ષીઓનો શિકાર અને મહુડાં ખાઈને જીવન વ્યતીત કરે છે.

ગુજરાત રાજ્યની રચનાની સાથે જ આ જિલ્લાના વિકાસ માટે ૧૯૬૨માં ડાંગ વિકાસ પરિષદની રચના કરવામાં આવી હતી અને તે વખતે નાણાંના અભાવને કારણે જિલ્લાનો વિકાસ અટકે નહિ તે માટે ખાસ ડાંગ અનામત ભંડોળ ઊભું કરાયું હતું. તે વખતે ડાંગના સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકારે ખાસ ફંડ, ખાસ સમિતિ, ખાસ દેખરેખ, જુદું બજેટ અને બીજા અનેક પગલાં લીધાં હતાં. આમ ગુજરાત સરકારે પ્રથમ જ કેટલીક વિશિષ્ટ જોગવાઈઓ કરીને આ પ્રદેશ તથા તેના લોકોના વિકાસ માટે અનેક પગલાં લીધાં હતાં. ડાંગી પ્રજાના ઉત્કર્ષ માટે સતત ચિંતિત અને પ્રયત્નશીલ રહીને તેના વિકાસના હિત માટે વધુને વધુ પગલાં લેવાઈ રહ્યાં છે. એટલે જ તો સ્વાતંત્ર્ય મળ્યા બાદ આદિવાસી વિસ્તારોમાં વખતોવખત વિકાસ યોજનાઓ અમલમાં મૂકાતી રહી છે. તે વખતની ડાંગ વિકાસ પરિષદના આયોજનોથી, વિકાસ કાર્યકરો અને ખાસ જોગવાઈઓથી જિલ્લામાં શિક્ષણ, ખેતી, મકાન, રસ્તાઓ, પીવાના પાણીની યોજનાઓ, આરોગ્ય, વીજળીના વિકાસના કાર્યક્રમો કરવામાં આવ્યા હતાં. જિલ્લામાં આ બધા નવાં પગલાં લેવાતા ગયા સુવિધાઓ વધવા પામી

હતી ને પછી વખતોવખત જુદી જુદી આદિવાસી વિકાસ યોજનાઓનો અમલ થતો રહ્યો છે. આમ વિકાસ માટે અનેક યોજનાઓ ઘડી પણ પરિણામ ? ચારેય દિશામાંથી અવાજ આવે છે કે આટલા બધા પૈસા ખર્ચી નાખ્યા છતાં સમાજનો મોટોભાગ તો હજુ ગરીબીની રેખા નીચે જ જીવે છે. કેટલીક બાબતોમાં સફળ થયા છીએ પણ સરકારે ઘણાં બધા નાણાં ખર્ચ્યાં છતાં આદિવાસી સમાજ તો હજુ એટલો જ ગરીબ રહ્યો છે.

ડાંગ વિસ્તારના આદિવાસીઓનો રોજગારોના સ્રોતો તેમાંથી આવક, ખર્ચના પાસાનો ખ્યાલ, ઉપરાંત અભ્યાસના કેટલાક ઉદ્દેશોને ખ્યાલમાં રાખીને ડાંગના વસવાટી જાતિઓ, વિસ્તાર વસ્તીનું ભૌગોલિક ચિત્ર, તેમની આર્થિક સ્થિતિનો ખ્યાલ, ડાંગીઓનું જીવનચક્ર (રીતરિવાજો) આધારે વિસ્તારની ભૂભૌગોલિક પરિસ્થિતિનો ખ્યાલ રાખીને આપવાનો પ્રયાસ કર્યો છે.

આ એક એવો વિસ્તાર છે કે જે ભૌગોલિક કારણો તેમજ વાહન વ્યવહારની અપૂરતી સગવડોને લીધે વર્ષો-વર્ષો સુધી વિખૂટો પડી ગયેલા વિસ્તાર તરીકે જાણીતો હતો. કદાચ તેથી જ તો આપણને આગળ જોઈ ગયા તેમ આઝાદી બાદ આ આખાય વિસ્તાર માટે પૂરતુ ધ્યાન તેના વિકાસ માટે આપવા છતાં આજે પણ આ વિસ્તાર અને લોકોનો જોઈએ તેટલો વિકાસ સાધી શકાયો નથી. તેના વિકાસના તેમજ તેની રોજગારી, આવક, ખર્ચ જેવા પાસા હોય કે આ વિસ્તાર અને તેમાં વસતા લોકોને સ્પર્શતા બીજા પાસાઓ હોય તેને જ્યારે તપાસીશુ ત્યારે સમજી શકાશે કે સૈકાઓથી ચાલ્યુ આવતું તેનું આ અલિપ્તતાપણું, પછાતપણું, બેરોજગારપણું તેને અસર કર્યા વિના રહેતુ નથી તેની અસરો તેમાં આપણે જોઈ શકીએ છીએ તેનું આવું અલિપ્તતાપણું, પછાતપણું, બેરોજગારપણું રાતોરાત દૂર કરી શકાય તેમ નથી અહીંયા તે માટેના વિકાસના બી વાવવા પણ ઘણા અઘરા છે. કદાચ વિકાસના બી ફૂટે તો તેની માવજત કરવી જોઈએ કારણ કે આપણે આગળ જોયું તેમ તેના દરેક રોજગારક્ષેત્રો હોવામાં જેના ઉપર તેનો નિભાવ થાય છે તેમાં વિસ્તારના તેમજ તેની કેટકેટલી મર્યાદાઓ જોવા મળે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો ખેતી, ડાંગીઓનું આવકનું મુખ્ય સાધન હોવા છતાં તે હજુ નિભાવક્ષેત્રો છે. તેમની ખેતી પધ્ધતિ તો હજી મહદઅંશે પરંપરાગત

પ્રાચીન ઢબની છે. તેથી ખેતીના વિકાસની વાત કરીએ તો તેમાં બીજ, ખાતર, પાણી, દવાઓ, માવજતની પધ્ધતિઓ, તેના પાક લેવાની પધ્ધતિઓ બધામાં હજુ પુરાણી રીતો જ જોવા મળે છે. તેની જમીનનું પત, સાધનો ઉપરાંત વિસ્તારની પરિસ્થિતિ અને ખેતી પાકયા પછી પણ અપૂરતા વાહન વ્યવહારની અગવડો, બજારનો અભાવ વગેરે જેવી અનેક મુશ્કેલીઓ વચ્ચે તેને તેના એક એક આવકના સોસ્ત્રો માટે આમ જોઈએ તો પારાવાર વિપરીત પરિસ્થિતિઓનો સામનો કરવો પડતો હોય છે દા.ત. ખેતીના પાકોની ઉત્પાદનની પ્રક્રિયામાં જમીન, શ્રમ, મૂડી, સંયોજક આ બધાય પરિબળો ભાગ ભજવે છે. પણ ખેતીમાં જમીન અને શ્રમ મહત્વનો ભાગ ભજવે છે. જમીન તો નક્કી હોય છે. પણ જમીનના પ્રમાણમાં શ્રમનું કેટલું પ્રમાણ છે. તેને આધારે ખેતીની ટેકનોલોજી ઘડાય છે. પણ ડાંગમાં વિસ્તારના પ્રમાણમાં ખેતી આધારિત વસ્તી વધુ છે પણ ડાંગમાં વિસ્તારના કારણેકે અહીંયાં નિર્વાહ માટે ખેતીની આસપાસ બીજા વ્યવસાયો બહુ સિમિત જોવા મળે છે. આગળ જોયું તેમ ડાંગમાં ખેતી વિકાસને લગતી ટેકનોલોજીના પસંદગી ઘણી સિમિત થઈ જતી હોય છે. પરના મોટાભાગના માણસો ખેતી કરતા હોય છે તેના શ્રમનું મૂલ્ય કેવું ગણવું એ મુશ્કેલ છે કારણ કે શ્રમના પ્રમાણમાં ઉત્પાદન તેના નિભાવ પૂરતું થતું નથી, માત્ર નિભાવલક્ષી બની રહે છે. તેમાંય અહીંના સીધ સાદા આદિવાસી વસ્તીને ખેતીમાં રસ નથી. તેની ખેતીમાંથી ઉપર બતાવ્યું તેમ સારું પરિણામ કેમ લાવી શકાય તે વિચાર માંગી લે તેવો પ્રશ્ન છે. કુનબી અને વારલીને ધ્યાનમાં રાખીને વાત કરીએ તો સારા પરિણામની આશા રાખી શકીએ કારણ કે તેઓ ભીલના પ્રમાણમાં સારા પ્રગતિશીલ ખેડૂતો સ્થિર ખેતીનું વલણ ધરાવનારા છે.

ડાંગના ૧,૭૧,૭૨૩ હેક્ટરના વિસ્તારમાંથી માત્ર ૫૫૨૬૦ હેક્ટરનો સમતલ વિસ્તાર જ ખેતી માટે ઉપયોગી છે. તેમાંય સમગ્ર જિલ્લામાં માત્ર ૪૯.૬૮ હેક્ટરનો વિસ્તાર જ પિયત થાય છે. જે કૂવાઓ ઓઈલ એન્જીન અને ઈલેક્ટ્રીક મોટર વ્વારા ઉદ્વહન સિંચાઈ વ્વારા કરાય છે આ સુવિધાઓ નહીંવત છે. અહીંનો ખેતીનો મુખ્ય આધાર આકાશી વરસાદ પર છે સમગ્ર રાજ્યમાં વધુમાં વધુ વરસાદ અહીં પડતો હોવા છતાં ઉનાળે પાણીની અછત વર્તાય છે. ચોમાસા સિવાય અહીંના નદીઓમાં ઉનાળે ભાગ્યે પાણી હોય છે. કૂવાઓ વ્વારા

જ આ વિસ્તારમાં પીવાનું પાણી કે ઢોર માટેનું પાણી કે સિંચાઈ શક્ય છે તેમાં પણ અહીંની જમીન પોચી હોઈ પાણી ઝરી જાય છે. એટલે કે કેટલાક કૂવાઓ નિષ્ફળ ગયા છે બીજી બાજુ અહીંની આદિવાસી વસ્તી પોતાના વ્યવસાયોમાં ખેતીને આજના સાથે તેમાં જોડાયેલી છે. કોઠા ૬.૨માં બતાવ્યા પ્રમાણે જોઈએ તો ગુજરાતની કામ કરતી ખેતીની વસ્તી ૫૩.૩૨ ટકા છે ગુજરાતની આદિવાસી વસ્તી જે ખેતીના વ્યવસાયમાં કામ કરે છે તેની ૫૯.૧૮ ટકા છે જ્યારે ડાંગની કામ કરતી વસ્તી ૬૬.૬૨ ટકા છે. એટલે સૌથી વિશેષ છે આમ ૧૯૬૧ની ગણતરી મુજબનું વર્ગીકરણની જેમ જ ૧૯૭૧ની ગણતરી મુજબ ગુજરાતની, આદિવાસીઓની અને ડાંગની ખેતીમાં કામ કરતી વસ્તીનું પ્રમાણ ૪૩.૭૨, ૪૮.૩૪ અને ૬૭.૪૬નું હતું એ પ્રમાણે ૧૯૮૧ની ગણતરી મુજબ ગુજરાતની, આદિવાસીઓની અને ડાંગની ખેતીમાં કામ કરતી વસ્તીનું પ્રમાણ અનુક્રમે ૩૬.૦૭ ટકા ૪૫.૯૪ ટકા અને ૬૩.૦૯ ટકાનું હતું. જે વધીને ૧૯૯૧ પ્રમાણે ગુજરાતનું અને ડાંગનું માત્ર પ્રાપ્ત હતું તે અનુક્રમે ૩૩.૧૭ અને ૭૦.૫૨ ટકાનું હતું. આમ ડાંગની આદિવાસીઓની મોટી વસ્તી અહીંની ખેતીના ખૂબ ઓછી જમીન હોવા છતાં પ્રાથમિક રીતે ખેતીના વ્યવસાય સાથે પોતાનો નિભાવ કરે છે. અહીં ખેતીના આ પ્રજા પોતાના નિભાવ માટે જ ધાન્ય પાકો મહદઅંશે પકવે છે. ખેતીના રોકડીયા પાકો ખૂબ જ નહીંવત પ્રમાણમાં તેઓ કરે છે તે પણ સરકારશ્રીના પ્રયત્નોને કારણે થોડા ઘણા રોકડીયા પાકો થતા જોવા મળે છે.

આ ઉપરાંત ખેતી માટે નાણાંનો અભાવ, અપૂરતી જમીન, જમીનમાં સેન્દ્રીય તત્વોનો અભાવ, વગેરે તેમની ખેતીમાંથી પૂરતું ઉત્પાદન ન થઈ શકવાના કારણોમાં મહત્વનો ભાગ ભજવે છે તેઓના ઢોરોનું કિંમતી છાણીયું ખાતર પણ વેડફાઈ જતું હોય છે. તેઓ તેનો પૂરતા પ્રમાણમાં ઉપયોગ કરતાં નથી. કેટલીક જગ્યાએ આજુબાજુના વિસ્તારોમાં તેઓ વેચી દેતા હોય છે. કેટલુંક ઢોર જંગલમાં જ રખડતા કે રખાતા હોય વેડફાઈ જાય છે. એટલે એ ખાતર મહત્વનું હોવા છતાં કાળજીના અભાવે ઉપયોગી નથી. એટલે ઓછો ઉતાર પાકનો થાય છે આ સિવાય ખેતી માટે ખૂબ જ અગત્યની બાબત એ છે કે ચોમાસે ખૂબ વરસાદ હોવા છતાં સિંચાઈની સુવિધા ઊભી કરી

શકાઈ નથી. વધારે વરસાદને કારણે ઢોળાવવાળી પાતળી જમીનનું ધોવાણ પુષ્કળ થવાથી ઓછા પાક ઉતાર આવે છે. ચોમાસા સિવાય પૂરતા પાકો થતા નથી. એટલે જ ડાંગીઓને શિયાળે, ઉનાળે ખેતોની આ પ્રકારની પરિસ્થિતિ સિંચાઈ અને પાણીના અભાવે બીજી જંગલની આધારિત રોજીના અભાવે બહારનો સ્થળાંતરો રોજગારી માટે સ્થળાંતર કરવાની ફરજ પડે છે. ડાંગીઓને ઘણા વખત સુધી ઘરે તો રોજી વિના બેસી રહેવું પડે છે એટલે તેમને બીજી રોજગારી માટે ભટકવું પડે છે. આજે ડાંગીઓને વધારે ને વધારે સ્થળાંતર કરવાનો વારો આવ્યો છે. તેઓ બેસી રહે પાલવે તેમ નથી. કારણ કે પહેલાંની જેમ આજે જંગલમાં તેમનો બીજી રીતે નિભાવ થતો નથી.

<u>ખેતમજૂરો</u> :

ખેતીના વ્યવસાયથી જીવન નિર્વાહ આખુ વર્ષ શક્ય નથી ઉપરાંત ઘણા બધા કુટુંબો પાસે ખેતીની પૂરતી જમીન નથી, કેટલાક પાસે બિલકુલ જમીન નથી. જેમની પાસે વધારે જમીન છે તેઓ જેમની પાસે ખેતીની ઓછી જમીન કે બિલકુલ નથી તેવાને ખેતમજૂરો માટે બોલાવે છે. ડાંગમાં બધા જાતિઓમાં ખેતમજૂરો જોવા મળે છે. પરંતુ ભીલ કુટુંબોમાં ખેતમજૂરો સૌથી વિશેષ જોવા મળે છે. અહીંયા ચોમાસે ખેતમજૂરો મળે છે પરંતુ પૂરતા સમયની ખેતમજૂરી મળતી નથી. આ દિવસોમાં ગામમાં કે આસપાસના ગામોમાં બહુ ઓછી મજૂરી પ્રાપ્ત થાય છે કામ બહુ ઓછા દિવસો અને પૂરતી મજૂરીના દરો અહીંની સ્થાનિક મજૂરોમાંથી પ્રાપ્ત થતા નથી. ત્યારે કેટલાય દિવસો ભૂખ્યા પેટે અથવા તો જંગલમાંથી મળતી ભાજીઓ ખાઈને કે જંગલના કંદમૂળ ખાઈને દિવસો પસાર કરવા પડે છે. તેમાંથી ભીલોને ખેત-મજૂરીનો પ્રશ્ન વધુ સતાવે છે. જ્યારે સ્થાનિક ખેતમજૂરી અને ખૂબ ઓછી મજૂરી અનાજ રૂપમાં કે પૈસામાં મળે છે ત્યાં સુધી તેઓ વિસ્તારમાં કરે છે પણ જ્યારે નથી મળતી ત્યારે તેમને સ્થળાંતરો મજૂરી માટે સરહદના વિસ્તારોમાં મહારાષ્ટ્રમાં, નવાપુર, નાસિક જેવા વિસ્તારોમાં અને ગુજરાતના સુરત, વલસાડ, બારડોલી, મઢી, વ્યારા, નવસારી, બીલીમોરા વિસ્તારોમાં શેરડીના ખેતરોમાં કે બાંધકામ અથવા જે મજૂરી મળે તે માટે તેઓ જાય છે. મજૂરી ભીલ

કુટુંબોને વધુ શોધવી પડે છે વારલી, કુનબી કુટુંબોને કદાચિત જ મજૂરી શોધવી પડે છે. સ્થળાંતરી મજૂરી શોધવા પુરુષ વર્ગને જ વધુ જતો જોવા મળે છે. <u>અન્ય મજૂરી</u> (જંગલ મજૂરી-ગૌણ પેદાશો) ડાંગીઓને જંગલમજૂરી કૂપમાં અને લાકડા વાહતુકમાં ગાડી દ્વારા થોડી રોજગારી મળે છે. એ સિવાય જંગલ પ્લાનેટેશનથી કેટલીક રોજગારી થોડા દિવસ પૂરતી પ્રાપ્ત થાય છે. જંગલમાંથી ગૌણ પેદાશોથી મળતી કેટલીક રોજગારી મળી રહે છે. સરકારના જાહેર બાંધકામ દ્વારા અને જિલ્લા પંચાયત દ્વારા બાંધકામ મજૂરીમાંથી અલ્પ રોજગારી થોડા કુટુંબો પૂરતી મળે છે.

<u>સરકારી નોકરી :</u>

આ વિસ્તારમાં પટાવાળા, બીટગાર્ડ, ચોકીદાર અને ખૂબ ઓછા કલાર્કની નોકરીઓમાં જોવા મળે છે. પ્રાથમિક શાળાઓમાં * ખૂબ અલ્પ સંખ્યામાં શિક્ષકો જોવા મળે છે. નોકરીઓમાં ડાંગીઓમાં ડાંગીઓની ઓછી સંખ્યા જોવા મળે છે.

<u>શિકાર માછીમાર :</u>

આખાય વિસ્તારમાં વસવાટ કરતી જાતિઓ શિકાર આજુબાજુના ઉંડાણના જંગલોમાં પ્રતિબંધિત હોવા છતાં ચોરીછૂપીથી કરી લે છે. ભીલોમાં શિકારનું પ્રમાણ વધારે છે તેઓ શિકારના શોખીન છે. શિકાર સામૂહિક વ્યક્તિગત કરાય છે. ઉપરાંત માછીમારી કરીને કેટલાક લોકો ખોરાક તરીકે ઉપયોગ કરે છે. તેઓ નદી, કોતરો, નાના ઝરણાંઓ વગેરેમાંથી ચોમાસે ખાસ કરીને માછીમારી કરે છે.

<u>ગોવાળપણું :</u>

આખાય વિસ્તારમાં ગામેગામના ઢોરઢાંખરને જંગલમાં નદી કિનારે ઉંડે સુધી ઢોર ચરાવવા માટે ગોવાળ રખાય છે. તેમને તેના બદલામાં રોજેરોજનો ખાવાપીવાની અને નક્કી સમયે અનાજ વગેરે અપાય છે. જેમને જમીન નથી તેવા કુટુંબના સભ્યો ખાસ કરીને ભીલો જ વધુ તેમાં રોકાઈને ઢોર ચરાવવાનું રાખે છે. જેના ઉપર આવા અસંખ્ય ગોવાળોનું જીવન નભે છે.

હાળી - નોકર :

આને ખેતી માટે મહદઅંશે રાખવામાં આવતો હોય છે તેને છ માસીક કે વાર્ષિક ધોરણ રાખી ખેતી કરવામાં આવે છે તેના બદલામાં અનાજ કે હવે કેટલાક પૈસામાં મહેનતાણું આપે છે. કેટલાક આવી રીતે રહીને પોતાનું જીવન ધોરણ નિભાવે છે. તેમાં વારેતહેવારે ખાવાપીવાનું મરઘાં, બકરાં વગેરે પણ તેઓ મેળવે છે.

અન્ય વ્યવસાયો (કોલસા પાડવા-વાંસકામ) ગાલીચા ઉદ્યોગ :

અહીંનો એકાદ બે જાતિઓમાં પોતાના ધંધા દ્વારા જ મહદઅંશે જીવન નિર્વાહ ગોઠવતી જોવા મળે છે. જેમાં કોટવાળિયા માત્ર વાંસકામ કરીને જ મહદઅંશે જીવન ~~ધોરણ~~ નિભાવે છે. જેમાં કોટવાળિયા ચોમાસે મંદીના સમયે ખેતમજૂરી થોડી કરી લે છે. એ સિવાય કાથોડીઓ કોલસા પાડવા કે કાથો પાડવાનો વ્યવસાય કરી લએ છે. તેઓ પણ આ વ્યવસાયોની મંદીને લીધે આજે ખેતમજૂરી પણ કરે છે. ગાલીચા ઉદ્યોગ ડાંગના કેટલાક ગામોમાં ગાલીચા બનાવવા માટે કેટલાક નાની ઉંમરના બાળકો, સ્ત્રી-પુરુષ સહિત જોડાઈને રોજગારી પ્રાપ્ત કરે છે.

પશુપાલન :

ડાંગીઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ખેતી સાથે તેમનામાં ખૂબ જ મોટો સમુદાય પશુપાલન કરે છે. કુનબી, વારલીઓ ખેતી સાથે પશુપાલન કરે છે ભીલોને ખેતી કે પશુપાલનમાં ઝાઝો રસ નથી તેઓ શિકાર, માછીમારી અને મજૂરી કરીને જીવન નિર્વાહ ગોઠવે છે. તેઓ ખેતી પશુપાલન માટે કુનબી, વારલીને આધારે જ રહેતા હતા. જો કે આજે પણ કુનબી, વારલી, ચૈધરી, ગામીત સહિતની બધીજ જાતિઓ ખેતી સાથે પશુપાલન અવશ્ય કરે જ છે. ભીલો પણ કેટલેક અંશે પશુપાલન કરે છે. ડાંગીઓના પશુઓમાં ગાય, ભેંસ, બળદ, પાડા, બકરાં પશુપાલનમાં રાખે છે. તેના દ્વારા ખેતી મહદઅંશે કરે છે. અને કેટલાક પશુઓ તેઓ સામાજિક લગ્ન પ્રસંગોમાં આપે છે. અને પ્રસંગ પાર પાડે છે. દૂધ માટે તેઓ પશુઓ પાળતા નથી પણ તેમાંથી ખેતી

માટે પશુઓ મળે એ અર્થે પળાતા જોવા મળે છે. પશુઓ સારી ઓલાદના નથી, ઉપરાંત અપૂરતા પોષણને કારણે નબળા જોવા મળે છે. પાણી અને ઘાસચારાના અભાવને કારણે આ સ્થિતિ જોવા મળે છે. પુષ્કળ વરસાદ હોવા છતાં પાણી સંગ્રહ કે ઘાસ પેદા ન કરી શકવાને લીધે આખાય વિસ્તારની આવી પરિસ્થિતિ જોવા મળે છે. પશુઓનું ધન ઘણું વિશાળ હોવા છતાં વિસ્તારની અસર, માવજતનો અભાવ તેઓ ઉપર વર્તાયા વિના રહેતો નથી.

પશુપાલનની જેમ મરઘા-બકરા પણ બધા જ કુટુંબો રાખતા જોવા મળે છે તે પણ આતિથ્યના ભોજન માટે કે દેવદેવીઓની વિધિઓ માટે પાળે છે. એ સિવાય તેને વેચીને તેના બદલામાં વસ્તુ કે પૈસા મેળવે છે અને નિભાવ કરે છે. પોતે પણ તેનો ખોરાક તરીકે ઉપયોગ કરે છે. તેમાંથી મરઘાના ઈંડા ખાવામાં વિશેષ ઉપયોગમાં લે છે. મરઘાનું વેચાણ તેઓ ગામમાં કે હાટવાડામાં કરે છે.

ઉપર મુજબની ચર્ચા ઉપરથી એ બાબત સ્પષ્ટ થાય છે કે ડાંગ જિલ્લાના મોટાભાગના આદિવાસી લોકોનું અર્થકરણ પરંપરાગત અને પછાત સ્થિતિમાં રહેલું છે. રોજગારી મેળવવાની તકો અને એ દ્વારા કુટુંબની આવક વધારવાની શક્યતા મર્યાદિત છે. કોઈપણ પ્રકારનો ઉદ્યોગ લગભગ અસ્તિત્વ નથી. જ્યારે પશુપાલનના ઉદ્યોગનું તેમને માટે ખાસ મહત્વ નથી. જંગલ આધારિત શિકાર પ્રવૃત્તિ, ગૌણ પેદાશો અને બીજી કૂપ, વાહતૂકની પ્રવૃત્તિઓ પ્રતિબંધિત ધોરણે કે મર્યાદિત રીતે મળી રહેતી હોઈ એમ લાગે છે. સમગ્ર વિસ્તારમાં મહદઅંશે નિમ્ન આવક જૂથ અસ્તિત્વ ધરાવે છે. કારણ કે મોટાભાગે લોકોમાં સાધનોનો મહત્વ ઉપયોગ કરવાની કૌશલ્યતાનો અભાવ રહેલો છે. કરતી મજૂરી, જૂની પુરાણી ખેતપદ્ધતિ અને અપૂરતા પાક જેવા પરિબળો આ વિસ્તારના અર્થકારણના પછાતપણા માટે જવાબદાર છે. આ વિસ્તારમાં પાયાની બાબત તો એ છે કે વિવિધ આર્થિક કાર્યક્રમો હાથ ધરીને કુટુંબની આવક વધે એ દિશામાં હજુ વધુને વધુ ધ્યાન આપવું જોઈએ.

આ વિસ્તારનું આદિવાસીઓનું સીધાસાદાપણું તેમના વિકાસની આડે આવે છે આદિવાસી પેટા યોજના હેઠળના કાર્યક્રમો દ્વારા સરકારી ધિરાણ અને અન્ય મદદ મળી શકે છે. તેમનો આર્થિક વિકાસ શક્ય બનશે તો જ અને આર્થિક વિકાસની તકો હજુ વધુને વધુ મળશે તો

જ તેમની વિકાસની દિશા ઉઘડશે. એ સિવાય તેમને માટે થોડા પગલાં લેવાથી તેમની પરિસ્થિતિમાં ઝાઝો ફર્ક પડવો નહિ. તેમનામાં પરંપરાગત ઢબે વ્યવસાયો કરવાની પધ્ધતિઓ તેમની જૂની પુરાણી ધાર્મિક પધ્ધતિઓ સાથેની જીવન પ્રણાલી જે કેટલાક વ્યવસાયો સાથે સંકળાયેલી છે જેને કારણે અને સાથે સાથે વાહન સંપર્કોનો અભાવ, અપૂરતો વાહન વ્યવહારના બજારનો અભાવ અને નાણાંનો તેમની અંદર મહદઅંશે ખૂબ જ ઓછો ઉપયોગ તેમની આર્થિક સ્થિતિને અસર કર્યા વિના રહેતો નથી.

ડાંગી આદિવાસીઓની આર્થિક જીવન વ્યવસ્થામાં જોવા મળેલા જુદા જુદા આવકના સ્ત્રોતો અને તેના ધ્વારા પોતાનું જીવન નિર્વાહ ગોઠવવાનું તેઓ ગોઠવે છે. તેમાં અસર કરતાં પરિબળોને કારણે તેમનું અને વિસ્તારનું પછાતપણું જોઈ શકાય છે. ઉપરાંત ડાંગમાંથી કેટલાક કુટુંબોને ધ્યાનમાં રાખીને તેમની કેટલીક કૌટુંબિક માહિતી મેળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. જેમાં પણ જોઈ શકાય છે કે ઉપરોક્ત કરાયેલા તેમના અને વિસ્તારના પછાતપણા માટે કે પરિસ્થિતિ માટેના જે પરિબળો ભાગ ભજવે છે તે જ રીતે તેમની આ કૌટુંબિક જાણવા મળેલી માહિતીમાં પણ તેનું પ્રતિબિંબ મળેલી માહિતીને આધારે જોઈ શકાય છે. કમાનારની સંખ્યા અને આવક જૂથ પ્રમાણે કુટુંબ સંખ્યા જોઈએ તો ખૂબ જ ઓછી આવકજૂથની અંદર મોટાભાગના કુટુંબોની સંખ્યા જોઈ શકાય છે અહીંના વિસ્તારની દૃષ્ટિએ ઉંચી આવક જૂથમાં જૂજ કુટુંબો જોઈ શકાય છે. એ રીતે વ્યવસાયિક પરિસ્થિતિમાં જોઈએ તો તેમને ખૂબ જ અલ્પ સમય માટેના મળી છે. પૂરતી રોજગારી મળતી નથી એવા ખેતમજૂરો, સ્થળાંતરો મજૂરોમાં મોટાભાગના કુટુંબોએ પોતાના મુખ્ય વ્યવસાય એવી ખેતીના જે નિભાવલક્ષી જ માત્ર xxxxxxxxxxxx આ વિસ્તારમાં સાબિત થયો છે તેના સાથે જોડવાની ફરજ પડે છે. આ કુટુંબોની સરેરાશ વાર્ષિક આવક પણ ૪૭૦૩ રૂપિયાની જ માત્ર જાણવા મળી હતી.

એ ચિત્ર પણ તેમના નિમ્ન કક્ષાના જીવન ધોરણનું માપ દર્શાવે છે. ખેતીના પાકોની આવકો પરંપરાગતના ધાન્ય પાકોના પણ ઓછી આવકો જાણવા મળી હતી તેમાંથ રોકડિયા પાકોની તરફ તેઓ વળ્યા ન હોય એ સ્થિતિ જણાઈ હતી. વાર્ષિક ઉત્પાદન ખેતીનો ખર્ચ વિસ્તારને લક્ષમાં લઈએ તો તેમને ખેતીમાંથી કંઈ ન મળે એ સ્થિતિ એ જણાયો હતો. કારણ કે અમુક સાધનો તેઓ પાસે ખેતીના ન હોઈ ખર્ચ થતો હતો. વાર્ષિક રોજબરોજના ખર્ચને બાદ કરતાં એ થતા આવકોમાંથી માંડ નિભાવ કરતા જાણવા મળ્યા હતા. ૭૦ ટકા ઉપરાંત દેવાદાર કુટુંબો જ એ વાતને દર્શાવે છે. જો કે દેવું સ્થાનિક જ્યાંથી દુકાનેથી મળે તે જ ખાધાખોરાકી પૂરતું સવિશેષ કરતા જણાયા હતા. તેમ જમીન વિહોણા કુટુંબો વિશેષ હતા. માલિકીની જમીન અને તે પણ ખૂબ ઓછી જમીન ધરાવતા કુટુંબો હતા. કે જેના ઉપર વર્ષ પરતું નિભાવતું ઉત્પાદન મેળવી શકે. તેમાંથી સૌથી વધુ વરસાદવાળો વિસ્તાર હોવા છતાં પિયતની ઓછામાં ઓછી સંખ્યા ધરાવતા કુટુંબો મોટી સંખ્યામાં હતા. બિનપિયત ખેતી પધ્ધતિથી ચોમાસું પાકો માત્ર મેળવી શકતા જણાયા હતા. ઉપરાંત તેમની પાસે સિંચાઈના સાધનો વગેરે નામના કહી શકાય તેવા જાણવા મળ્યા હતા. ખેતીના ઓજારો કેટલાક પાસે નામમાત્રના હતા. કેટલાક બીજાના સાધનોથી ચલાવતા જાણવા મળ્યા હતા.

આ ઉપરાંત પશુઓની સંખ્યા જમીન વિહોણા કે બીજા પાસે ઓછી જણાઈ હતી. તેમાંથી મળતી આવકો પણ ખૂબ જ ઓછી જાણવા મળી હતી. વૃક્ષો અંગે પણ તેમની જમીનમાં ખૂબ જ ઓછી વૃક્ષો અને નાના વૃક્ષો તેમની પોતાની માલિકીના તેમના કહેવા પ્રમાણે હતા. તેમની બચતોના વિગતો મેળવી હતી જે લગભગ બચત કરી શકે તેવી સ્થિતિમાં જ ન હોય તેમ જાણવા મળ્યું હતું. એટલે વિમા કે બીજી યોજના અંગે વિચારી શકે તેમ નહોતા.

રોજગારી સ્થાનિક મળતી નથી તેવા લગભગ ૬૦ ટકા ઉપરાંત કુટુંબોમાંથી જણાવાયું હતું. વર્ષમાં બે માસ પૂરતી રોજગારી મળે તેવું કહેનારા સવિશેષ જણાયા હતા. તેમને નિભાવ માટે બાજે સ્થળાંતર કરવું પડે છે. એવા જવાબો વિશેષ હતા. કેટલાકે તે અંગે

જવાબ ન આપતા મૌન સેવ્યું હતું. જે જાય છે તે કેટલાક શહેરોમાં કેટલાક ખેતોના, શેરડી વગેરેના ખેતરોમાં મજૂરીએ જાય છે. ત્યાં પણ તેમને રોજગારી કેટલો સમય મળી રહે તે નક્કી હોતું નથી. ત્યાં રહેવા કે બીજી સગવડોનો અભાવ હોય છે. સરકારી તરફથી થોડા કે લાભ લીધા હોય તેવા માંડ થોડા કુટુંબો હતા. જંગલ તરફથી કંઈને કંઈક રોજગારી મળી રહે તેવું વિશેષ જણાવ્યું હતું જો કે ઓછો સમય જંગલ મજૂરી મળે છે તેવું તેમનું કહેવું હતું. તે પણ બધા જ કુટુંબના વ્યક્તિઓને મળતી નથી એમ પણ જણાવ્યું હતું. ત્યાંથી પાછા ફરવાનું બધાએ જવાનું એ પણ નક્કી નથી હોતું તેમને સ્થળાંતર કરવું જરાય પસંદ નથી પણ ત્યાં જવાની ફરજ પડે છે. આમ ડાંગ વિસ્તારમાંથી ચારેક ગામોના પસંદગીના આવરી લીધેલા કુટુંબોથી લીધેલી માહિતીને આધારે પણ આગળ દર્શાવ્યા પ્રમાણે ડાંગ વિસ્તારની જે પરિસ્થિતિ દર્શાવી તેના સંદર્ભમાં જોઈએ તો લગભગ એવો જ પરિસ્થિતિનું ચિત્ર તેમાંથી પણ જાણી શકાય છે.

## ડાંગી આદિવાસીઓની અર્થવ્યવસ્થાનું પરંપરાગત સ્વરૂપ અને પરિવર્તન :

ડાંગ અને ડાંગીઓ માટે અનેક પ્રયત્નોથી તેની પ્રગતિ માટે વિવિધ યોજનાઓ કરી તેમ છતાં સમગ્ર વિસ્તારની પરિસ્થિતિ અને તેનું છૂટછવાયાપણું અને બીજા અનેક પરિબળોને લઈને (જૂની પરંપરાગત પધ્ધતિઓ-રૂઢિઓ) શક્ય એટલો વિકાસના ~~પ્રયત્નો~~ કર્યો, તેની પ્રગતિ સાધી શકાઈ નથી. તેની આ પરંપરાગત અર્થવ્યવસ્થાનું માળખું ખેતી, પશુપાલન કે બીજા આવકના સ્ત્રોતોમાં જોયું તેમ કોઈ ઝાઝા ચોક્કસ પરિવર્તનનો માહોલ જોઈ શકાતો નથી. તેમ છતાં તેમની આ પરંપરાગત અર્થવ્યવસ્થાના માળખામાં નહીંવત માત્રામાં બહાર આવ્યા છે. જેમ કે દાહીજું કરીને રાખ જમીન ઉપર પાથરી દેવાની એક વિશિષ્ટ પધ્ધતિ, આદર પધ્ધતિ આજે પણ પ્રચલિત છે.

દેવદેવીઓની પૂજા તેમના જીવન સાથે સંકળાયેલા વિવિધ ધાર્મિક પ્રસંગોમાંથી તહેવારોની ઉજવણીઓ જેવા કે ગામ દેવની પૂજા, ... વગેરેમાંથી ... સંપૂર્ણ બહાર આવ્યા નથી

સાથે સાથે ~~દેવ પૂજા, ધવલેરા દેવોની પૂજા વગેરેમાંથી [illegible]~~ જો કે તેમાં જોવા મળતો ઉત્સાહ ઓછો થતો જાય છે. હવે ખેતીમાંથી નફો મેળવવા જેમની સારી સ્થિતિ છે તેવા લોકો ખાતરનો ઉપયોગ દવાનો છંટકાવ અને નવા હાઈબ્રીડ બિયારણો વાપરતા થયા છે.

બટાટા જેવો નવો ખેતી પણ અહીંયા થવા પામી છે કઠોળનું ઉત્પાદન વધારવાની, યોજના છે. અનાજ સંગ્રહ કરવાનું મહત્વ તેઓ સમજતા થયા છે. સરકાર પાસેથી લીધેલ કે લોનની ભરપાઈ કરવાની હોય વધુ પાક મેળવવા સારી ખેતી કરવા લાગ્યા છે. કરકસર ભર્યું જીવન તેમજ વધુ નફો મેળવવા કેટલાક રોકડીયા પાકો તરફ વળ્યા છે.

ડાંગમાંમાં જોવા મળતું સહકારનું તત્વ જેમાં ઓટ આવી છે તે હવે કૌટુંબિક કે સગાઈ સંબંધોના ક્ષેત્ર સુધી સિમિત થયેલ પણ જોવા મળે છે. અન્ય વ્યક્તિઓ હવે સહકારને બદલે કામના પ્રમાણમાં યોગ્ય બદલાની કિંમતની માંગણી કરે છે.

ડાંગીઓમાં વસ્તુ વિનિમય થાય છે પણ કેટલાક ઠેકાણે તેમાં પણ બિનઆદિવાસીઓના સંપર્કથી કેટલાક ગામે ગામની દુકાનથી હાટવાળા કુવામાં પણ નાણાંનું મહત્વ સમજાતાં વિનિમય તરીકે નાણાંનો ઉપયોગ પણ થવા લાગ્યો છે એટલે તો તેઓ ગામની દુકાને કરતાં પેદાશો 'હાટ'માં વેચવાનું પસંદ કરે છે. કે જંગલ વિકાસ નિગમે નક્કી કરેલા એજન્ટોને વેચે છે જેથી ભાવ મળતા થયા છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં પાકા રસ્તાઓ થતાં અને સ્થળાંતરો રોજગારોની શોધમાં બીજા વિસ્તારોમાં જતાં ડાંગીઓમાં બાહ્ય સંપર્કને લીધે જોવા જાણવાથી નાણાં, કપડાં, ખેતી અને જીવન જીવવાની પધ્ધતિઓમાં તે વિચાર કરતા તો થયા છે.

<u>સમસ્યાઓ :</u>

આમ સમગ્ર રીતે જોતાં ડાંગી આદિવાસીઓમાં આર્થિક ક્ષેત્રે પરિવર્તનનો પ્રવાહ શરૂ થયેલો દેખાય છે. પરંતુ તેમની આ દીન આર્થિક સ્થિતિ અને તેની સાથે સંકળાયેલ સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક મૂલ્યોનો પ્રભાવ હોવાથી પરિવર્તનની ગતિ ધીમી જોવા મળે છે.

મહદઅંશે ડાંગી આદિવાસીઓ આર્થિક ક્ષેત્રે પછાત છે. જેઓએ શિક્ષણ મેળવ્યું છે, નોકરી પ્રાપ્ત કરી છે, રાજકીય ક્ષેત્રે આગળ આવ્યા છે. તેમજ સરકાર તરફથી મળતી યોજનાઓનો જેમણે લાભ લીધો છે તેવા લોકોની આર્થિક સ્થિતિ કંઈક અંશે સુધરેલી જોવા મળે છે. આવા લોકોનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. છેલ્લા ૫૦

વર્ષથી સરકાર તરફથી સંકલિત ગ્રામ વિકાસ યોજના, આદિજાતિ વિકાસ કોર્પોરેશન, તેમજ આદિવાસીઓના વિકાસ માટેની સંકલિત વિકાસ યોજના વગેરેના આશ્રયે આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટેના વિવિધ કાર્યક્રમો અમલમાં છે. તમામ કાર્યક્રમોમાં તેમને કૃષિ, જમીન, જાળવણી, સિંચાઈ, પશુપાલન વ્યવસાય, પરવાં ઉછેર, સ્વરોજગારી માટેનો સગવડ, વિજળીકરણ, વિવિધ પ્રકારના ઘંધા ઉદ્યોગો માટે આર્થિક સહાય વગેરે અનેક પ્રકારની સગવડો પૂરી પાડવાની જોગવાઈ કરેલ છે. ઉપરોક્ત વિવિધ સુવિધાઓ તેમના વિકાસ માટે હોવા છતાં આર્થિક દ્રષ્ટિએ તેમનામાં હજી પણ પછાતપણું વિશેષ જોવા મળે છે. તે વિશે વિચાર કરવાનું ખાસ મહત્વનું બની રહે છે.

ડાંગી આદિવાસીઓના આર્થિક દ્રષ્ટિએ પછાતપણા માટે કોઈ એક કારણને જવાબદાર ગણાવી શકાય નહિ. આર્થિક દ્રષ્ટિએ પછાતપણા માટે અનેક કારણે જવાબદાર છે. તેમ છતાં બીજા કેટલાક અંતર બાહ્ય કારણો તેમના પછાત માટે જવાબદાર ગણી શકાય.

ડાંગી આદિવાસીઓ જમીન માલિકોના પ્રશ્ને મુંઝાઈ છે જેને કારણે ભયના વાતાવરણ હેઠળ તેમાં ખેતી [illegible] કરે છે. બીજુ સરકારી કાયદાઓને લીધે જંગલમાં પણ પહેલાની જેમ હરફરી, શિકાર કે લાકડું લઈ શકતા નથી.

અહીંનો ભૌગોલિક વિસ્તાર જ એવો છે કે જ્યાં મોટાભાગની જમીન ખાડા ટેકરા તેમજ ઢોળાવવાળી છે. ખેતી પણ વરસાદ નિર્ભર છે. અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ વખતે તેમને ઘણું સહન કરવું પડે છે.

ડાંગીઓ હજુ પણ મોટાભાગે પરંપરાગત પાક લેતા હોય છે. રોકડીયા પાકો તરફનું વલણ ઓછું જોવા મળે છે. ઉપરાંત ખેતી કરવાની વૈજ્ઞાનિક પધ્ધતિ સામે તેઓ શંકાની નજરે જુવે છે. તેમાંય ધાર્મિકતાનો પ્રભાવ હજી જળવાયેલો છે.

કેટલાંક ડાંગી આદિવાસીઓ સરકારી યોજનાઓના લાભ લેવામાં સફળ થયા નથી. જેઓને લાભ મળે છે તેમાં ધારેલાં પરિણામો દેખાતા નથી. જેઓ શિક્ષીત છે તેમને કંઈ અંશે ફાયદો થયો છે.

અહીંના ઘણાં ડાંગી આદિવાસીઓ આર્થિક રીતે ખૂબ જ ગરીબ હોવાથી ગરીબી રેખા હેઠળ જીવતા હોઈ ખાદ કે સાધનો ખરીદી શકતા નથી.

કેટલાક આદિવાસીઓમાં દારૂ પીવાનું પ્રમાણ વધારે જોવા મળે છે. વરસનો કેટલોક ભાગ લોકો દારૂ પીવામાં વાપરી કાઢે છે. તેમના ઘણા કપડાં, વાસણ કે વસ્તુ વેચી નાખી તે પણ દારૂ પીવામાં અનાજ કે પૈસાનો ઉપયોગ પરોક્ષ કરે છે. જેના કે વધુ નુકશાન થાય છે.

કેટલાક લોકોમાં જમીન વેચવા અથવા જમીન ગીરવે મૂકીને તે જ જમીન ઉપર ખેત મજૂરી કરે છે.

ભૂતકાળમાં આદિવાસીઓની વસ્તી ઘણી ઓછી હતી. જ્યારે હવે આદિવાસીઓની વસ્તી વધતી જાય છે. આથી પણ જે ખેતીના ધંધાને નોકરી કરતા થયા છે. તેમને મજૂર રાખવા પડે છે. તેઓને જમીન અને ઢોરો વેચવા પડે છે.

તેઓમાં બાળ લગ્ન જેવું તેમ જમીન વધતી હોવાથી, ઘણ વસ્તીના અને જમીન ન હોય ત્યારે કોઈ ઘણું ઉત્પાદન થતું ઘટતો ગયો, ઘટી ગયું ગયો. સાથે સાથે તેઓના બાળકો માટે મજૂરી, શિક્ષણના ખર્ચ વગેરે ગયો. ખાન વરસાદ જેવા છે. રાજ્યની નીતિ વધુ વરસાદ હોવા છતાં સિંચાઈની કોઈ સુવિધા નથી.

આમાંથી તેમને ઘણી જાતના હક્કો મળ્યા, પરંતુ તેમના આધુનિક જીવન પદ્ધતિ સાથે ઘણું રહ્યું ગયો. જંગલ, ખેતી, ખેડાણની જમીન, મકાન બાંધવાનો પ્રશ્ન વગેરે કારણે ઘણી જેનું મૂળ જીવન-પદ્ધતિ રહ્યું ગયો તેથી તેને ભૂખે મરવા પડતાં રોજ આદિવાસીઓમાં સ્થળાંતર કરી રોજગારી શોધવી પડે છે.

આમાંથી હજુ પણ ગામડાના આદિવાસી સમાજોના કારણે દુનિયાની [redacted] આર્થિક જીવન થયું છે તેમ તેમને બાળક શિક્ષણ કારણે આવશ્યક દેવામાં રાખે છે. હાલમાં ઘણા ઘણા સમાજો આર્થિક રીતે થયા છે અને ગામડાના આદિવાસીઓ હજુ શિક્ષણ માટે પાછળ પડી રહ્યા છે.

સમગ્ર ડાંગમાં મહદઅંશે રાજ્યનો સૌથી વધુ વરસાદ પડતો હોવા છતાં વર્ષના ઉનાળાના સમયે પીવાના પાણીનો પ્રશ્ન વર્તાય છે. વર્ષોથી પાણી માટેની સમસ્યા આ વિસ્તારને સતાવે છે.

ડાંગમાં આઝાદી મળી ત્યાં સુધી શિક્ષણની કોઈ સુવિધા નહોતી, પરંતુ તે પછી ~~[illegible]~~ મિશનરી પાદરીઓ તરફથી, દક્ષિણ ગુજરાત રાજ્ય પ્રદેશ નામની સંસ્થાએ, તે પછી મુંબઈ સરકારે પ્રાથમિક શિક્ષણ બોર્ડ રચ્યું, તે પછી ૧૯૪૮ થી ૧૯૬૦ અને પછી ગુજરાત સરકારે પ્રાથમિક શિક્ષણ માટે અનેક પ્રાથમિક શાળાઓ અને આશ્રમશાળાઓ અને બીજા પ્રયત્નો કરીને સુવિધાઓ ઉભી કરી શિક્ષણ માટે પ્રયત્નો કર્યા તેમછતાં ડાંગના આ જંગલ ડુંગરાળ અને દુર્ગમ અનેક વિધ સમસ્યાઓને કારણે શિક્ષણનો જોઈએ તેટલો વિસ્તારને લાભ મળ્યો નથી. ગરીબી, અજ્ઞાનતા વગેરેને કારણે પણ લોકોના શિક્ષણનો ટકાવારી ખૂબ જ ઓછી નોંધાઈ છે. અનેક કારણોસર (ડાંગીઓ) આદિવાસીઓ આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે બિન આદિવાસીઓ કરતાં પાછળ રહી જવા પામ્યા છે તેમનું આ શૈક્ષણિક પછાતપણું તેમની વિકાસની પ્રક્રિયામાં વધુ બાધક સાબિત થયું છે. ડાંગીઓ શિક્ષણથી વંચિત રહેવાને કારણે, શિક્ષણના મૂલ્યોના અભાવે જાગૃત થયા નથી, તેમનો શિક્ષણનો અભાવે જાગૃત થયા નથી, તેમની શિક્ષણની સમસ્યા સતત વિચાર માગે તેવી છે.

આખો વિસ્તાર જ ભારે વરસાદવાળો હોઈ સતત ભેજવાળું વાતાવરણ હોઈ રોગિષ્ટ આબોહવાને કારણે રક્તપિત, કૃમિ, ક્ષય અને મેલેરીયા જેવા રોગનું પ્રમાણ જોવા મળે છે. આજે ઘણી જગ્યાએ આરોગ્ય માટે દવાખાના છે અને સમગ્ર વિસ્તારની આબોહવા જ રોગિષ્ટ હોઈ આરોગ્યની રીતે ડાંગીઓ સતત એક યા બીજા રોગથી પીડાવું પડે છે. હજુપણ અંધશ્રદ્ધાને કારણે ભુવાનું શરણ લેતા જોવા મળે છે. સગવડોના અભાવે જંગલના ખૂબ જ ઉંડાણમાં હજુ આ સ્થિતિ પ્રવર્તે છે.

ડાંગીઓ પોતાના કાચા ઝૂંપડાના બિન આરોગ્યપ્રદ ઘરોમાં વસે છે. તેમની આર્થિક સ્થિતિ અને સ્થાનિક પરિસ્થિતિને જોઈએ તો તેઓ હજુ એવા જ મકાનોમાં નિવાસ કરે છે. તેમને અમુક ઋતુમાં મચ્છરો, ઠંડી અને બીજી પરિસ્થિતિમાં આવા નિવાસમાં રહીને પરિસ્થિતિનો સામનો કરવો પડે છે.

ડાંગમાં આઝાદી પછી ડાંગના વિકાસ માટે આગળ જોયું તેમ અનેકવિધ વિકાસ કાર્યક્રમો કરાયા, કેટકેટલીક ભૌતિક સુવિધાઓ જિલ્લામાં ઊભી કરવામાં આવી તેમ છતાં જોયું તેમ તેની અનેકવિધ સમસ્યાઓને કારણે તેના વિકાસમાં એક યા બીજી રીતે અડચણો જોવા મળે છે. કોઈ એક કારણને લીધે તેનો વિકાસ રૂંધાયો હોય તેવું નથી. જિલ્લામાં જોવા મળતા આર્થિક પછાતપણા માટે તેની આગળ જોઈ તે બધી સમસ્યાઓ ભાગ ભજવે છે. આ બધાને લીધે સમગ્ર વિસ્તારમાં રોજગારીની તકો ઊભી થતી નથી. વિસ્તારમાં રોજગારી માટેના વ્યવસાયોમાં જે સમસ્યાઓ જોવા મળે છે. તેને લઈને તેનું આર્થિક પછાતપણું દૂર કરી શકાતું નથી.

આદિવાસી પેટા યોજનાનું ધ્યેય સ્થાનિક વિસ્તારની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ઘડવામાં આવતી હોય છે વર્ણનાગાળામાં ત્યાંના આદિવાસીઓનું જીવન ધોરણ સુધારવાનો અને રોજગારી વધુને વધુ તકો ઊભી કરવાનું રાખવામાં આવે છે. તેમ છતાં આ વિકાસ પ્રયત્નોનું મૂલ્યાંકન કરવામાં આવે તો પ્રથમ અને બીજી યોજના દરમ્યાન થયેલ વિકાસના પ્રયત્નો ડાંગના આદિવાસીઓના આવિકરણ વ્યૂહરચના ઊભી કરી શકાયા નહોતા કારણ કે આ વિકાસના પ્રયત્નોમાં જંગલને અલિપ્ત રખાયું હતું. ડાંગના આદિવાસીઓની અર્થવ્યવસ્થા જંગલ આધારિત છે. એટલે આજેપણ ડાંગના મોટાભાગના આદિવાસીઓની અર્થવ્યવસ્થામાં જંગલોનું સ્થાન કેન્દ્રમાં રહ્યું છે. ડાંગના વિકાસ માટે કે ડાંગીઓના વિકાસ માટે એટલે જ જંગલ આધારિત અર્થવ્યવસ્થાનું આયોજન ઘડવું રહ્યું એ ન થયું એટલે જ ડાંગના આદિવાસીઓનો જંગલ આધારિત સમસ્યાઓ હલ કરી શકાઈ નથી.

આ ઉપરાંત વિકાસની પ્રક્રિયામાં આદિવાસીઓ ભાગ લઈને પોતાનો ફાળો આપી શકે એ માટેની પરિસ્થિતિ ઊભી કરવાના પ્રયત્નો લગભગ સંપૂર્ણપણે કરવામાં આવ્યા નથી. યોજનાના અમલમાં ભીલ લોકોને ખાસ જોતરવામાં આવ્યા નથી. આમ રીતે ડાંગના આદિવાસી ઉપાડ્યા વિકાસના કાર્યક્રમો એક યા બીજી રીતે વર્ષ કોટિક્રમ મુજબ કરવા પ્રોત્સાહિત કરે છે. આદિવાસી પેટા યોજનાના xxxxxxxxxx xxx હેતુઓ અને લક્ષ્યો હતા તેનાથી વિપરીત પરિસ્થિતિ ડાંગમાં ઊભી થયેલી છે. જો ભીલ લોકોને નિર્જન અવસ્થામાં છોડી દેવામાં આવે અને

કુનબી લોકોને તમામ લાભો આપવાનું ચાલુ રાખવામાં આવે તો ગંભીર પરિસ્થિતિ ઊભી થઈ શકે અને આ પ્રક્રિયા ઊભી થયેલી છે જે આપણે મોટી સંખ્યામાં ભીલ લોકો મજૂરોનો ગોધરા બજારમાં સ્થળાંતર કરી જાય છે તે દ્વારા જોઈ શકાશે.

કુનબી લોકો ખેતી સાથે સંકળાયેલા હોવાથી તેમની સાથે કામ કરવું કે યોજનાનો અમલ કરવો, કરાવવો સરળ છે જ્યારે ભીલ સાથે એ રીતે કામ કરવું કે યોજના અમલ કરવો મુશ્કેલ છે. ડાંગમાં ભીલ લોકોની ૩૩ ટકાની વસતિ હોઈ વિકાસ કાર્યક્રમમાં તેમનો હિસ્સો ૩૩ ટકા પ્રમાણે રાખવો જોઈએ. કારણ તેમનામાં ઘણાની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ વિષમ છે. એમ નહીં થાય તો આવતા વર્ષોમાં ડાંગની આ ભીલ જાતિને કાથોડી, કોલઘા અને કોટવાળિયા-ની જેમ આદિમ જાતિ તરીકે જાહેર કર્યા સિવાય છૂટકો નથી. ડાંગની આ જાતિની સમસ્યા ગંભીર વિચાર માગી લે તેવી છે.

## આદિવાસી વિકાસ અને ઉત્કર્ષ માટેના સુઝાવો :

ભારત સ્વતંત્ર થયા બાદ દેશમાં સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રીતે સમાનતા સ્થપાય તે માટે ભારતના બંધારણમાં કલમ ૪૬ મુજબ ખાસ જોગવાઈ કરીને તે માટેનો સ્વીકાર કરવામાં આવ્યો છે. એ અર્થમાં આદિવાસીઓના વિકાસ માટેની આયોજિત નીતિ ઘડીને પંચવર્ષીય યોજનાઓ દ્વારા અનેક વિધ્ધ્વક્ષી કાર્યક્રમો કરી વિકાસના સોપાનો સર કરવાના પ્રયત્ન હાથ ધરવામાં આવ્યા છે. એ રીતે સ્વાતંત્ર્યોત્તર ભારતમાં આદિવાસીઓના કલ્યાણ માટે અનેકવિધ આયોજિત કાર્યક્રમો સમયાંતરે અપનાવવામાં આવ્યા અને આદિવાસી ઉત્કર્ષ પાછળ રાજ્ય દ્વારા નાણાકીય ફાળવણી કરવામાં આવી અને વિવિધ પ્રકારની યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. તેમ છતાં આદિવાસી વિસ્તાર અને વસતીના સંદર્ભમાં જોઈએ તો આદિવાસીઓ અન્ય સમુદાયોની સરખામણીમાં આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે પાછળ છે તે આયોજિત વિકાસના પરિણામોથી જાણવા મળે છે કે તેમને માટે ઉંચા જીવનસ્તર પ્રાપ્તિનો હેતુ હજુ બર આવ્યો નથી. વિકાસ કાર્યક્રમોના વિવિધ લાભો આદિવાસી સમાજના આગળ ગયેલા વર્ગને મળ્યા છે. અન્ય આદિવાસીઓ ગરીબીની અવસ્થામાં જીવનવ્યતીત કરી રહ્યા છે.

(૧) ભારતમાં લોકકલ્યાણના હેતુવાળી આપણી સરકારનું બંધારણ ઘડાયું તેમાં દેશભરના આદિવાસી વિસ્તારોનું પછાતપણું લક્ષમાં લઈને આદિવાસી વિશેષ વસ્તીવાળા વિસ્તારોને અનુસૂચિત વિસ્તાર તરીકે રાષ્ટ્રપતિએ જાહેર કર્યો. ગુજરાતમાં આવો જે વિસ્તાર છે તેમાં ડાંગનો સમગ્ર ભાગ આવે છે. આમ આ જિલ્લો પછાત વિસ્તાર અને પછાત વસ્તીવાળો હોઈ શરૂથી જ પંચવર્ષીય યોજનાઓના શરૂઆતથી જ રાજ્ય સરકારે તેના માટે અલગ બજેટ, અલગ વિકાસ માળખું, સીધી દેખરેખ અને બીજા પગલાં લીધા હોવા છતાં એ વિસ્તારના આદિવાસી લોકોને વિકાસના ફળો ચાખવા મળ્યા નથી. એટલે ખરેખર આવું કેમ થયું છે તેનું ઊંડું ચિંતન કરી, સંશોધન કરી તેમાં રહેલી ત્રુટિઓ શોધી, તેના ઉકેલ મેળવી તે એજ ઘટતું વિકાસ માળખું ગોઠવાય તેમ કરવું જોઈએ.

(૨) ડાંગ વિસ્તારના વિકાસના પગલાં લીધા બાદ તેનું બીજું એક પાસું એ છે કે આ વિસ્તારની વધતી વસ્તી, જંગલ વિસ્તાર, (જંગલના પ્રતિબંધો, પ્રશ્નો) અને શિક્ષણના અલ્પ પ્રમાણ જેવા અનેકવિધ કારણોને લીધે રોજગારીના પ્રશ્નો આજે જણાય છે. પરંતુ આદિવાસીઓની સામાજિક, આર્થિક સ્થિતિ, વસ્તી વધારો અને શિક્ષણ જેવી સ્થિતિને લઈને કમનસીબે આજે પણ તેમને રોજગારી મળવી જોઈએ એ આઝાદીના અર્ધી સદીનો ગાળો થયો હોવા છતાં શક્ય બની નથી. એટલે હવે પછીના વિકાસ કાર્યક્રમો માટે આ બધી પરિસ્થિતિને ખ્યાલમાં રાખીને તેને સંબંધિત પગલાં લઈને વિસ્તાર અને વિસ્તારના લોકોના વિકાસ માટેના કાર્યક્રમો ઘડવા જોઈએ જેથી જે પરિસ્થિતિ પાછળના વર્ષો વિતતા પછી જોઈએ છે તે પુનઃઊભી થાય નહિ.

(૩) આદિવાસી પેટા યોજનાનું એક વિશિષ્ટ લક્ષણ એ છે કે આ યોજનાઓ સ્થાનિક વિસ્તારની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ઘડવામાં આવતા હોવાથી નિયત વર્ગના સમયગાળામાં ત્યાંના આદિવાસીઓનું જીવન ધોરણ સુધારવાનો તેમજ રોજગારીની વધુને વધુ તકો ઊભી કરવાનું લક્ષ્ય રાખવામાં આવે છે. ડાંગમાં

પણ એ થયું એટલે આ હેતુઓને ધ્યાનમાં રાખીને વિકાસ પ્રયત્નોનું મૂલ્યાંકન કરવામાં આવે તો સ્પષ્ટ રીતે જોવા મળશે કે આટલી પંચવર્ષીય યોજનાઓ દરમ્યાન થયેલા વિકાસના પ્રયત્નો ડાંગના આદિવાસીઓના માળખાકીય વ્યૂહરચના ઊભી કરી શક્યા નથી, તેનું મૂળ કારણ એ છે કે ડાંગના આદિવાસીઓની અર્થવ્યવસ્થા જંગલ આધારિત છે જે આજે પણ ડાંગના મોટાભાગના આદિવાસીઓની અર્થવ્યવસ્થામાં જંગલોનું સ્થાન કેન્દ્ર સ્થાને છે. એટલે જંગલ આધારિત અર્થવ્યવસ્થાને ધ્યાનમાં રાખીને તેમની માટે વિકાસ-લક્ષી યોજનાઓ ઘડવી જોઈએ. જંગલને બાદ કરીને તેના વિકાસ કર્યા વિના ડાંગના આદિવાસીઓના વિકાસ શક્ય બની શકે નહિ.

(૪) જંગલ વિભાગની નીતિમાં સ્થાનિક જરૂરિયાતો ધ્યાનમાં રખાતી હોવા છતાં પણ તેમાં રોકાણની નીતિ તો વિશાળ જનસમુદાયની અર્થવ્યવસ્થાના સંદર્ભમાં જ મૂલવવામાં આવે છે. અને જંગલના વિકાસમાં જે કંઈ રોકાણ કરાય તેની પાછળ વ્યાપારી હેતુઓ રહેલા હોય છે. કેટલાક જંગલના આદિવાસીઓ માટેના પ્રતિબંધો આ વિસ્તારના આદિવાસીઓનો વિકાસને આડે આવે છે. તેને શક્ય એટલા હળવા કરવા કે ઉપાય કરવા જોઈએ.

(૫) ડાંગમાં ખેતી જંગલ પછી દ્વિતીય સ્થાન ધરાવે છે પણ અહીંની જમીન ખાડા-ટેકરાવાળી અને નબળી જમીન અને સિંચાઈની સગવડ ઉપલબ્ધ ન હોવા જેવા કારણોને લીધે ખેતીના વિકાસમાં મર્યાદાઓ આવી જાય છે. તેમની ખેતીની જમીન તરફ પૂરતું ધ્યાન આપીને તેને સરખી કરવી, તેમાં ખાતર વગેરે માટેની વ્યવસ્થા ગોઠવવી તેમાં કયા સેન્દ્રીય તત્ત્વો જરૂરી છે તે શોધી ઉપાય કરવા જોઈએ.

(૬) અહીંનો ભૌગોલિક વિસ્તાર જ એવો છે કે જ્યાં મોટાભાગની જમીન ખાડા - ટેકરાવાળી તેમજ ઢોળાવવાળી છે. નદીઓની ઝાડીનો વિસ્તાર છે. એટલે જ્યારે અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ થાય ત્યારે ખૂબ સહન કરવું પડે છે. એટલે જમીનની માવજત સાથે સાથે

પાણી સંગ્રહ કરીને સિંચાઈનું ગોઠવી ખેતી માટે જ્યાં શક્ય બને ત્યાં વ્યવસ્થા ગોઠવવી જોઈએ જેથી વર્ગોથી જે ડાંગના માટે સિંચાઈ સુવિધાનો અભાવ છે તે કંઈક અંશે ઉકેલ જડશે અને રાજ્યના સૌથી વધુ વરસાદવાળા ડાંગ વિસ્તારને ચોમાસા સિવાયની ઋતુઓમાં સિંચાઈ ઉપરાંત પીવાના પાણી માટે વલખાં મારવા પડે એ કેવી વિચિત્ર વાત કહેવાય.

(૭) ડાંગીઓ હજુ પણ મોટાભાગે પરંપરાગત પાક જ લેતા હોય છે. તેમાંય રોકડીયા પાકો તરફનું વલણ ઓછું જોવા મળે છે. ઉપરાંત ખેતી કરવાની પધ્ધતિ જૂની પૂરાણી અનુસરીને વૈજ્ઞાનિક પધ્ધતિને શંકાની નજરે જુએ છે. તેમાંય ધાર્મિકતાનો પ્રભાવ હજી જળવાયેલો છે. જૂની વિશિષ્ટ પધ્ધતિ, આદર પધ્ધતિ, હજી પ્રચલિત છે. જેને લઈને વધારે મહેનતે ઓછા પાક થાય છે. તો તેમના નવા જ પાકો તેમાંય રોકડીયા પાકો તરફનું વલણ કેળવાય અને નવી વૈજ્ઞાનિક પધ્ધતિનો સમજ અપાય અને શક્ય હોય ત્યાં નમૂનારૂપ નિદર્શન કરીને તેમને નવીનીકરણ તરફ પ્રેરવા જોઈએ.

(૮) જ્યાં જ્યાં ખેડૂતો સ્થિતિને લીધે બળદો કે સાધનો ખરીદી શકતા નથી કે નવીન પાકો કરવા માટે બિયારણ, ખાતર, દવાઓ નથી અપનાવી શકતા તેમને માટે હજુ વધુ સહાયોના ધોરણો અપનાવવા જોઈએ. કારણ કે જંગલ પછી ખેતી ડાંગીઓના જીવન નિર્વાહ માટે એક સૌથી મોટું પાસું છે.

(૯) ડાંગીઓમાં દારૂ પીવાનું પ્રમાણ વધારે જોવા મળે છે. વર્ષની કમાણી દારૂ પીવામાં વાપરી કાઢે છે. કપડાં પહેરવા કે સાંજે જમવા ન મળે તો ચાલે પણ દારૂ પીવા માટે અનાજ કે પૈસા છૂટથી વાપરી નાખે છે. તેથી કેટલાક આર્થિક રીતે ખૂબ જ ગરીબ બની જાય છે. તેઓ ખેતી કરવામાં ધ્યાન આપતા નથી. પોતાની જમીન બીજાને ભાડે આપી એ જ જમીન ઉપર ખેતમજૂરી કરે છે. એટલે આ ડાંગી પ્રજાને દારૂ પીવાની લતમાં છોડાવવા માટે શક્ય બને ત્યાં જરૂરી કાર્યક્રમો ગોઠવી તેમના સારા ભાવિ માટે શિક્ષણ આપીને પ્રયત્ન કરવા જોઈએ.

(૧૦) ડાંગીઓ બજાર વ્યવસ્થાને અભાવે ખૂબ લુંટાય છે. તેમની ચીજવસ્તુઓ હાટમાં કે બીજે સસ્તી કિંમતે વેચાય છે અને તેમને બહારની તેમની જરૂરિયાતો મોંઘા ભાવે ખરીદવી પડે છે એટલે જ્યાં શક્ય હોય ત્યાં તેમને માટે બજાર વ્યવસ્થા જેવું ગોઠવાય અને તેમને તેમની ચીજવસ્તુઓના ભાવ મળતા થાય તેમ ગોઠવવું જોઈએ.

(૧૧) ડાંગમાં ગ્રામ વિકાસ અધિકારી કે બીજા સંબંધિત અધિકારીઓ શહેરોની તુલનામાં આદિવાસી ગામડાઓમાં સુવિધા ન હોવાથી મુખ્યત્વે હેડ ક્વાર્ટર્સ પર જ ઉપલબ્ધ રહે છે શક્ય હોય ત્યાં રહેઠાણ અને સુવિધા પૂરી નથી ગામડાઓના લોકો સરકારી યોજનાઓથી માહિતગાર થતા નથી. ખેતીનું વૈજ્ઞાનિક જ્ઞાન આપવામાં તેમની ધાર્મિક માન્યતાઓ અને પરંપરાઓને કારણે સંબંધિત અધિકારીઓને આપી શક્યા નથી. એટલે તેમને ડાંગીઓની આવી જાતની પરિસ્થિતિમાંથી બહાર કાઢવા હજુ નવીન ખ્યાલો પ્રચાર કરી સમજ આપવી જોઈએ.

(૧૨) ડાંગમાં સ્થાનિક કક્ષાએ રોજગારોનો અભાવ હોવાથી અન્ય પ્રદેશમાં, વિસ્તારોમાં તેઓને સ્થળાંતર કરવું પડે છે ત્યાં તેમનું શોષણ થાય છે અને દયાજનક પરિસ્થિતિમાં રહીને નિર્વાહ કરવો પડે છે. તો હજુ વધુ પરિસ્થિતિ વણસે તે પહેલાં જરૂરી સ્થાનિક રોજગારી માટે નવા વ્યવસાયો ઊભા કરીને સ્થાનિક જગ્યાએ રોજગારી મળી રહે તેવા પગલાં લેવા જોઈએ.

(૧૩) આ ઉપરાંત વિકાસની પ્રક્રિયામાં આદિવાસીઓ ભાગ લઈને પોતાને ફાળો આપી શકે એ માટેની પરિસ્થિતિ ઊભી કરવાના પ્રયત્નો લગભગ સંપૂર્ણપણે કરવામાં આવ્યા નથી. યોજનાઓના અમલમાં ભીલ લોકોને ખાસ જોતરવામાં આવતા નથી. આ રીતે ડાંગના આદિવાસી સમાજમાં વિકાસના કાર્યક્રમો એક યા બીજી રીતે કોટિક્રમ મજબૂત કરવા પ્રોત્સાહિત કરે છે આદિવાસી પેટા-યોજનાના જે હેતુઓ અને લક્ષ્યો હતા. તેનાથી વિપરીત પરિસ્થિતિ ડાંગમાં ઊભી થયેલી છે. જો ભીલ લોકોને નિર્જન અવસ્થામાં છોડી

દેવામાં આવે અને કુનબીઓને લાભો ચાલુ રાખવામાં આવે તો ગંભીર પરિસ્થિતિ ઉભી થઈ શકે અને આ પ્રક્રિયા ઉભી થયેલી જ છે. જે આપણે મોટી સંખ્યામાં ભીલ લોકો મંજૂરીની શોધમાં બહારગામ સ્થળાંતર કરી જાય છે તે દ્વારા જોઈ શકીએ કે આદિવાસીઓના આર્થિક વિકાસનો હેતુ એ છે કે આર્થિક તકોને તેમના ઝૂંપડા સુધી લઈ જવો જોઈએ. પરંતુ ડાંગમાંથી ભીલ લોકો મોટા પાયા ઉપર મોસમી સ્થળાંતર કરે છે એ ધારણા સાચી હોય તો ભીલ લોકોના આર્થિક વિકાસ માટે નાના આપણા પ્રયત્નોના પરિણામો ઘણા દૂર છે. આ પરિસ્થિતિમાં ભીલ લોકો માટે ખાસ કાર્યક્રમો બનાવીને તેમને તૈયાર કરવા માટે મોટા પાયા ઉપર પ્રયત્નો કરવાની જરૂર છે. અને ભીલ લોકો માટે લાભદાયી કાર્યક્રમો શરૂ ઘડવાની બાબતમાં પણ આવા કાર્યક્રમો તેમને બંધ બેસતા હોય એ પણ જોવું જોઈએ. તેમજ ભીલ લોકોના આર્થિક વિકાસની વ્યૂહરચના સાથે સંબંધિત પણ હોવા જોઈએ. ડાંગમાં આદિવાસી વસતિમાં ભીલ લોકોના ૩૩ ટકા હિસ્સો છે વળી જેમની આર્થિક સ્થિતિ ખૂબ જ વિપન્ન છે એવી જાતિઓના નક્કી કરાયેલા કુટુંબો આવરી લેવા અધિકારીઓને જવાબદાર ઠેરવવાનું પણ સૂચવવામાં આવે છે. જો આ પ્રમાણેના પગલાં લેવામાં નહિ આવે તો એવો પણ વખત આવશે જ્યારે કોટવાળિયા, કોલઘા અને કાથોડીની જેમ ભીલ જાતિને પણ આદિમ જાતિ તરીકે જાહેર કરવી પડશે.

(૧૪) પશુપાલનની આખી ટેકનોલોજી, દૂધ અને તેના વિશે આદિવાસીઓનું વ્યવહારુ જ્ઞાન ઘણું જ ઓછું છે. તેઓ દૂધાળા ઢોરને પરંપરાગત રીતે તેમના સામાજિક પ્રસંગે (લગ્ન)માં આપવા માટે કરે છે. દૂધાળા ઢોરનું તેમના પોતાના અર્થતંત્ર સાથે, નિર્વાહ સાથે ખૂબ ઓછું સંબંધિત છે. દૂધ જે તેઓ ગાયના વાછરડા-વાછરડી કે ભેંસના પાડા-પાડીને માટે જ છે તેવું વિચારી તેમાંથી ડેરી સાથે સાંકળી કંઈ મેળવતા ન હોય એવું જોવા મળે છે એ માત્ર ખેતી માટે બળદ કે પાડાનો ઉછેર કરે છે. અને તેમાં ઉપયોગ કરે છે. એટલે ડાંગમાં દૂધાળા ઢોર આપવાની યોજના અમલી બનાવી ત્યારે જોઈએ તેટલી સફળ થવા પામી નથી. એટલે યોજના અમલી બનાવતા પહેલાં પશુપાલન અંગેની ટેકનોલોજી અને ડેરી સાથે સાંકળી ખેતી પૂરક વ્યવસાય તરીકે જોડી તેમાંથી કેટલી આવક પ્રાપ્ત કરી

શકાય તેવી જો સમજ આપી દૂધાળા ઢોર આપવાની યોજના બનાવી હોત તો જરૂર સફળતા મળત.

(૧૫) જ્યાં સુધી ડાંગી જીવનનાં બધા પાસાઓ ને અભ્યાસને પ્રશ્નો સાથે જોડીને બહુદકાયમિક અભ્યાસો નહિ કરીએ ત્યાં સુધી એ ખબર નહિ પડે કે ડાંગના આદિવાસીઓ પોતાના સમાજનાં પરિબળોથી ગરીબ છે કે તેને માટે બૃહદ સમાજ જવાબદાર છે. કારણ કે ડાંગમાં આઝાદી પછી અનેક કાર્યક્રમો વિકાસના થયા જેમાં રસ્તાઓ, વિજળી, હોય કે ખેતીના સુધારા હોય કે પશુપાલન હોય તેમાં તેમ છતાં જરૂરી વિકાસ લાવી શકાયો નથી.

(૧૬) ડાંગીઓમાં શિક્ષણનું પ્રમાણ અહીંનો દરેક આદિવાસી જાતિઓમાં ખૂબ જ અલ્પ પ્રમાણમાં જોવા મળે છે. અહીંનો ભીલ, કોલધા, કોટવાળિયા, કાથોડી જાતિઓમાં તો નહીંવત માત્રામાં શિક્ષણનું પ્રમાણ જોવા મળે છે. એટલે જ્યાં સુધી શિક્ષણ તેમનામાં નહીં હોય ત્યાં સુધી તેમનો અને વિસ્તારનો વિકાસ કરવો શક્ય નહીં બને. કારણ કે જે વિસ્તારોમાં અને જાતિઓમાં શિક્ષણનું પ્રમાણ વધવા પામ્યું છે ત્યાંની આદિવાસીઓ જાતિઓ વિકાસ યોજનાઓનો અને વ્યક્તિગત વિકાસ સાધેલો જોવા મળે છે. એટલે ડાંગમાં શિક્ષણ માટેના અસરકારક પગલાં લઈને પણ એ માટેના પ્રયત્નો કરવા જોઈએ.

**

ડાંગના ડાંગીઓના ભાવિ વિકાસ માટે શું કરવું જોઈએ તેના થોડા સુઝાવો, વિગતો જોઈ સરકાર અને લોકોએ એ વિશે શું કરવું જોઈએ, ~~તે જોઈએ~~ તે જોઈએ તો સરકાર પ્રજાના વિકાસનો અને કલ્યાણની જવાબદારી સંપૂર્ણ ઉઠાવે છે અને તે પૂરી કરવા પ્રયત્નો કરી કામો કરે છે. તેથી સુખ-સગવડોની દ્રષ્ટિએ વિચાર કરીએ તો રસ્તા, વિજળી, અને એવી બીજી અનેક પ્રગતિ થયેલી જોવા મળે છે. પરંતુ સરકાર જેમ જેમ પ્રજાના કલ્યાણની જવાબદારી પોતાના શીરે વધારે ને વધારે ઉઠાવતી જાય છે તેમ તેમ પ્રજા વધુને વધુ આશ્રિત બનતી જાય છે. અને પ્રજામાં એક પ્રકારની પંગુતા આવતી જાય છે. આ સમાજના અને વ્યક્તિના વિકાસની સૌથી નબળી કડી છે. એટલે વ્યક્તિના વ્યક્તિત્વનો વિકાસ ન થાય, પ્રજામાં પુરુષાર્થ ન પ્રગટે તો સરકારથી બધો સુખ -

સગવડો કે વિકાસ થઈ જશે એ માન્યતા સાચી નથી કેમ કે તેમાં રાજય સરકારની પણ મર્યાદા છે. એટલે રાજય સરકારે પ્રજાને આયોજન દ્વારા તેનો પોતાનો વિકાસ કરવાની અને તે માટે પુરુષાર્થ કરવાની સ્થિતિ નિર્માણ કરીને વિકાસ સાધવાનો રસ્તો અપનાવવો જોઈએ. આપણા આયોજનમાં લોકશક્તિ અને રાજય શક્તિનો સમન્વય થવો જોઈએ. પરંતુ પ્રજામાં પોતાની જવાબદારીની ભાવના કેળવવાનો સવાલ મોટો છે. અને એ થશે તો અસમાનતાનો મોટો ખાઈ ઉભી થઈ છે. તેમાં નોંધપાત્ર પરિવર્તન xxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxx જોઈ શકાશે. આયોજન અને રચનાત્મક કાર્યક્રમોના આટલા વર્ષોના આપણા સઘળા પ્રયત્નો હજુ ત્યારે જ સફળ થશે જયા પ્રજા પોતાનો આભક્રમ અને પુરુષાર્થ પ્રગટ કરી જવાબદારીની ભાવના કેળવી પોતાને માટેના જ કાર્યક્રમોમાં છે, એ xxxx સમજશે સરકારની સાથે પ્રજા એ સમન્વય નહીં કરે તો જે દુઃખદ ચિત્ર આજે ખડું થયેલું છે તેનાથી અત્યંત દુઃખદ ચિત્ર બિહામણું બનીને તેનસ સામે ઉભેલુ જોવા મળશે. અને ત્યારે પણ તેનો સ્વીકાર કર્યો વિના ચાલશે નહીં.

એટલે જ ડાંગ જિલ્લાનો આર્થિક રીતે અને સર્વાંગી રીતે અભ્યાસ કરવો જોઈએ કારણ કે આ જિલ્લો સૌથી પછાત અને અલ્પ-વિકસિત છે. તેથી જિલ્લાને અને તેના પ્રજાને આર્થિક રીતે પછાત રાખનારા પરિબળોને હજુ વધુ ઉંડાણથી તપાસી તેના વિકાસ માટેની કઈ કઈ શકયતાઓ છે તેની માહિતી તથા સ્થાનિક ઉપલબ્ધ સાધનો દ્વારા કયા પ્રકારના ઉદ્યોગ-ગૃહઉદ્યોગ સ્થાઈ રોજગારીની કેટલી તકો વધારી શકાશે એ કરવું જોઈએ.